૭૮૬

દીબાચો.

મહાન પુરૂષોના કામો; વચનો અને તેમની રહેણી કરણી જગતને કલ્યાણકારી નિવડે એવી હોય છે. એવા નામવરોના જીવહાશ્રમાં કુદરતની કૃપાનો સદા વાસ થએલો રહેછે. એથી તેમના મુખમાંથી જે વચનો નીકળે છે તે અમૃતમય અને કલ્યાણકારી હોય છે.

પીર મોટા મીયાં સાહેબ પણ તેવા મહાત્મા હતા, એમ આ કિતાબ વાંચનારા જાણી શકશે.

કાળે કરીને પીર સાહેબના ચમત્કારો વિસ્મૃત થવા ન પામે તથા મુરીદો અને ભક્તિ ભાવથી જોનારા અન્યજનોને વારંવાર તેનું મનન કરવાનું બને એટલા માટે કિતાબ રૂપે તેને સંગ્રહી રાખવા આ પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ ચમત્કારો—પાછા—મુંબઈ ખાતે પ્રગટ થતા રોજીંદા ઇસ્લામી વર્તમાનપત્ર અખબારે ઇસ્લામમાં પ્રથમ પ્રગટ થએ‌લા હતા તે ઉપરથી તથા પીરની ગાદીના કેટલાક મુરીદો તરફથી કેટલીક હકીકત મળેલી તે ઉપરથી આ કિતાબ પ્રગટ થવા પામી છે.

આ "ચમત્કારોજ" દિબાચા રૂપે છે એટલે દિબાચાની તેને જરૂર નથી તોપણ આટલું ખુલાસા રૂપે જણાવવું ઠીક લાગ્યું છે.

આશા છે કે મુરીદો અને ભક્તિ ભાવથી જોનારા અન્ય જનો આ પડછા સહર્ષ પડશે (વાંચશે) અને સવાબે દારેન હાંસીલ કરશે.

સદર બજાર
મુ. કડી—(ગુજરાત) } પ્રસિદ્ધ કર્તા.

બીજી આવૃત્તી.

પહેલી આવૃત્તિની તમામ નકલો ટુંક મુદતમાંજ ઉપડી જવાથી તેમજ લોકો તરફથી હજુ માગણી ચાલુ હોવાથી આ બીજી આવૃત્તિ બહાર પાડવામાં આવેછે.

આ પુસ્તક ગાયકવાડી રાજ્યમાં ઈનામ તરીકે બાળકોને વહેંચવા માટે તથા લાયબ્રેરી ખાતે મંજુર થવાથી ખાતા નો ઘણો ઉપકાર માનવામાં આવે છે.

૭૮૬

માંગરોલ વાળા મહાન

પીર મોટામીયાં સાહેબ.

(ચિસ્તી યુલ કાદરી) ના પડછા.

ભરૂચ અને સુરત વચ્ચે આવેલા કોસંબા–ઝંખવા રેલવેના પ્રખ્યાત માંગરોલ ગામમાં વડા પીર સૈયદના હજરત મોટામીયાં સાહેબની દરગાહ છે. તેમનો ઓરસ દર વરસે પોસ સુદ બીજને રોજ મોટી ધામ ધુમથી માંગરોલમાં થાય છે. આ પીર સાહેબ પ્રખ્યાત વેજીટેરીઅન મહાત્મા પીર સૈયદના શાહ કાયમદીનબાવાસાહેબના ભાઈ પીર ઈનાયતમીયાં સાહેબના દીકરા હતા. તેમનો જન્મ આજથી આસરે બસો વરસ ઉપર અમદાવાદ પાસેના કડી ગામમાં થયો હતો.

કુરાન શરીફ એકદમ મહોડે.

પાંચ વરસની ઊમરે તેમને મદરસામાં મુકવામાં આવ્યા હતા. અરબી મદરસામાં જે છોકરા વધારે શીખેલા હોય છે

તે પાછળનાઓના સબક (પાઠ) આપે છે. તેમ આ મદરસામાં પણ થતું હતું એક દિવસ જે છોકરો તેમને સબક આપતો હતો તેણે ઉસ્તાદ (મહેતાજી) ને કહ્યું કે મોટા મીયાં બરાબર સબક યાદ કરતા નથી. તે ઉપરથી ઉસ્તાદે તેમને પોતાની પાસે બોલાવી સબક વાંચવા કહ્યું. હજરત તે વખતે અમ્માનો સુપારો (કુરાન શરીફનું પ્રથમ પ્રકરણ) શીખતા હતા ત્યાંથી તેમણે વાંચવાનું શરૂ કર્યું અને વાંચતાં વાંચતાં અડધા કુરાન શરીફ સુધી આવી ગયા. આ જોતાં ઉસ્તાદ તથા બીજા હેરત પામી ગયા ત્યારથી તેમને સબક વાંચવાનું કોઇ કહેતું નહી. ઉસ્તાદે કહ્યું કે એતો માના પેટ શીખીને આવેલા છે એમને શીખાડવાની કાંઇ જરૂર નથી.

કાંકરાની સાકર

એક દિવસ મદરસામાં કોઈ નવો છોકરો દાખલ થવાથી તેના બાપ તરફથી છોકરાઓને સાકર વહેંચવામાં આવી. આ વખતે કેટલાક છોકરાઓ હાજર નહીં હોવાથી રહી ગયા. જ્યારે તેઓ આવ્યા ત્યારે શાકર નહીં મળવાથી દીલગીર થવા લાગ્યા. મોટા મીયાં સાહેબે કહ્યું કે શું સાકર જોઇએ છે ? એમ કહી પોતે મદરસાના કમ્પાઊન્ડમાં પડેલા કાંકરા લઇ તેની ઉપર ફુંકમારીને પેલા છોકરાઓને હાથ ધરવા

કહ્યું. જેવા તેઓ લેવા જાય છે તેવાજ તેમના હાથમાં સા-
કરના ગાંગડા આવ્યા. આથી છોકરાઓએ અજાયબ થઇને
ઉસ્તાદને આ હકીકત કહી. તેથી ઉસ્તાદ તેમની તરફ મા-
નની નજરથી જોવા લાગ્યા. બે ત્રણ વરસ તેઓ મદરસામાં
રહ્યા પણ કદી ઉસ્તાદે તેમને સબક પઢાવ્યો નથી. તે પછી
એક બુઝુર્ગ પાસે ફારસી તથા અરબી શીખવા લાગ્યા.
તેમની પાસે પાંચ વરસ તેમણે સારો અભ્યાસ કર્યો અને
અરબીમાં પ્રવિણતા મેળવી.

ધુળના ગોળા લાડુ થઇ ગયા.

બાર વરસની ઉમરમાં એક દિવસ તેઓ કડીના તળાવ
તરફ બીજા છોકરાઓ સાથે ફરવા ગયા હતા. ત્યાં છોકરાઓ
ધુળના ગોળા બનાવીને ઉડાવતા હતા, અને ગમ્મત કરતા
હતા. એક છોકરાના હાથમાંથી ધુળના બે ગોળા લઇને પોતે
કહ્યું કે ચાલો લુગડું ધરો અને ખાવા તૈયાર થઇ જાઓ.
છોકરા તૈયાર થઇ લુગડું ધરી ઉભા રહ્યા, અને પોતે પેલા
ગોળા આકાશ તરફ ફેંક્યા, જેવા પેલા ગોળા ધરેલા લુગ-
ડાંની ફાંટમાં પડયા તેવાજ લાડુ થઇ ગયા. અને બધા
હરખભેર ખાવા લાગ્યા. તળાવ ઉપર આ કરામત જોઇ
ઘણા લોકો ભેગા થઇ ગયા. ત્યારે પોતે કહ્યું કે લુગડું ઢાંકીદો
અને બધાને આપતા જાઓ. કહે છે કે આ વખતે તળાવ

ઉપર હાજર હતા તે તમામ લોકોએ આ લાડુ ખાધા હતા. તોપણ પાછળથી જોયું તો હજુ લુગડામાં કેટલોક ભાગ કાયમ હતો. તેમના પીતાને આ બાબતની ખબર પડતાં તેમણે હજરતને આવી કરામતો દેખાડવા મનાઈ કરી તેથી પોતે ચુપ થઈ ગયા. કહે છે કે કડીમાં તેમણે કબરસ્તાનનાં દસ છિલ્લા, તળાવના બાર છિલ્લા, કુવાના પંદર છિલ્લા, અને બીજા પરચુરણ પચીસ છિલ્લા એરીતે બાસઠ છિલ્લા કર્યા હતા. છ મહીના ઘર આગળ ભોંયરામાં રહી સમાધીનો પ્રયોગ કર્યો હતો.

સવાશેરની ખીચડીમાં સો માણસ જમાડયા.

જેમ જેમ ઉમર વધતી ગઇ તેમ તેમ તેમની ખ્યાતી પણ વધતી ગઇ અને દુર દુરથી લોકો જોવા માટે આવવા લાગ્યા. હજારો જણાને મુરીદ કરી રસ્તે લાવ્યા. સીધપુર—પાલનપુર, ખેરાળુ, વડનગર, ઊંઝા, લુણુવા, દાસેજ, પાટણ, મહેસાણા, વીસનગર, વીરમગામ, માંડલ, વીજાપુર, ભાલક વીગેરે આસપાસના ગામોના લોકો ઘેર આવી તેમના મુરીદ થયા હતા.

એક દિવસ પોતે ઘર આગળ હતા તેવામાં પાલણપુર, ખેરાળુ અને વડનગર તરફના ઘણા લોકો ત્યાં દીદાર કરવા આવી પહોંચ્યા. તે વખતે નોકરે એક હાંડલીમાં સવા શેરની ખીચડી ચુલે મુકી હતી. તે તૈયાર થઈ ગઈ હતી. નોકરે

પીરને આવીને કહ્યું કે મેંતો સવાશેરની ખીચડી રાંધી છે અને અહીં તો સો માણસ આવી ચડયાં છે. ત્યારે પોતે કહ્યું કે લે આ મારી પીછોડી લઇ જા અને હાંડલી ઉપર ઢાંકીને બિસ્મિલ્લા બોલીને કહાડતો જા તારે હાંડલીમાં જોવું નહીં. પેલાએ જઇને હાંડલી ઉપર પીછોડી ઓઢાડી બિસ્મિલ્લાહ બોલી ખીચડી પીરસવા માંડી. સો માણસ ખાઇ રહ્યા તો-પણ પાછળથી જોયુંતો ખીચડી તેટલીને તેટલી હતી.

પેલા આવેલા માણસો નજરો નજર જોતા હતા કે આટલી નાની હાંડલીમાંથી આટલી બધી ખીચડી નીકળે છે શાથી. ખાઇ રહ્યા પછી પીરે નોકરને કહ્યું કે કેમ બધા મા-ણસો ખાઇ રહ્યા ? ત્યારે તેણે કહ્યું કે હા બાવા સાહેબ, આપની પીછોડીની બરકતથી બધા ખાઇ રહ્યા. પીરે કહ્યું કે ભલા માણસ, લુંધીનું ગજું શું કે આટલા બધા માણસ ખવડાવે એતો બિસ્મિલ્લાહની બરકતનું પરિણામ છે. એમ કહી બિસ્મિલ્લાહની ખુબીઓનું વર્ણન કરી બતાવ્યું.

કડીથી નીકળવું.

આ વખતે ઘણા ખરા પીરજાદાઓ કડીમાં કાજી (કાલી) શેરીમાં રહેતા હતા પીર મોટા મીયાં સાહેબનો મુકામ પણ

પહેલાંથી ત્યા આગળજ હતો.[1] પણ કડીમાં પીર અનસારી (હમસારી) સાહેબ જેઓ પીર મોટાંમીયાં સાહેબના વડીલો સાથે આ તરફ આવ્યા હતા અને જેઓ ચિસ્તીયા સંપ્રદાય ના એક મહાત્મા હતા તેમની દરગાહનો વહીવટ પીર મોટા મીયાં સાહેબના વડીલોના હસ્તક હોવાથી તે વખતે પીર મોટામીયા સાહેબ ઘણો ખરો વખત ત્યાં દરગાહમાંજ રહેતા હતા. પીર અનસારીના કંપાઉન્ડમાં કબરસ્તાન તરફના જાળીવાળા દરવાજાથી પેસતા ડાબા હાથ તરફ પીર સાહેબના એક બે વડીલોની કબરો પાકા ચોતરા ઉપરછે.[2] તેની સામું પ્રથમ એક નાનુ મકાન હતું તેમાં ઘણો ખરો વખત પીર મોટા મીયાં સાહેબ ગુજારતા હતા.[3] મુરીદો પણ તેમના દીદાર માટે ઘણો વખત અહીંજ આવતા હતા. કરામતનો શોરો વધારે

૧ હાલ પણ ત્યાં કેટલાંક મકાનો હાલના પીર મોટામીયાં સાહેબના કબજામાંછે. એક ઘરમાં તો પીરનો પલંગ પણ છે.

૨ પીર મોટામીયાં સાહેબે કડીના મનસુરી હાજી મુજાવરના દાદાને પીર અનસારી સાહેબની મુજાવરી કરવાનું કામ સોપ્યું હતું જેથી એ મનસુરીનું કુટુંબ ' મુજાવર તરીકે ઓળખાય છે."

૩ પીર મંહુમદ ઝાહેદ ચિસ્તી તથા પીર બદરૂદીન મસ્તાન ચિસ્તીની કબરો ત્યાં આગળ છે. હાલ એ જગા ગંજીના નામે ઓળખાય છે.

થવાથી લોકો તેમને જંપીને બેસવા દેતા નહીં, તેથી તેમણે ત્યાંથી બહારગામ નીકળી જવાનો વિચાર કર્યો. પીર સાહેબ એક દિવસે લોકોને ખબર આપ્યા સીવાય કડીથી નીકળી ગયા તેમના જવા પછી લોકોએ ધોરણ બાંધ્યું કે નેક કદમ ગામમાંથી જવાથી જરૂર કાંઇ નડતર આવશે. અને એમજ થયું કારણ કે પાછળથી મલ્હારરાવના સમયમાં કડીમાં દંગો થયો હતો.

પાણી ઉપર ચાલી માંગરોલમાં

પોતાના દાદા હજરત બદરૂદીન મસ્તાન સાહેબની પોતાના મુરીદોને લાગેલ બદદુઆ મટાડવા તેઓ પોતાના કાકા સૈયદના હજરત કાયમદ્દીન બાવા સાહેબની માફક ઘણી કોશીશ કરતા હતા અને દેશોદેશ ફરી તેમને ખોળી દીલાસો આપતા હતા. આવી રીતે ખોળ કરતા કરતા તેઓ તાપી અને નર્મદા વચ્ચે આવી ત્યાંના મુરીદોને દીલાસો આપી આગળ વધવા તૈયારી કરતા માંગરોલ ગામમાં આવી પહોંચ્યા. માંગરોલ જતી વખતે આ મંડેરાગામવાળી ખાડી ભરપુર હતી અને પાણી ઘણું હતું. લોકો ત્યાં ખાડી ઉપર નહાતા હતા અને લુગડાં ધોતા હતા. પીર સાહેબે એક જણને પુછયું કે ભાઇ ખાડીમાં પાણી કેટલું છે અને કેમ કરીને

ઉતરાય છે? ત્યારે તેણે કહ્યું કે છાતી સમાણી છે અને અંદર થઈને ઉતરાય છે. જો પેલે પાર જવું હોય તો ઉતરીને જાઓ. પીર સાહેબે કહયું કે લુગડાં ન પલળે એવો કાંઈ રસ્તો છે? ત્યારે તેણે કહયું કે પાણી ઉપર અધ્ધર જાઓ તો રસ્તો છે. જો કરામત કે કાંઇ પાણી હોય તો લુગડાં પલળે નહીં. તે ઉપરથી પોતે ખુદાતાલાનું નામ લઈને પાણી ઉપર પગ મુકયો અને ચાલવા માંડયું. જેમ કોઇ જમીન ઉપર ચાલે છે તેમ પોતે પાણી ઉપર ચાલીને સામી બાજુ સુધી જઇ પહોંચ્યા. એટલે તો ત્યાં હતા તે લોકો હેરત પામી ગયા અને પીર સાહેબની પાછળ દોડયા. પીર સાહેબ તો પોતાના ધ્યાનમાં ચાલ્યા કરતા હતા. લોકોએ જાણ્યું કે ખરેખર કોઈ ઓલીઆ–મહાત્મા છે. તેથી તેઓ તેમની પાછળ પાછળ માંગરોલ સુધી ગયા અને ત્યાંના લોકોને ઉપરની હકીકત કહી. ત્યાંનાં લોકો પણ એ હકીકત સાંભળી ઘણાં અજાયબ થયા. પીર સાહેબ માંગરોલમાં થોભ્યા એટલે તો આખું ગામ ભેગું થઇ ગયું. માંગરોલ ગામ તે વખતે ઘીચ જંગલમાં હતું અને ત્યાં એવી ઝાડી હતી કે વાઘ બોલાબ્યો બોલ દેતો હતો. આસપાસ માત્ર જંગલ હોવાથી તેમ લોકોની બ્હોંસ ઘણી હોવાથી પીર સાહેબ ત્યાં થોભ્યા.

વાઘનું આવી હાજર થવું.

બીજે દિવસે ઘણા લોકો તેમની સેવામાં હાજર થયા અને તેમની વાણીનો પ્રસાદ લેવા લાગ્યા લોકો બેઠા હતા તેવામાં એક મોટો વાઘ પણ ત્યાં આવી પહોંચ્યો, વાઘને જોઈ લોકો ગભરાવા લાગ્યા અને બેચેન થઈ નાસવા જતા હતા તેવામાં પીર સાહેબે કહ્યું કે ગભરાશો નહીં. એ પણ તમારી માફક મને જોવા આવ્યો છે. પીર સાહેબના કહેવાથી તથા વાઘના શાંત પણે બેસી જવાથી લોકો અજાયબ થયા અને આ કરામત નજરે જોયાથી પીરને ઘણાજ માનવા લાગ્યા. વાઘ હમેશાં પીરની જગા આગળ આવ્યા કરતા હતા જે લોકો પોતાની નજરો નજર જોતા હતા. લોકોનું ઇમાન ઘણું હોવાથી તથા આસપાસ જંગલ છે તેથી ખુદાની બંદગી કરવાનું ઠીક પડશે વગેરે બાબતોથી પીરે અભરામજી બોબાતના ત્યાં પ્રથમ પોતાનો મુકામ કર્યો અને પછી અલગ ઉતારો લીધો. સુલુકનું જ્ઞાન તેમના વડીલોથી ચાલતું આવ્યું છે તેથી તેનો પ્રસાદ તેમને પણ જોઇએ તેટલો મળ્યો હતો. નાનપણથીજ જ્ઞાનના સંસ્કાર પડેલા હોવાથી તેમનું દીલ ઊઘડેલું હતું.. તેઓ ખુદાનું નુર હમેશાં જોતા હતા અને તેના પ્રેમમાં મસ્ત રહેતા હતા. આખું કુરાને શરીફનું પુસ્તક તેમને મ્હોડે હતું જે તેઓ

હંમેશાં પઢયા કરતા હતા. અરબી, ફારસી, હીંદી, ગુજરાતી, વીગેરે ભાષાઓનું તેમને ગ્નાન હતું તોપણ અભિમાન તેમનામાં જરા પણ ન હતું. તેઓ એક સાધુની માફક પોતાની જીંદગી ગાળતા હતા.

સાપ કરડેલો બેઠો થયો.

એક દિવસ પીર સાહેબ પોતાના મુકામ ઉપર બેઠા હતા તેવામાં એક રજપુતનો ખાટલો આવ્યો. આ ખાટલામાં એક જુવાન રજપુત બેભાન પડયો હતો અને તેના સગાં વહાલાં રોતાં હતાં. એ રજપુતને આગલા દિવસનો સાપ કરડયો હતો અને ઝેર ચઢવાથી એ બેહોસ થઇ ગયો હતો. તેના લાગતા વળગતા તેને પીર સાહેબ પાસે લઈ આવી કહેવા લાગ્યા કે પીર બાપજી, આને સાપ કરડયો છે. ઘણા ઇલાજ કર્યા પણ ઉતરતો નથી અને હવે બેહોસ થઈ મુડદું થઇ ગયો છે. પીર સાહેબે ખાટલો ઉતરાવી પોતાની પાસે મુકાવ્યો અને પાણી મંત્રી તેના ઉપર છાંટવા માંડયું. જેવું પાણી છાંટયું તેવોજ પેલો ઇલમના જોરથી બેઠો થયો અને તેનું ઝેર ઉતરી ગયું. આ જોઈ ઘણા લોકો અજાયબ થયા અને પીર સાહેબને માનવા લાગ્યા.

ખેતરમાં બરકત.

એક દિવસ એક વહોરો પીર સાહેબની સેવામાં હાજર

થઇ અરજ કરવા લાગ્યો કે હું મારા ખેતરમાં ઘણી મહેનત કરૂંછું અને ઘણું ખાતર નાખુંછું તો પણ તેમાં જોઇએ તેટલો પાક થતો નથી. માટે આપ દુઆ કરોકે સારો પાક થાય. પીર સાહેબે ફરમાવ્યું કે ચાલો આપણે તારા ખેતરમાં જાઇએ અને જોઇએ કે કેમ પાકતું નથી. તે ઉપરથી પોતે તેની સાથે તેના ખેતરમાં ગયા અને બધે ફરી માટી ઉપર ઇલમ પડી એ ખેતરમાં છાંટી. અને થોડી માટી ખાતર સાથે મેળવી ખેતરમાં નાંખવા તેને આપી અને કહયું કે આપણને ખુદાતઆલા જે આપેછે તેમાં બીજાઓનો પણ ભાગછે માટે તમારે ખેરાત ખાતે પણ કાંઇક ભાગ કહાડવો જોઇએ. પોતે ફરમાવ્યુંકે વીશ મણે એક મણ ખેરાત ખાતે કહાડજે અને તેને " ફરીદી " નામ આપી જે માણસ માગી શકતા ન હોય તેમને આપજે. એ માણસે એ પ્રમાણે કર્યું અને ત્યારથી તેના ખેતરમાં એવું પાકવા માંડયું કે થોડી મુદતમાં તે માલામાલ થઇ ગયો. આથી "ફરીદી" કહાડવાનો રિવાજ ચાલુ થયો અને ખેરાત એટલે દરજ્જે વધી કે જેને લીધે લોકો ઘણા સુખી થયા અને તેમનામાં પૈસાનો વધારો થયો. હાલપણ કેટલાક લોકો ફરીદી[1] કહાડેછે અને ઘણા સુખી છે.

---

૧ હજરત બાવા ફરીદ શકરગંજના નામથી જે આપવામાં આવે છે તેને ફરીદી કહેછે જે ખરા મુરીદછે તે આ પ્રમાણે કરે છે.

માંગલોરમાં હાલ જે મોટાં ઘરોછે તે પીર સાહેબની દુઆથીજ થએલાં છે. એ ઘરવાળા પીર સાહેબ ઉપર પોતાનો જાન કુરબાન કરતા હતા. અને તેમના ફરમાન પ્રમાણેજ ચાલતા હતા. તેમના હુકમથી જરાપણ ડગતા નહિ હમેશાં તેમની સેવા ચાકરીમાં હાજર રહેતા હતા. પીર સાહેબ હમેશાં ખુદાતઆલાના ધ્યાનમાં રહેતા હતા અને લોકોને સારે માર્ગે લાવતા હતા. તેમના મુકામ પર હમેશાં લોકો હાજર થતા અને માલીકના ગુણ ગાતા પીર સાહેબ તેમની વાણી સાંભળતા અને તેમને સમજણ પાડી જ્ઞાન આપતા આથી ઘણા લોકો માંગરોલમાં આવવા લાગ્યા અને પીરના મુરીદ થઇ જ્ઞાનથી ભાગ્યશાળી થવા લાગ્યા મામલો એટલે સુધી પહોંચ્યો કે મોટા મોટા મહાત્માઓ પોતાના મનની શંકાનો ખુલાસો કરવા પીર સાહેબ પાસે આવવા લાગ્યા પીર સાહેબની કરામતનો શોરો ચો તરફ થયો અને તેઓ તે વખતના "કુતુબ[1]" ગણાવા લાગ્યા.

વાંઝણી ભેંસને દુધ.

કહેછે કે એક દિવસ પીર સાહેબ માંગરોલમાં ખુદાના

---

૧ માહાત્મા—વલી પોતાના જમાનામાં સૌથી વધારે પરીબળ વાળો તથા શ્રેષ્ટ ગણાયછે તેને કુતુબ કહે છે.

ધ્યાનમાં છિલ્લે બેઠા હતા.[1] ત્યારે એક માણુસ પીરને એક બુઢીયું એટલે બચ્ચાં થાય નહિ એવી ભેંશ આપી ગયો. જ્યારે પીર સાહેબ છીલ્લેથી ઉઠયા. ત્યારે લોંડીએ કહ્યું કે એ તો બુઢીયું છે. પીર સાહેબે ફરમાવ્યું કે તું તારે દોહવા બેસ. એ દૂધ આપશે આથી લોંડી દોવા બેઠી. તો પંદરશેર દૂધ દીધું. પછી બાવા સાહેબે લોંડીને કહ્યું કે મેડી ઉપર જઈને ગાગરમાંથી ગોળ લાવીને દૂધ રાંધ લોંડીએ કહ્યું કે ઘરમાં ગોળ થઇ રહ્યો છે. ત્યારે પીર સાહેબે કહ્યું કે તું તારે માળ ઉપર જઈને જો. જેવી પેલી ઉપર જઈને જુએ છે તો પાંચ સાત ગાગરો ગોળની ભરેલી માલમ પડી ગોળ લાવીને લોંડીએ દૂધ રાંધ્યું અને બધાને વહેંચ્યું.

ગામ બચાવ્યું.

એક દિવસ પીર સાહેબ માંગરોલમાં પોતાના મુકામ ઉપર બેઠા હતા. તેવામાં આગની બૂમ પડી. બધા લોકો ગભરાવા લાગ્યા. અને તપાસ કરી તો હિંદુવાડ તરફ આગ લાગેલી જણાઈ. રજપૂતો બધા દોડતા આવ્યા અને પીર સાહેબને આગ વાળી જગા ઉપર લઈ ગયા. પીર સાહેબે

---

૧ ચાલીસ દહાડા નિયમિત આરાધના કરવાને છિલ્લો કહે છે. એનું અસલ નામ ચિલ્લો છે.

ત્યાં જઈ પોતાનો હાથ અધર ઉચક્યો કે પેલી આગ અટકી ગઈ અને બધાઓએ મળી તે ઓલવી નાંખી. આથી આખું ગામ પીરની તાબેદારી કરવા લાગ્યું.

દુકાળ નાબુદ.

માંગરોલના આસપાસના ગામડાઓમાં પીર સાહેબ ફરતા હતા. તેવામાં લોકો ભેગા થઇને પીર સાહેબ પાસે આવ્યા. અને અરજ કરવા લાગ્યા કે હજરત, ચોમાસું અડધું જવા આવ્યું પણ હજુ વરસાદ પડતો નથી. અને લોકોના જીવ અધર છે. માટે આપ દુવા કરો કે અલ્લાહતાલા રહેમત મોકલે. પીર સાહેબ બધા લોકોને લઈ ગામની બહાર ગયા. અને ત્યાં નમાજ પઢી અલ્લાહ આગળ દુવા માગી. એક કલાકમાં એટલો બધો વરસાદ પડયો કે લોકોને ઘેર આવવું મુસ્કેલ થઈ પડયું.

ગળીઓ બળદ ચેતલ.

માંડવી તાલુકામાં તડકેશ્વર ગામમાં પીર સાહેબ પોતાના મુરીદોમાં ગયા હતા. ત્યાં એક સખસ આવ્યો. અને પીર સાહેબ આગળ અરજ કરવા લાગ્યો કે મારો એક બળદ ગાડીમાં કે હોળમાં બીલકુલ ચાલતો નથી. ઘણાએ ઇલાજ કર્યા પણ કાંઇ સુધરતો નથી. માટે આપ દુવા કરો કે એ

ચાલતો થઇ જાય. પીર સાહેબે કહ્યું કે જા થોડો ખોળ અને એક સુતળીનો દોરડો લઇ આવ. પેલો સખસ ખોળ અને દોરડો લઇ આવ્યો. પીર સાહેબે તે મંત્રીને ખોળ બળદને ખવરાવવાનું અને દોરડો તેના ગળામાં બાંધવા કહ્યું. પેલા સખસે જઇને ખોળ ખવરાવ્યો અને દોરડો ગળામાં બાંધ્યો કે ઝટ પેલો બળદ ચાલુ થઈ ગયો. અને પછી એવો સુતર થઈ ગયો કે કોઇ દહાડો અટકયો નહિં.

પાણી ઊપર બીજાને ચલાવવું.

એક દિવસ તેઓ પોતાના મુકામ પર બેઠા હતા તેવા- માં તેમનો એક મુરીદ આવીને કહેવા લાગ્યો કે બાવા સાહેબ મારો ભાઇ ખાડીની સામે પાર ખેતરમાં સવારે ગયો હતો. આજ વરસાદ ઘણો પડવાથી ખાડી ભરાઇ ગઇ છે અને પાણી પુર જોરમાં જાય છે. હવે સાંજ પડવા આવી છે છતાં પાણી ઉતર્યું નથી. મારો ભાઇ સામી બાજુએ ગભરાય છે. માટે આપ મહેરબાની કરી તે આ પાર આવે એવું કરો. નહીંતો જો રાત પડશે તો વાઘ તેને ત્યાં મારી નાંખશે. એટલું કહી તે રડવા લાગ્યો. આથી પીર સાહેબને ઘણી દયા આવી અને તેઓ તેની સાથે ખાડી ઉપર ગયા. ત્યાં જઇને જુએ છે તો ખાડી બંને કાંઠે જઈ રહી છે. અને પેલો માણુસ સામે કાંઠે નીરાશ થઇ બેઠો છે. પોતે ત્યાં મગ-

ફેબની નમાજ પડી અને પછી ખુદાનું નામ લઈ ચાકડીઓ સાથે પાણી ઉપર ચાલી સામે પાર ગયા અને તેનો હાથ પકડી પોતાની સાથે ચાલવા કહ્યું એટલે તે પણ પીરના આસરાથી પાણી ઉપર ચાલવા લાગ્યો. અને તુરત આપાર પીરની સાથે આવી પહોંચ્યો. આ જોઇ ઘણા લોકો તાજુબ થયા અને પહેલાં પીર આ મંડેરાની ખાડીમાં પાણી ઉપર ચાલીને આવ્યા હતા, એ વાત ઉપર તેમને પુરો વિશ્વાસ બેઠો. પેલો બિચારો પીરને નમ્રતા પુર્વક આજીજી કરી પગે પડી પોતાને ઘેર ગયો અને જીવ બચવાથી લાખ લાખ ઉપકાર માનવા લાગ્યો.

સાધુનું કલ્યાણ કર્યું.

એક દિવસ પીર સાહેબ પાસે એક સાધુ આવ્યો આ સાધુ ભરૂચ પાસે શુકલતીર્થ નજીક કબીરવડ આગળ રહેતો હતો. અને વેદાંત વિદ્યામાં ઘણો પહોંચેલો હતો. તેની ઉમર સવાસો વરસની હતી પણ તે સમાધિનો પ્રયોગ કરતો હતો તેથી તેની ઉમર એટલી જણાતી નહોતી. સમાધી કરતી વખતે તેની રૂહ (આત્મા) બ્રહ્માંડમાં થઈ જન્નત (સ્વર્ગ)ના દરવાજા સુધી જઇ પહોંચતી પણ ત્યાંથી આગળ વધવાનો માર્ગ મળતો નહિ. એ સાધુએ ઘણાં ફાંફાં માર્યા પણ કાંઇ વળ્યું નહિ. આખરે તેણે કોઇ માહત્મા પાસે જઇ પોતાની

હકીકત જાહેર કરી કાંઇ ખુલાસો મેળવવાની ઇચ્છા કરી. તે સાધુ પોતાના મુકામ ઉપરથી નીકળ્યો અને ફરતો ફરતો અંકલેશ્વર તાલુકાના ખરોડ ગામે આવ્યો ખરોડ ગામ હાલ મુંબાઇ અને વડોદરા વાળી લાઇન ઉપર પાનોલી સ્ટેશનથી એક ગાઉ થાયછે. ત્યાં તે વખતે હજરત બડા સાહેબ ચિસ્તી કે જે ભજન કલામમાં "બડા" નામથી મશહુરછે તે હયાત હતા. તેમને પેલો સાધુ મળ્યો સાધુને સાધુ મળવાથી આનંદ ની વાતો થવા લાગી. તે દરમ્યાન સાધુએ બડા સાહેબને પોતાની હકીકત કહી. હજરત બડા સાહેબે કહયું કે તમારી ભક્તિ-પ્રયોગમાં કાંઇ ભુલ થએલી લાગેછે. તે ભુલ ખોળી કહાડવી અને તેને ભાંગવી ઘણી મુસ્કેલ છે. તોપણ તમે અહીંથી સાત ગાઉ માંગરોલ ગામછે ત્યાં જાઓ ત્યાં હજરત મોટામીયા સાહેબ એક મોટા વલી માહાત્માછે. આ જીલ્લા માં તેમના જેવો બીજો કોઇ નથી. એ જો ધારશે તો તમારી ભુલ ભાંગશે. સાધુ બડા સાહેબના વચન સાંભળી તુરત ત્યાં થી માંગરોલ તરફ રવાના થયો. જયારે તે માંગરોલ પહોંચ્યો ત્યારે પીર સાહેબ પોતાના મુકામ ઉપર બેઠા હતા. જેવો તે આવ્યો તેવાજ પીર સાહેબે ફરમાવ્યુ કે " આઓ મહારાજ કયા ભુલ ભગાનેકો આએ હો ? " સાધુતો આ સાંભળીને અચરત પામી ગયો અને પીરના પગમાં ઢળી પડયો. પીર

સાહેબે ફરમાવ્યુ કે સવાસો વરસની ઉમર થઇ ત્યાં સુધીભુલ ભગાવવાની ફુરસદ મળી નહીં? સાધુતો બિચારો ગળવાઇ જઇ બાજુ ઉપર બેસી ગયો. થોડીવાર પછી પીર સાહેબે તેને પોતાની પાસે બોલાવી કાન ધરવા કહયું. એ ઘણો ખુશી થયો અને જેવો તેણે કાન ધર્યો એવાજ પીર સાહેબે તેના કાનમાં કલમાના શબ્દો કહયા અને તેને કલમો શીખવાડી રસ્તો બતાવ્યો. અને કહયું કે સ્વર્ગની કુંચીતો કોઇએ બતાવીજ નહોતી તો પછી આગળનો રસ્તો કયાંથી ઉઘડે. ચાલો હવે ધ્યાન ધરો અને જુઓ કે રસ્તો ઉઘડેછે કે નહીં. આ ઉપરથી સાધુએ ધ્યાન ધર્યું અને આગળનો દરવાજો ઝટ ઉઘડી ગયેલો દીઠો. એ સાધુ ઘણી મુદત પીર સાહેબની સેવામાં રહયો અને પોતાની ઇચ્છા પુર્ણ કરી વિદાય થયો.

ભીલોનો ગુરૂ તાબે.

માંગરોલ પાસે ઝઘડીઆ ગામમાં ચોધરા—ભીલ લોકોનો એક ગુરૂ રહેતો હતો. જે જાદુ વિદ્યામાં ઘણો હુંશીયાર હતો. તે આસપાસના ગામડામાં ફરતો હતો. તેવામાં પીર સાહેબ પણ ત્યાં જઈ પહોંચ્યાં. પેલાને જાદુ વિદ્યાની એટલી બધી મગરૂરી હતી કે કોઇને ગણકારતોજ નહિ. પીર સાહેબને ત્યાં આવેલા જોઇને ઘણો ગુસ્સે ભરાયો અને કહેવા લાગ્યો કે એવા ફકીર તો ઘણા આવે છે. તેવામાં ત્યાં એક સખસને

ઝનૂન વળગેલો હતો. તે પીર સાહેબે કહાડયો. એટલે તો પેલા સાધુની અદેખાઈનો કાંઈ પાર રહ્યો નહિ. તે ગુસ્સામાં ને ગુસ્સામાં ગામ છોડીને જવા લાગ્યો. તેવામાં પીર સાહેબને તેણે સામા આવતા જોયા. તેના સાથેના માણસોએ કહ્યું કે પેલા પીર આવે છે. જેથી પેલા સાધુની નજર પીર સાહેબ ઉપર પડી તેવોજ તે ઠરી ગયો. અને એકદમ પીર સાહેબના કદમમાં જઈને પડયો. પીર સાહેબનો ચહેરો જોતાંજ તેના મન ઉપર એટલી બધી અસર થઈ કે તેનો ગર્વ ગળી ગયો. અને પીર સાહેબનો સદાનો સેવક થઈ રહ્યો. એ દીવસથી બધા ચોધરા તથા ભીલ પીર સાહેબને માનવા લાગ્યા તે આજ દિવસ સુધી માને છે. અને ગાદીનો હુકમ ઉઠાવે છે.

રગતપિત નાબુદ.

પીર સાહેબની દુઆથી ઘણાં બીમારો કોઢીઆં અને રગતપિતીઆં સારાં થઈ જતાં હતાં. એક વખત એક માણસ પોતાની એક લોતી એક છોકરીને લઈને પીર સાહેબની સેવામાં આવ્યો. એ છોકરીની ઉમર સત્તર અઢાર વરસની હતી. તેને એક છોકરૂં ધાવણું હતું તેવામાં તેને રકત પીતનો રોગ લાગુ પડયો. છોકરીના સાસરીઆંઓએ તેને તેના બાપને ઘેર મોકલી દીધી એ બીચારી નીરાધાર

સ્થિતિમાં આવી ઘણી અફસોસી કરવા લાગી. તેના માબાપ તેને જોઈ ઘણાં બળવાં અને તેની કમનસીબ જીંદગી ઉપર ખેદ કરતાં કોઇએ તેમને કહ્યું કે પીર મોટામીયાં પાસે જાઓ એ પીર એવા છે કે દુઆ કરશે તો છોકરીનું શરીર કંચન જેવું થઈ જશે. એ ઉપરથી તેનો બાપ તેને લઇને પીરની ખીજમતમાં હાજર થયો. પીર સાહેબે થોડું પાણી મંત્રી તેને આપ્યું અને થોડુ પાણી તેના ઉપર છાંટયું. બે ચાર દહાડા તેણે પાણી પીધું કે તેનું શરીર પહેલાંથી પણ સારૂ થઈ ગયું. આથી તે અબળા પીરનો ઉપકાર માનતી પોતાના બાળકને લઈ પોતાના ધણીને ઘેર જવા ભાગ્યશાળી થઈ.

મસ્ત સાંઢ નરમ.

એક દિવસ પીર સાહેબ કાનમમાં પોતાના મુરીદને ત્યાં બેઠા હતા તેવામાં એક સખસ આવીને કહેવા લાગ્યો કે બાવા સાહેબ ગામનો સાંઢ તોફાન કરેછે. અને લોકોને જુએછે ત્યાં થી મારવા દોડે છે. હવે તો તેનો એટલો ત્રાસ થઇ ગયો છે કે ઢોર ઢાંક કે માણુસ કોઇને જુએછે ત્યાંથી જવા દેતો નથી. આથી પીર સાહેબ ઉઠયા અને કહ્યું કે ચાલ જોઉં પોતે પેલા સખસની સાથે ખાડી ઉપર ગયા અને જોયું તો સાંઢ ખાડીની સામી બાજુએ ઉભોછે પીર સાહેબે પેલા સખસને કહ્યુંકે સાંઢને બોલાવ તેણે કહ્યુંકે બાવા મારાથી તો

તે આવે ? આપણે ખાડીની આ પાર છીએ અને એતો પેલી પાર છે. જો હું સામી પાર જાઉં તો મારીજ નાખે. ત્યારે પીર સાહેબે ફરમાવ્યું કે અહીંથીજ બોલાવ, તે આવશે. તેણે કહ્યું બાવા સાહેબ મારો બોલાવ્યો તો તે આવે ? પીર સાહેબે કહ્યું અલ્લાહનું નામ લઇને બોલાવ, જો ચાલ્યો આવશે. તેણે અલ્લાનું નામ લઇ સાંઢને બોલાવ્યો તો તે ઝટ ખાડીમાં આવવા લાગ્યો. પેલો માણસ ગભરાયો કે આપાર આવીને જરૂર મારશે તેથી તે નાસવા લાગ્યો. પણ પીર સાહેબે કહ્યું કે નાસે છે શું કામ એતો આવીને ગરીબ ગાય જેવો થઇ જશે. તોપણ પેલાને ધીરજ રહી નહી. તે એક ટેકરા ઉપર ચઢી ગયો પેલો સાંઢ ખાડીની આપાર આવી પીર સાહેબ આગળ માથું નમાવી ઉભો થયો. આ જોઇ પેલો શખસ હેરત પામી ગયો અને લોકોને જોવા માટે ભેગા કરવા મોટેથી બુમો પાડવા મંડયો. ઘણા લોકો ખાડી ઊપર ભેગા થઇ ગયા અને વકરેલો સાંઢ આવો નરમ થઈ ગયેલો જોઈ અજાયબ થયા. પેલો શખશ પણ હવે પીર સાહેબ પાસે આવ્યો. પીર સાહેબે તેને કહ્યું કે એક પુળી ઘાશ લઇ આવ. તે જઇને લઈ આવ્યો અને પીરે તે ઉપર કાંઇ પઢી પેલા સાંઢને ખાવા આપ્યું. ઘાસ ખાધા પછી તો તે એટલો બધો નરમ પડી ગયો કે

છોકરાં તેની ઉપર બેસતાં તો પણ તે બોલતો નહીં. આથી ગામના લોકોની એક મોટી આફત દુર થઇ.

પોપટની કરામત.

પીર સાહેબનો એક પોપટ જે તેમના સાથે રહેવાથી એવો વાચાળ થઇ ગયો હતો કે લોકોને જ્ઞાનનો બોધ કરતો. અને એવી દલીલો કરતો કે માણસની અક્કલ હેરાન થઇ જતી. તે પીર સાહેબની પથારી આગળ છુટો બેસી રહેતો. અને જે આવે તેની સાથે વાતો કરતો. છેટેની વાત પણ કોઇ તેને પૂછતું તો તે કહેતો. તેનું મન રોશન હતું તેથી તેને બધી ખબર પડતી હતી. એ પોપટ તેમના રોજામાં દફનાવવામાં આવેલો છે.

જીવ દયા.

પીર સાહેબને જીવહીંસા તરફ ઘણો અભાવ હતો. તેઓ ફરમાવતા કે કોઇ જાનવરને મારવું તેના કરતાં પોતાના મનને મારવું એ વધારે સારૂ છે. કોઈ પ્રાણીનું ગોસ્ત ખાવું તેના કરતાં ગમ ખાવો એ બહેતર છે. ગાય વીષે તેઓ ફરમાવતા કે એ ખુદાતાલાનું ખાસ પ્રાણી છે. તેનો રંગ, તેની અસીલાઇ અને તેનું ઉપયોગી પણું જોતાં ખાત્રી થાય છે કે ખુદાતાલાએ તેને માણસના ખાસ સુખ માટે

પેદા કર્યું છે. દુધ, દહીં, ઘી વીગેરેનો ડગલે ડગલે ખપ પડે છે. અને તે પ્રાણી સર્વેને જોઇએ તેટલું પુરૂ પાડે છે. અને સાધુઓને છાશનો ખપ પડે છે. એટલે મહાત્માઓની હાજત પણ તેનાથી પુરી પડે છે. ખેડુતોની ખેતીનો આધાર પણ તેના ઉપરજ છે. અને લાખો માણસો તેનાથી પળે છે. તેનું દુધ એવું તો હલકું અને ગુણવાળું હોય છે કે તેનાથી બાળક તેમજ મોટું માણસ એક સરખી રીતે ફાયદો મેળવે છે.

તેમના મુરીદનો ચમત્કાર.

માંડવી તાલુકાના વડકેશ્વરમાં એક બાઇ રહેતી હતી. તે જાતે બ્હોરી હતી. તેને "સુડી માસી" કરીને કહેતા હતા. તેને એક છોકરો પણ હતો. જેનું નામ મહેમુદભાઇ હતું. બંને મા દીકરો પીર મોટામીયાંસાહેબનાં મુરીદ હતાં. અને પીર સાહેબની તેમની ઉપર ઘણી મહેરબાની હતી. મેહમુદભાઈ ખોલવડના કાસમ પટેલને ત્યાં રહેતા હતા. અને જંગલમાં બળદ ચારતા હતા. એક દિવસ કાસમ પટેલ ખેતરમાં ગયા. અને ત્યાં જઇને જુએ છે તો મહેમુદભાઇ કાંટાની હેલ ઉપર સૂતેલા જણાયા. પટેલ તો આ મામલો જોઇને ઘણા હેરત પામી ગયા અને સમજી ગયા કે મહેમુદભાઇ જરૂર કોઇ વલી છે. તે દિવસથી પટેલ તેમની પાસે કાંઇ કામ કરાવતા નહિ

પણ તેમને પોતાના વડીલ ગણતા અને તેમની દુવા લેતા.

ઓઢાણના લોકોને ચેતવણી.

ઓઢાણ ગામમાં "મોજીઆ" તથા "રંગીલા" અટકના વહોરા રહેતા હતા. તે પીર સાહેબના મુરીદ હતા. અને તેમની ઉપર પીર સાહેબની ઘણી મહેરબાની હતી. જ્યારે પીર સાહેબ એક દહાડો ઓઢાણ ગયા ત્યારે ત્યાં એક અબદુલ રહેમાન નામના સખસને તેમણે જોયો. એ માણુસ જાહેરમાં ઘણો પરહેજગાર અને દીનદાર દેખાતો. પણ તેનું દીલ અંદરથી રંગાએલું નહોતું. પીર સાહેબે તેને જોઈ પોતાના મુરીદોને કહ્યું કે "કચ્ચા દુધ હે, ઉબલેગા, ઓર તોફાન મચાયગા. ઓર મુસલમાનુંકી ગરદન કટવાયગા. ઇસ વાસ્તે તુમ ઇસકા ભરોસા મત કરના," તેમણે કહ્યું બાવા સાહેબ ઘરબાર તથા ઢોરઢાંક મૂકીને કયાં જઇએ. ત્યારે પીર સાહેબે ફરમાવ્યું કે "તોફાનમેં સામીલ હોના અચ્છા નહિં, યહાં લોહીકી નદીઆં ચલેગી ઔર કચ્ચે દૂધકા ઉબાલ કુછ ટીકનેવાલા નહીં, ઇસ વાસ્તે તુમ યહાંસે દુસરી જગે ચલો" એમ કહી તેમને ઓઢાણથી નવ ગામે લઇ ગયાં* પાછળથી ઓઢાણમાં તોફાન શરૂ થયું અને ત્યાં લોહીની નીકો ચાલી.

---

* ગદર થયું ત્યારે પીર સાહેબ હયાત નહોતા. પહેલાંથી ઉઠી ગયા હતા.

મુંબાઇની સફર.

પીર સાહેબનો મુકામ માંગરોલમાં જાથુ રહેવા લાગ્યાથી દુર દુરથી હજારો માણસો તેમની કરામત સાંભળી આવવા લાગ્યા. ઘાંચી લોકો જે તેમના અસલ મુરીદ હતા. તે પણ આવી આસપાસ ગામડામાં વસવા લાગ્યા. લોકો ચોતરફથી હમેશાં આવતા હોવાથી પીર સાહેબને પોતાના બીજા મુરીદોમાં જવાનો વખત મળતો નહોતો. જ્યારે ઘણો વખત થયો ત્યારે મુંબાઇના ઘાંચી મુરીદોને દીદાર કરવાની ખાયેશ થઇ. અને જમાત એકઠી કરી થોડા આગેવાનોને પીર સાહેબની સેવામાં રવાના કર્યા. આ આગેવાનો માંગરોલ આવ્યા અને પીરના દીદારથી ભાગ્યશાળી થયા. થોડા દિવસ ત્યાં રહી તેમણે પીર સાહેબને અરજ કરી કે મુંબાઇના બધા આપના મુરીદો આપના દિદારના ઉમેદવાર છે અને અમને આપની સેવામાં મોકલ્યા છે. માટે આપ અમારી સાથે પધારો તો અમારૂં ભાગ્ય—પીર સાહેબે ફરમાવ્યું કે ઠીક છે. થોડા દિવસ પછી જોઇશું. માંગરોલના મુરીદો તે વખતે ત્યાં હાજર હતા. તેમને લાગ્યું કે મુંબાઇના લોકો લેવા આવ્યા છે તો પીર ત્યાં જતા રહેશે અને કોણ જાણે ફરી માંગરોલમાં આવશે કે નહિ: તેથી તેમનો જીવ ઘણો ઉચાટ થયો. તેમણે મુંબાઇવાળાઓને કહ્યું કે લોકો દીદારના ઉમેદવાર હોય તો

તેમને અહીં લઈ આવો કે પીરને ત્યાં જવાની તકલીફ પડે નહિ. આથી તેઓ ઘણા નારાજ થવા લાગ્યા. તેમનો ચહેરો ઉતરેલો જોઈ પીર સાહેબે માંગરોલ વાલા લોકોને કહ્યું કે હું નહીં જાઉં તો તેઓ બધા નારાજ થશે. અને હું કોઇને નારાજ કરવા માગતો નથી માટે મને જવા દો. મુંબાઇના લોકો મારા જવાથી ઘણા ખુશી થશે અને તેમની ઉમેદ ખુદાતાલા બર લાવશે. માંગરોલના લોકો કહેવા લાગ્યા કે બાવા સાહેબ આપ જશો તો ફરી એ લોકો આપને આવવા દેશે નહીં અને આપ કોઇને નારાજ કરીને નીકળશો નહી. એટલે હમોતો કમનસીબજ રહેવાના. તેમના આવા શબ્દો સાંભળી પીર સાહેબને ઘણી લાગણી થઇ અને તેમણે તેમને કહ્યું કે તમે નારાજ થશો નહીં હું જરૂર આવીશ જો જીવતો નહીં આવું તો મુએ પણ આવીશ. પીર સાહેબનું આ વચન સાંભળી માંગરોલના લોકો ચુપ થઇ ગયા. તેઓ મનમાં ઘણા કચવાવા લાગ્યા પણ મહોડા ઉપર કાંઇ બોલી શક્યા નહિ. પણ તેમને ધીરજ આવીકે પીર સાહેબે જાતે વચન આપેલું છે એટલે હવે કાંઇ ચિંતા રાખવા જેવું નથી. પીર સાહેબ પોતાના મુંબાઇના મુરીદોના સંતોષ માટે મુંબાઈ તરફ પોતાની બેન આપાજીમા સાહેબની રજા લઈ રવાના થયા. આપાજીમા સાહેબ પીર સાહેબના કાકા

હજરત શાહ કાયમદીન બાવા સાહેબનાં દીકરી હતાં અને પીર સાહેબ તેમની તરફ ઘણા માનની નજરથી જોતા હતા. બીબી સાહેબ પણ ઈલિમમાં ભરપુર અને ન્યામત વાળાં હતાં તે એટલે સુધી કે કંઈકની ન્યામત તેમણે લઇ લીધી હતી. રવાનગી વખતે હજારો મુરીદો આસપાસથી પીર સાસાહેબના દીદાર કરવા આવ્યા હોવાથી માંગરોલમાં તે વખતે એક ભારે જમાવ થયો હતો. પીર સાહેબ જ્યારે રવાના થયા ત્યારે માંગરોલ વાળા મુરીદોને ઘણી દિલગીરી થઈ પણ પીરનો હુકમ માથે ચઢાવ્યા વગર તેમનો છુટકો નહોતો. પીર સાહેબ હવે રવાના થઈ મુંબાઈ તરફ ચાલ્યા. રસ્તામાં મુરીદોએ તેમની ઘણી ઘણી કરામતો તથા ચમત્કારો જોયા. આખરે પીર સાહેબ મુબાઇ પહોંચ્યા. જ્યારે તેમના ત્યાં આવ્યાની ખબર થઇ ત્યારે ઘાંચી મુરીદો ઘણા ખુશી થયા અને બધાને ભેગા કરી પીર સાહેબની ખીજમતમાં હાજર થઇ તેમને ગામમાં લઇ ગયા અને હાલ બાટલીવાળાની ઇસ્પીતાલ* પાસે તેલી મહોલ્લો છે ત્યાં ઉતર્યા. તે વખતે ઘાંચીઓ ત્યાં જથામાં રહેતા હતા. પીર સાહેબના આવવાથી મુરીદો ઘણા ખુશી થયા અને પીર સાહેબના સત

---

* તે વખતે બાટલીવાલાની ઇસ્પીતાળ ત્યાં નહોતી. એ તો ઘણી મુદત પછી બંધાઈ હતી.

સંગનો લાભ લેવા લાગ્યા. દીવસે દીવસે પીર સાહેબની કરામતનો શોરો વધતો ગયો અને હજારો લોકો તેમની સેવામાં આવવા લાગ્યા.

પીર સાહેબના કાકા પીર શાહ કાયમદીન બાવા સાહેબના સેવક પુંજા બાવાના ઘણા ખલાસી–ખારવા સેવકો મુંબઈમાં વહાણવટાનો ધંધો કરવા ખભાતથી આવજા કરતા હતા. અને લાંબા વખત સુધી રહેતા હતા. આ ખલાસી સેવકો પણ પીર સાહેબની સેવામાં વારંવાર આવતા અને જ્ઞાનનો લાભ લેતા. પુંજા ભગતના સેવકોમાં ખંભાત, ભરૂચ સુરત વગેરેના ખારવા હતા. અને પુંજા ભગત આ પીર સાહેબની ગાદીના સેવક હતા. એટલે એ ખારવાઓ પણ પીર સાહેબના સેવકોજ ગણાતા હતા. હાલ પણ એ ખારવાઓની ઓલાદના લોકો ખંભાત, અમદાવાદ, સારોદ, ભરૂચ, જંબુસર, સુરત, મુંબઈ વિગેરે ઠેકાણે છે. અને જુદા જુદા ધંધા કરે છે. અને માંગરોલની ગાદીનાજ સેવક છે.

કુવા ઊપર નમાઝ.

મુંબાઈમાં પીર સાહેબનો થોડા વખતમાં એટલો બધો જહુરો થયો કે હજારો લોકો તેમની પાસે આવવા લાગ્યા.

એક દિવસ પીર સાહેબ બપોરની વખતે પોતાના મુકામ ઉપર બેઠા હતા તેવામાં જ્હોરની નમાજની અઝાન[1] થઇ. બાજુના ઘર આગળ એક મુસલમાન કોકણી બેઠો હતો. તે અઝાન સાંભળી નમાજ પઢવા મસજીદમાં જવા ઉભો થયો. એ વખત તેણે પીર સાહેબને બેઠેલા જોઇ પોતાની સાથેના માણુસોને કહ્યું કે આ પીર કેવા છે કે અઝાન સાંભળીને પણ મસજીદમાં નમાજ પઢવા ઉઠતા નથી. ત્યારે તેણે કહ્યું કે તે તો પક્કા નમાજી છે. અને હંમેશાં વજીરા સાથે નમાજ પડે છે. ત્યારે તેણે કહ્યું કે એ હું માનું નહિં. જો તેઓ ખરા શરીઅત ઉપર ચાલનાર હોત તો ઝટ અઝાન સાંભળી મસજીદમાં દોડયા હોત પેલાનું આવું કહેવું હતું કે પીર સાહેબને ખબર પડી પેલો માણુસ મસજીદમાં ગયો. અને પીર સાહેબ વજુ કરવા ઉઠયા. વજુ કરી પોતે તૈયાર થઇ ઘરની બહાર આવ્યા. અને ખુદાના ધ્યાનમાં ઉભા રહ્યા. જેવો પેલો માણુસ મસજીદમાંથી નમાજ પઢીને નીકળ્યો કે પોતે પાસેના એક કુવા ઉપર પોતાની ચાદર પાથરી નમાજ પઢવા ઉભા રહ્યા પેલા સખસે પીર સાહેબને કુવાની મુખ વચ્ચે ચાદર પાથરી ઉભેલા જોયા. ત્યારે તો તે ઘણો અજાયબ થયો અને ત્યાંજ થોભી ગયો. જ્યારે પીર

---

૧ અઝાન એટલે બાંગ

સાહેબ નમાજ પઢી કુવા ઉપરથી બાજુ ઉપર આવ્યા. ત્યારે પેલો પીર સાહેબના પગ ઉપર આવીને પડયો અને કહ્યું કે બાપજી તમે ખરા પીર છો. હું ગુનેહગાર છું. માટે મારો ગુન્હો માફ કરો. પીર સાહેબે કહ્યું કે ભાઈ મને તારા બોલવામાં કાંઈ ખોટું નથી. તું જો એવું બોલ્યો ન હોત તો તારૂં અભિમાન આજ ટળત નહિ પણ તને તેથી ફાયદોજ થયો છે. અને તને ફાયદો પહોંચાડવા માટેજ મારે આવું કરવું પડયું છે. જા ફરી આવું બોલીશ નહિ. જેટલા પીર હોય છે તેટલા બધા ખુદાના હુકમ મુજબ ચાલે છે. પણ અણુ સમજુ લોકોને ખબર હોતી નથી. જો પીર ખુદાના હુકમથી ઉલટા ચાલે તો તેમને પીરનો મરતબો મળે કેવી રીતે. માટે ખ્યાલ કરવો જોઇએ. અને કોઇનું ભુંડું ન બોલવું જોઇએ. શરીયત કોઇનું ભુડું બોલવાનું તથા કોઇના એબ ખોલવાનું તથા કોઇનો જીવ દુઃખાવવાનું કહેતી નથી. તમારે તમારી ઇબાદતની મગરૂરી કરવાની નથી જે માણસ આવી મગરૂરી કરે છે તેની તમામ ઇબાદત ધોવાઇ જાય છે. અને ઉલટો તે ગુન્હેગાર બને છે.

અપુત્રવાનને પુત્ર આપ્યો

એક દિવસ મુંબઇમાં પીર સાહેબ પોતાના મુકામ ઉપર બેઠા હતા. તેવામાં એક બાંચણ જે પીર સાહેબની મુરીદ હતી તે આવી. અને સલામ કરીને બેઠી. પીર સાહેબે તેને

દીલગીર ચહેરે બેઠેલી જોઇ કહ્યું કેબાઈ આજે કેમ તું દીલગીર છે? ત્યારે તે બોલી કે બાવા સાહેબ મારો ધણી બીજી ઓરત કરવા ધરે છે. તેમણે કહ્યું શું કરવા બીજી ઓરત કરે છે? ત્યારે તેણે કહ્યું કે મને કાંઈ ઓલાદ નથી. તેથી પીર સાહેબે કહ્યું બસ એટલીજ વાત છે? તેણે કહ્યું હા. ત્યારે પીર સાહેબે કહ્યું કે જા બચ્ચા તને ઓલાદ થશે અને તે પણ છોકરો થશે. અને તને છોકરો થશે ત્યારેજ હું મુંબઇની બહાર પગ મૂકીશ. આટલું બોલી પોતે ચૂપ થઇ ખુદાતાલાના ધ્યાનમાં લાગી ગયા. અને બાઈ પગે પડી ઘેર ગઈ. આ વચન પીર સાહેબનાં મુખમાંથી નીકળ્યાને હજુતો વધારે દહાડા પણ થયા નહોતા કે તેટલામાં તે બાઇને ઓધાન રહ્યાં. આ બાઇ એક ઘાંચી કે જેની અટક "ખાવડીઆ" હતી, તેની ઓરત હતી. અને નાગપાડામાં રહેતી હતી. દશ મહીના પુરા થવા આવ્યા તેટલામાં તેને એક છોકરો પેદા થયો. આથી ખાવડીઆના કુટુંબમાં ઘણી ખુશાલી પેદા થઈ. કારણ કે આજ સુધી બિચારાને કાંઇ ફરજંદ થયુંજ નહેતું. ખાવડીઓ પંસેટકે સુખી હતો. પણ ઓલાદ નહોતી તેથી છોકરો થવાથી તેના આનંદનો પાર રહ્યો નહિ. બાઇનું પણ વાંઝીઆ મહેણું ભાગવાથી બંને ધણી ધણીઆણી પીર સાહેબ ઉપર જીવ કાઢવા લાગ્યાં. પીર સાહેબે તેના છોકરા-

નું નામ " મહોમ્મદ " પાડયું. પીર સાહેબની આ કરામતથી તો આખા મુંબઇ શહેરમાં શોરો મચી રહ્યો. ઘણા લોકો પીર સાહેબની દુવા લેવા ત્યાં આવવા લાગ્યા. (પીર સાહેબનો એક કઠોર પાસે તાપી નદી ઉપર આવેલ ખોલવડ ગામનો " મહુંમદ આરેફ " નામનો મુરીદ કે જે તે વખતે મુંબઇમાં ધંધા રોજગાર માટે રહેતો હતો. તે કાંઈ આફતમાં સપડાયો. પોતાની ઉપર સંકટનું વાદળ આવવાથી તે પીર સાહેબ પાસે આવ્યો. અને દુવા કરવા અરજ કરવા લાગ્યો. પીર સાહેબે તેના ઉપર રહેમ કરી તેને માટે દુવા કરી. જેથી તેની આફત દૂર થઇ ગઇ. આથી તે પીર સાહેબની સેવામાંજ રહેવા લાગ્યો. અને પીર સાહેબની તેના ઉપર એટલી બધી મહોબત થઈ કે તેમણે તેને એક વીંટી તથા એક રૂમાલ ઇનાયત કર્યા. આ વીંટી એવી હતી કે આંખમાં ગમે તેવું ફુલું પડયું હોય અને તે વીંટી આંખ ઉપર ફેરવે તો તરત ફુલું કપાઇ જતું. અને રૂમાલ એવો મુબારક હતો કે જે પેટીમાં તે રહેતો તેમાં બરકતનો પાર રહેતો નહિં. આ બંને ન્યામતો એક ચમત્કારરૂપ હતી મહુંમદ આરેફની ઓલાદ હાલ ખોલવડમાં છે. અને બુરબોના ટાપુમાં વેપાર કરે છે. પણ તેમની પાસે ઉપલી ચીજો હાલ જણાતી નથી.

મુંબાઇમાં વફાત.

ખાવડીઆ ધાંચીને છોકરો પેદા થયો અને મુંબાઇના

લોકો તૂટયા તે એટલે સુધી કે પીર સાહેબને જરા પણ નવરા પડવાનો વખત આવતો નહિં.[1] આમ કરતાં કરતાં થોડા દિવસ ગુજર્યા એટલામાં પીર સાહેબનો વખત પુરો થયો. અને તેઓ ત્યાંજ બારમી બરાતને જુમેરાતના રોજ હક થયા. ગુજર્યા પછી ત્યાંના લોકોએ તેમને ત્યાંજ નાગપાડા તેલી મહોલ્લાની મસજીદમાં દફન કર્યા. દફન થઈ ગયા પછી પીર સાહેબે પોતાની બહેન આપાજીમા સાહેબ કે જે માંગરોલમાં હતાં તેમને ખ્વાબમાં બશારત આપી કે હું અહીં દુનીઆથી ઉઠી ગયો છું. અને લોકોએ મને અહીં દફન કરી દીધો છે. પણ મેં માંગરોલ આવવાનો વાયદો કર્યો છે માટે તમે અહીં આવીને મને લઈ જાઓ. આપાજીમા સાહેબ આ બનાવથી ઘણાં દીલગીર થયાં અને તેમણે લોકો આગળ આ વાત કહી. ત્યારે તો માંગરોલમાં દુઃખનો દરીઓ ફરી વળ્યો. લોકો ઘણા નારાજ થયા અને પોતાના હાથમાંથી ન્યામત જતી રહી. તેથી પોતાને કમનસીબ સમજવા લાગ્યા. પણ તેટલામાં આપાજીમાં સાહેબે કહ્યુ કે તમે ગભરાશો નહિં. એ હક તો તમારોજ છે અને

---

૧ મુંબાઇનાં કેટલાંક પારસી, હીંદુ અને મુસલમાન કુટુંબો મોટી સાહેબી ભોગવે છે તે આ પીરની દુવાનો પ્રતાપ છે.

તમને મળશે. તમોએ ક્યામત સુધી પીરની ચાકરી કરવાનું માથે લીધું છે તો તમારી ખ્વાએશ ખુદા પુરી કરશે. આવી રીતે લોકોને દિલાસો દઇ આપાજીમા સાહેબ મુંબાઇ તરફ રવાના થયા. તે વખતે આગગાડી નહોતી તેથી પગ રસ્તે બીબીસાહેબ તડકેશ્વર, બોલવડ, એકલેરા[1] નવસારી, ગણદેવી[2] વલસાડ વિગેરે ઠેકાણે થતા મુંબઇ પહોંચ્યાં. જ્યારે તેમના ત્યાં આવ્યાની મુરીદોને ખબર થઇ ત્યારે બધા ભેગા થયા, બીબીસાહેબે મુરીદોને પોતાને બશારત થયાની અને પીર સાહેબને માંગરોલ લઇ જવાની ખ્વાએશ હોવાની ખબર કહી તેમણે કહ્યુ કે હજરતે મને બશારત દીધી છે કે હું માંગરોલના લોકોને વચન આપીને આવ્યોછું. માટે તમે મને આવીને લઇ જાઓ. જ્યારે બીબીસાહેબે આવું કહ્યુ ત્યારે લોકો ઘણા અજાયબ થયા અને આવા ચમત્કારવાળા પીરને લઇ જવા દેવા નારાજી દેખાડવા લાગ્યા. આપાજીમા સાહેબે કહ્યું

---

૧ એકલેરા ગામ તરફના અમીજી એ પીરના ખાસ મુરીદ હતા. તેઓ આપાજીમા સાથે મુંબાઇ ગયા હતા.

૨ ગણદેવીના લાડ મહંમદ ચિસ્તી પણ આ ખાનદાનના ખલીફા હતા. એકલબારાવાળા કાયમદીનબાવા સાહેબના તરફથી તેઓ રંગાયા હતા. દખણમાં ન્યામત આપી હતી.

કે તમે ચાહે તે કરો. પણ મારે તો તેમના કહ્યા પ્રમાણેજ ચાલવું પડશે. જ્યારે લોકોએ આપાજીમા સાહેબનો પીર સાહેબને માંગરોલ લઇ જવાનો પક્કો ઇરાદો જોયો ત્યારે તેમણે વધારે બોલવાનું છોડી દીધું. અને તેમની મરજી ઉપર રાજી થયા.

લાશ કબરમાં જેવીનેતેવી આબાદ.

જ્યારે કબર ખોદવાનો વખત આવ્યો ત્યારે કોકણી લોકો આડા પડયા અને કહેવા લાગ્યા કે આતો શરીઅતથી ઉલટું થાય છે. તેથી અમેતો લાશ કાઢવા દઇશું નહિં. મુરીદોએ તેમને ઘણાએ સમજાવ્યા, પણ તેઓ તો એકના બે થયા નહિ. છેવટે તેમણે જાણ્યું કે ઘાંચીઓ તોફાન કરસે તેથી તેમણે સરકારમાં જાહેર કર્યું. આથી બંદોબસ્ત માટે સરકારી માણસો આવ્યાં. વધારે તોફાન થવાનો સંભવ જાણી ગોરા અમલદારો પણ ત્યાં આવી ખડા થયા. જ્યારે સરકારી અમલદારો આવ્યા ત્યારે મુરીદોની લાગણી વધારે ઉસ્કેરાઇ અને તેઓ પેલા ગોરા અમલદાર પાસે ગયા અને કહેવા લાગ્યા કે અમારા પીર સાહેબે પોતાને માંગરોલ લઈ જવાની બશારત આપી છે તેથી તેમના બહેન તેમને લેવા આવ્યા છે માટે આપ ખાતરી કરો અને રજા આપો તે ઉપરથી પેલા ગોરા અમલદાર આપાજીમા સાહેબ જે મકાનમાં બેઠાં હતાં ત્યાં આવ્યાં અને પૂછપરછ કરવા લાગ્યા. બીબી સા-

હેબે પરદામાં રહીને પેલા ગોરા અમલદારોને કહેવડાવ્યું કે મરહુમ એક મોટા વલી હતા. અને તેમણે મને બશારત આપી છે તે કદી ખોટી હોય નહિ. તમને ખાત્રી ન થતી હોય તો કબરનો જરા ભાગ ઉઘાડો અને જુઓ કે એ વલી છે કે નહીં જો લાશ લઇ જવા જેવી હોય તો લઇ જવા દેજો. અને નહીંતો પાછા દફન કરી દેજો. આપાજીમા સાહેબની અસરકારક વાણીથી પેલા ગોરા અમલદારોનું મન પણ પીગળ્યું. અને ખાત્રી કરવા તૈયાર થયા. તેમણે કોકણીઓને સમજાવ્યા કે જુઓ ખરા એમાં આપણું જાય છે શું. લાશ કાંઈ સાજી નીકળવાનીએ નથી. અને એ લઈ જઇ શકવાનાંએ નથી. આપણે બોલીને શું કરવા બગાડવું જોઇએ. જરા કબર ઉઘાડીશું અને તેમના મનનું સમાધાન કરી બંધ કરી દઇશું. એમા આપણને નુકસાન શું છે. આથી લોકો રાજી થયા.

લાશમાં જીવતા માણસના ગુણ.

જ્યારે કબર ખોલવાનો વખત આવ્યો ત્યારે હજારો લોકો ભેગા થયા. આ વખતે મુરીદોના મનને ઘણોજ ઉચાટ હતો કે રખેને પીરની લાશ ખરાબ નીકળશે. તો બધામાં હાંસી થશે અને હમેશનું કલંક ચોંટશે. પણ આપાજીમા સાહેબ તેમને હીંમત આપતા હતા. અને કહેતા હતા કે

તમે બે ફિકર રહો. તમારી આબરૂની અમને પહેલી દરકાર છે. તમને સરખરૂ કરીશું અને પછી અમે મુંબાઇમાંથી જઇશું. તમારી આબરૂ અમે જાળવીશું અને કયા મત સુધી તમારાથી ખીજમત લઇશું. તમારા ચહેરા હસ્તા હશે અને તમારા બાલ બચ્ચાં પીર સાહેબની સેવા કરવા ભાગ્યશાળી થશે. આપાજીમા સાહેબ આવું બોલી રહયા હતા કે કબરનું મ્હોડું જણાયું લોકો અંદર ડોકીયું કરવા લાગ્યા પણ કાંઇ જણાયું નહીં. બીજા લોકો એમ ધારતા હતા કે હવે ખરાબ વાસ આવવા માંડશે પણ ત્યાં તો ખુશબો ઉડવા લાગી. જ્યારે ખુશબો જણાઇ ત્યારે તો કબર વધારે ઉઘાડી કરી પણ કબરમાં લાશ દેખાય નહીં. જ્યારે આ વાતની આપાજી માને ખબર પડી ત્યારે બુરખો પહેરી પોતે કબર આગળ આવ્યા અને કહ્યું કે ભાઈ સતાવણી શું કરવા કરો છો. જાહેર થતા હોવતો જાહેર થાઓને; લોકો તો તમને ઓળખી ગયા છે. વધારે કરવાથી કાંઈ વધારે થવાનું નથી. આટલું બોલી આપાજીમા સાહેબે પોતાની પાસેના એક પીછોડી કબર ઉપર ઓઢાડી અને કહ્યું કે આપણા મુરીદો આપના દીદારની ઇન્તેજારીમાં છે. અને લોકો તમારી કરામત જોવા આવ્યા છે. માટે દીદાર દેખાડો એટલુ કહી જેવી પીછોડી ઉપાડી તેવીજ લાશ નજરે પડી. પેશાની ઉપર પરસેવાના

ટીપાં આવી રહયાં હતાં. હજામત વધી રહી હતી. નખ વધેલા હતા. અને ચહેરો મુસુક મુસુક હાસ્ય કરી રહયો હતો. જ્યારે આવો ચમત્કાર જોયો ત્યારે તો બધા લોકો અજાયબ થયા. કોકણી લોકો ઠંડાગાર થઈ ગયા. સરકારી માણસો હેરત પામી ગયા અને હર્ષ ઘેલા થઈ ગયા. આ બીના જોઇ મુંબઇમાં બધે શોરો મચી રહયો. અને દુર દુરથી લોકો ખાતરી કરવા આવવા લાગ્યા. ત્યાં રાત દહાડો એટલો બધો લોકોનો જમાવ થતો કે એ જગા જરાપણ વાર ખાલી પડતી નહિં. મુરીદો ત્યાં હંમેશાં હાજર રહેતા હતા. અને લોબાન બતી કરતા હતા. બીબી સાહેબે હવે સંદુક* તૈયાર કરવાનો હુકમ આપ્યો તે ઉપરથી મુરીદોએ કારીગર સુથાર પાસે બરાબર માપ લેવાડી સંદુક તૈયાર કરાવી. સંદુક તૈયાર થઇ ને કબર આગળ આવી. અને જેવી લાશ તેમાં મુકવા જાય છે તેવીજ સંદુક નહાની પડી. આથી મુરીદોએ આપાજીમા સાહેબને ખબર આપી કે સંદુક હુશીયાર સુથાર પાસે માપ લેવડાવીને તૈયાર કરાવી છે તો પણ હવે નહાની પડે છે. આપાજીમા સાહેબે ફરમાવ્યું કે એ બધાં એમનાજ કારસ્તાન છે. ચાલો મને જોવા દો. આપાજીમા સાહેબ વળી બુરખો ઓઢી ત્યાં આગળ આવ્યા. અને કહ્યું કે હજુ તમે

---

*સંદુક એટલે પેટી.

તમારા ચાળા મુકતા નથી. મર્યા પછી પણ તમે આવું લઇ બેઠા છો તો મને લોકો તમને લઇ જવા દેશે નહિ. માટે હવે એવું કરવું છોડી દો. એમ કહી લોકોને કહ્યું કે તમે તમારે લાશને જબરીથી અંદર હેલી દો. તેથી લોકોએ મહા મુસીબતે લાશને સંદુકની અંદર મુકી. સંદુક ટુંકી પડવાથી લાશ બરાબર સીધી રહી શકી નહિ. આપાજીમા સાહેબે ફરી પોતાની પાસેની પીછોડી સંદુક ઉપર ઢાંકી અને કહ્યું કે જો સીધેસીધા નહિ ચાલો તો માંગરોલ લઇ જવાની નથી. માટે સીધા ચાલવું હોય તો ચાલો. આટલું બોલી આપાજીમા સાહેબે જેવી પીછોડી ઉપાડી કે સંદુક એક હાથ આગળ અને એક હાથ પાછળ વધેલી માલમ પડી. લાશ કરતાં સંદુક આવી રીતે પળવારમાં વધી ગએલી જોઇ લોકો ઘણા અજાયબ થયા. અને એવા કરામત વાળા પીરને મુંબઇમાંજ રાખવાનો વિચાર કરવા લાગ્યા. પણ આપાજીમા સાહેબ આગળ કોઇ બોલી શકતું નહોતું

વહાણ તેરવ્યું.

હજરતની લાશ મુબારકને સંદુકમાં મુકયા પછી માંગરોલ લઇ જવાનો વિચાર ચાલે છે તેવામાં મુંબાઇમાં દરીઆમાં એક જુદો બનાવ બન્યો, ખંભાતના ખલાસી લોકો ભાવનગરથી વહાણ લઇને મુંબાઇ આવતા હતા. તેવામાં

રસ્તામાં તોફાન લાગ્યું. ખારવાઓએ પોતાના પીર મોટા મીયાં સાહેબને યાદ કર્યા અને તેમની માનતા માની. આથી પીર સાહેબને તેમની વારે ચડવું પડ્યું હતું. તેથી કબર ખાલી દેખાઈ હતી. પીરની મદદથી પેલું વહાણ બચ્યું. અને આફત દુર થઈ ગઈ. ખારવાઓએ બસો રૂપીયા માનતાના ચડાવવાના કર્યા હતા તેથી જેવું વહાણ મુંબાઈના બંદરમાં લંગાર્યું તેવાજ તે રૂપીઆ લઈ પીર સાહેબની સેવામાં અર્પણ કરવા માટે ત્યાં આવીને હાજર થયા. પણ અહીંતો જુદોજ મામલો હતો. આપાજીમા સાહેબે ખારવાઓને કહ્યું કે તમે આવ્યા છો તો તમારી સેવા કબુલ કરવામાં આવે છે માટે તમે તમારૂં વહાણ તૈયાર કરો. અને આ સંદુકને તેમાં લઈ ચાલો. ખારવાઓ દીલોજાનથી તૈયાર થઈ કહેવા લાગ્યા કે અમારા ક્યાંથી નસીબ કે પીર સાહેબના કામમાં હમો આવીએ. આ બસો રૂપીઆ આપ લો પછી અમે સંદુક વહાણ ઉપર ચઢાવીએ. આથી આપાજીમા સાહેબે તેમને રાજી રાખવા બસો રૂપીયા લીધા. અને સંદુક ત્યાંથી બંદર ઉપર લઈ જવા ઉપાડી. હજારો લોકો ઉપાડવામાં સામીલ થયા અને રસ્તામાં એટલી બધી ભીડ થઈ કે ચાલવાને રસ્તો પણ જડતો નહોતો. લોકોએ કહ્યું કે પીર સાહેબના ઘાંચી મુરીદો કેવા નસીબદાર છે કે તેમને આવા

પીર મળ્યા છે. આવા પીર મેળવવામાં તેઓના ભાગ્યે ખરેખર જોર કર્યું છે એમાં જરાપણ શક નથી. લોકો આખા રસ્તે અજાયબ થતા હતા. સંદુક બંદર ઉપર આવી ત્યારે હજારો પરકોમના લોકો પણ ત્યાં પીર સાહેબની કરામતનો શોરો સાંભળી આવી પહોંચ્યા હતા. અને ફુલથી સંદુક વધાવતા હતા. પેલા અમલદારો તો આ બધા ચમત્કાર જોઇને હેરત પામી ગયા હતા. અને પીર સાહેબની કરામતની સાક્ષી આપતા હતા. બધો મામલો તેની નજર આગળ બન્યો હતો એટલે તેઓ આબેહુબ વર્ણન કરતા હતા. સંદુક જ્યારે વહાણ ઉપર ચઢાવવામાં આવી ત્યારે લોકોની ત્યાં ભારે ઠઠ્ઠ હતી. મુંબઇથી કેટલાક મુરીદો આપાજીમા સાથે થયા. અને વહાણે લંગર ઉપાડ્યું. જ્યાં સુધી વહાણ દેખાયું ત્યાં સુધી લોકો કિનારે ઉભા રહીને જોતા હતા. અને કહેતા હતા કે બેશક આવા જમાનામાં પણ દુનીઆમાં વલી લોકો છે. આ વખતે પારસી લોકોની તથા હીંદુ લોકોની ઘણી સખ્યા હતી.

લાશ છ મહીના બહાર આબાદ.

પીરની સંદુક અંદર હોવાથી વહાણને એવો સારો પવન વાવા માંડયો કે એક દિવસમાં વહાણ સુરત પાસે ભગવાદાંડી નામના બંદર આગળ આવી પહોંચ્યું. સંદુક ત્યાં આગળ ઉતારવામાં આવી અને ત્યાંથી પાલ, અડાજણ અને

બોલપાડને રસ્તે થઇ મંદરોઇ ગામે લઇ જવામાં આવી. મંદરોઇ ગામની ભાગોળે એક લીમડાનું ઝાડ છે. ત્યાં એ સંદુક ઉતારવામાં આવી હતી, તેથી એ લીમડાની એક ડાળ મીઠી થઇ ગઇ. અને હાલ પણ તેમજ છે. ત્યાંથી સંદુક હથોડા ગામ, સીમોદરા ગામ વિગેરે ઠેકાણે થઇ માંગરોલ આવી. આ વખતે પીર સાહેબનો મુકામ માંગરોલમાં પટેલના ઘરના સામે બારણે હતો. ત્યાં સંદુક મૂકવામાં આવી. હજારો લોકો દીદાર કરવા આવતા હતા. એક રણછોડ નામના હિંદુ સોનીએ કહ્યું કે આમાંતો શું છે કે વહોરાઓ એક બંધ પેટીને આમ માની રહ્યા છે. પેટી ઉઘાડે ત્યારે ખબર પડે કે લાશ આબાદ છે કે ખવાઇ ગઇ છે. બંધ પેટીમાં લાશ રાખવાથી કાંઇ કરામત નથી. આથી પીર સાહેબે રાતમાં આપાજીમા સાહેબને તથા ગામના પટેલને તથા તે વખતના દાવજી બોબાત વિગેરેને બશારત આપી કે સંદુક ઉઘાડી મૂકો. કે પછી કોઇને કાંઇ કહેવાનું રહે નહિ. આથી દાવજી બોબાત પટેલ વિગેરે આપાજીમા સાહેબ પાસે આવ્યા. અને બસારતની વાત કહી. આપાજીમા સાહેબને પણ તેમજ બશારત થઇ હતી. જેથી સંદુક ઉઘાડી કે અંદરથી ખુશબો ઉડવા લાગી. અને લાશ કોઇ જીવતું માણસ સુતું હોય એ હાલતમાં દેખાવા લાગી. હજામત

અને નખ વધેલા હતાં. તથા કપાળ ઉપર પરસેવાના ટીપાં આવી રહ્યાં હતાં. અને ચહેરા ઉપર હાસ્ય હતું. માંગરોલના લોકો આ જોઈ હર્ષઘેલા થઇ ગયા અને હીંદુઓ પણ પીર સાહેબની કરામતના કાયલ થયા. પીર સાહેબ આજે ડાબી પાસે તો કાલે જમણી પાસે સંદુકમાં સુતેલા માલમ પડયા. અઢી મહીના સંદુક આવી હાલતમાં રહી. તે દરમ્યાન હજારો લોકો દીદારથી ભાગ્યશાળી થયા. જ્યારે પીર સાહેબની કરામતની બધાને ખાત્રી થઈ ગઈ ત્યારે માંગરોલમાં હાલ જ્યાં કબર છે ત્યાં દફન કરવામાં આવ્યા. એકંદરે છ મહીના સુધી લાશ બહાર રહી હતી. ત્રણ વરસ પછી માજી સાહેબે ત્યાં રોજો બંધાવ્યો. આ રોજો બંધાવતી વખતે ગામના સારા સારા લોકો જાતે મહેનત કરતા હતા. અને સવાબ મેળવતા હતા. કહે છે કે દરગાહની પાસે હાલ એક પીરીયું ખેતર છે. ત્યાં અબરામજી બોબાત સાથે પીર સાહેબ પોતાની છાતીમાં પોંક ખાવા ગયા હતા. તે વખતે તેમણે બોબાતને વાતવાતમાં જગા બતાવીને કહ્યું હતું કે બેટા મેં યે જગામેં આઉંગા; અને થયું પણ તેમજ. બોબાત ઉપર પીર સાહેબની ઘણી મહેરબાની હતી. હાલ પણ તેમની ઓલાદ માંગરોલમાં છે. અને સુખી છે. પીર સાહેબના ગલેફ હાલ પણ તેમના ત્યાંજ રહે છે. અને સંદલના દહાડે

ગાદી વાળા પીર સાહેબના ત્યાં જાય છે. ગલેફ ભરગચ્છી તથા કીનખાબના છે. અને ઘણાં કીમતી છે. બોબાતની ઓલાદમાં હાલ પણ દાવજી બોબાત, ઇસબજી બોબાત, ઇબ્રાહીમ બોબાત વીગેરે છે. અને હાલના પીર સાહેબની ખીજમત દીલોજાનથી કરે છે. પીર સાહેબની ઓલાદમાં પણ ઘણા જાગતા જોત વલી થયા છે કે જેમની કરામત જગજાહેર છે. તે એટલે સુધી કે હાલ પણ તેમની દુવા અને બદદુવા લાગ્યા વગર રહેતી નથી.

અસલ કબર.

પીર મોટા મીયાં સાહેબની લાશ મુબારક સંદુકમાં મુકીને લઇ આવ્યા પછી મુંબાઇ વાળી અસલ કબર પુરી નાંખી છે. અને હાલ પણ તે નવા નાગપાડા તેલી મહોલ્લાની મસજીદમાં સહેન પાસે આબાદ છે. અને મુરીદ લોકોની માનતાઓ ચઢે છે. આ મસજીદનો વહીવટ હાલ મુસલમાન કોકણી લોકો કરે છે. થોડા વરસ ઉપર મુંબઇના ઘાંચીઓએ એ મસજીદનો વહીવટ લેવા માટે કોશીશ કરી પણ કોકણી લોકોએ તે આપ્યો નહિ.

માંગરોલમાં ગાદી.

એ પીર સાહેબનો હાલ પણ ચમત્કાર એવો છે કે હોલો એમના રોજા ઉપર થઇને ઉડી શકતો નથી. જ્યાં

ઉપર થઇને જાય છે કે લાગલો જમીન ઉપર પટકાઇ પડે છે. એ હકીકત તો ગામના લોકોએ ઘણી વખત જોઇ છે. વળી બીજી કરામત એવી છે કે પીરની દરગાહના કંપાઉંડમાં જે કુવો છે તે કુવા ઉપર કદાચ કોઇ છેટે બેઠેલી ઓરત પાણી ભરવા જાય છે તો પાણી વદન મોળાં થઈ જાય છે. આવી આવી પીરની ઘણી કરામત વખતો વખત લોકો જુએ છે. હજારો લોકોને એ પીરથી ફાયદો થયો છે. તેથી બધી કોમના લોકો તેમને માને છે. હજારો લોકોએ પીરના બોધથી સારા રસ્તા ઉપર આવ્યા છે. અને મુક્તિ મેળવી છે. ઇસ્લામનો પ્રકાશ એ જીલ્લામાં તેમના પ્રતાપથીજ વધારે થવા પામ્યો છે. અને એમનાથીજ માંગરોલની ગાદી કાયમ થઈ છે. હાલ એ ગાદી નીચે પાલણપુરથી લઇને મુંબઈ સુધી અને ખંભાતથી લઇને નાસક સુધીના હજારો લોકો મુરીદ છે.* અને સાઊથ આફ્રિકા, મોરીસ, પેરીસ, અને રંગુન, સીંગાપોર, જાવા, મુંબઇ, કલકત્તા વગેરે ઠેકાણે લાખોના વેપારી છે. પીર સાહેબની કડીમાં હમણા પણ મોટી મોટી હવેલીઓ તથા બંગલા છે. વીરમગામમાં પણ મકાનો છે.

---

* તેમના મુરીદોની સંખ્યા ૩૦ હજારથી પણ વધારે ગણાય છે.

આપાજીમા સાહેબ.

આપાજીમા સાહેબનું અસલ નામ જાન બીબી સાહેબ હતું. તેઓ પીર મોટા મીઆં સાહેબના કાકા મહાત્મા પીર શાહ કાયમુદ્દીન ચિસ્તી જેમની દરગાહ વડોદરા પ્રાંતમાં પાદરા તાલુકાના એકલબારા ગામે છે* તેમની દીકરી હોવાથી પીર મોટા મીયાં સાહેબના આપા—બહેન થતાં હતાં. હજરત તેમને "આપા" કહી બોલાવતા હોવાથી બીજા લોકો તેમને માનાર્થે આપાજીમા સાહેબ કહીને બોલાવતા. આપાજીમા સાહેબ તથા તેમના માતુશ્રી એ બંને હજરત મોટા મીયાં સાથે માંગરોલમાં રહેતાં હતાં આપાજીમા સાહેબ યોગ તથા ઇલમમાં ઘણા ભરપુર હતાં. મોટા મીયાં સાહેબ જ્યારે મુંબાઇ ગયા ત્યારે ઘર આગળ પોતાના એક મુરીદને મુકીને ગયા હતા. પેલા મુરીદને પીર સાહેબે રસ્તો બતાવેલો હોવાથી તેનું અંતર ઉઘડી ગએલું હતું. તેથી પીર મુંબાઇમાં શું કરતા હતા તે પેલો મુરીદ જાણી શકતો હતો. એક દિવસ

* એકલબારા ગામ ઠાકોરનું છે. હાલ ત્યાં ઠાકોર રામસીંગજી છે. તે મહી નદીને કીનારે આવેલું છે. વડોદરા પાસે વિશ્વામિત્રી સ્ટેસન આગળ ડભોઈ લાઇન વાળી નાની ગાડીમાં બેસી પાદરે ઉતરી ત્યાં જવાય છે. પાદરેથી બે ગાઉ થાય છે. ભાડે ગાડીઓ મળે છે એકલબારાના ઠાકોર તથા તેમના ભાઇ ભાંડુઓ આ ગાદીના સેવક છે.

તેણે આપાજીમા સાહેબને કહ્યું કે "મા સાહેબ, મોટા મીયાં સાહેબ હાલ મુંબાઈમાં શું કરે છે તે હું તમે કહોતો કહી આપું. ત્યારે તેમણે કહ્યું કે ચાલ કહે વારૂ? ત્યારે તેણે કહ્યું કે અમુક મુરીદના ઘરમાં બેસીને મુરીદોને નસીહત–બોધ કરે છે. આપાજીમા સાહેબે ધ્યાન ધરીને જોયું તો તેમને ખરૂં જણાયું ધ્યાનમાંથી પોતે ઉઠીને વિચાર કર્યો કે આવા એક સાધારણ માણસને મોટા મીયાં સાહેબે આટલું બધું આપી દીધું એ ઠીક નથી. એમ કહી તેના સાંભળતાં મોટેથી બોલ્યા કે મોટા મીયાં સાહેબે ક ઠેકાણે આપ્યું છે. તેમણે આકડા ધંતુરાને સીંચવાનું નથી. એમ કહી પેલા મુરીદના મ્હોડા આગળ હાથ ફેરવ્યો અને તમામ કરામત લઇ લીધી. પેલો બિચારો તદન ખાલી થઇ ગયો તેથી આપાજીમા સાહેબના ઘણા કાલાવાલા કરવા લાગ્યો ત્યારે બે મહીના પછી તેને થોડું ઘણું આપ્યું અને કહ્યું કે જા દીદાર કર્યા કર. તારે વધારેની જરૂર નથી*

---

* આપાજીમા સાહેબની કબર મોટા મીયાં સાહેબવાળા રોજામાં છે. ઉગમણી બાજુએથી પેસતાં પહેલાં તેમની માની કબર આવે છે. તેની પછી મોટામીયાં સાહેબની કબર છે. અને તે પછી પશ્ચિમ તરફ આપાજીમા સાહેબની કબર છે. વળી છેલ્લી ચોથી કબર હાલના પીર મોટા મીયાં સાહેબના પિતા પીર કાસમદીન બાવા સાહેબની છે. જે બીજી કબરોથી જરા આગળ પડતી છે.

આપાજીમા સાહેબ મોટામીઆં સાહેબના ગુજર્યા પછી થોડા ઘણા વરસ જીવ્યાં હતાં. તેમનામાં કરામત ઘણી હોવાથી મુરીદો તેમને ઘણા માનતા હતા અને તેમના કહેવા પ્રમાણે ચાલતા હતા. તેમને ઘણી ન્યામત તેમના પીતા પીરશાહ કાયમુદીન ચિસ્તી* તરફથી મળી હતી.

પીર દાદા મીયાં સાહેબ.

આપાજીમા સાહેબના આ દુનિયાંથી ઉઠયા પછી મોટા મીયાં સાહેબના સાસરીઆઈ§ તરફથી હુસેનમીયાં તથા શેખનમીયાં એવા બે સખસોએ અમદાવાદથી માંગરોલ આવી ગાદીનો કારભાર પોતાના હાથમાં લીધો હતો. પણ ખરા હકદારતો મોટા મીયાં સાહેબના પિત્રાઇ ભત્રીજા પીર દાદા મીયાં સાહેબ હોવાથી તેઓ કારભાર લેવા માંગરોલ આવ્યા

---

* આ પીરશાહ કાયમદીન ચિસ્તીએ માગરોલમાં જેમણે ગાદી કાયમ કરી તેમના કાસ્દ થતા હતા. તેમને ગૅાસનો મરતબો હતો. આ પહેલા કાયમદીન બાવા કહેવાય છે. તેમની દરગાહ એકલબારામાં છે. નુરરોશન કિતાબ તેમણે બનાવી હતી. બસો વરસ ઉપર તેઓ થઇ ગયાછે.

§ મોટા મીયાં સાહેબનું પહેલું લગ્ન અમદાવાદમાં મશાયખોમાં થયું થતું. અને એ બાઇના ગુજરવા પછી બીજું લગ્ન અંકલેશ્વરના મશાખોમાં થયું હતુ.

તેમણે માગરોલ આવી લોકોને કહ્યું કે ખરા વારસ તો અમે છીએ માટે બીજાનો હક પોસાતો નથી. કેટલાક લોકોએ તેમનું કહેવું ખરૂ માન્યું. જ્યારે બીજા કેટલાક તેમની તરફ શંકાની નજરથી જોવા લાગ્યા.

માંગરોલના તે વખતના પટેલ તેમને જેમતેમ બોલી ગયા તેથી પીરે તેમને બદદુઆ આપી જેથી એક મહીનામાં એ પટેલના ઘરનો સામાન ભરૂચમાં વેચાયો અને ખેદાન મેદાન થઇ ગયું. પીર દાદા મીયાં સાહેબે માંગરોલ પાસે વાધરી ગામ તરફ જઇને છિલ્લો બાંધી રહેઠાણ જમાવ્યું હતું. અને અહીં ખુદા સાથે ધ્યાન લગાડી એવી નજર ફેરવી કે તેમના ઉપર શકની નજરે જોનાર માણસો નારાજ થઇ ગયા. તે પછી સરકારથી હુકમ મળ્યો કે ખરા વારસ હુસેનમીયાં તથા શેખનમીયાં નથી પણ પીર બાવા મીયાં તથા પીર દાદામીયાં સાહેબ છે, તેમના મોટા ભાઈ બાવા મીયાં સાહેબે દાદા મીયાં સાહેબને માંગરોલ આવી દરગાહ માટેનો હક જાહેર કરવા અખત્યાર આપ્યો હતો. તેથી તેઓ માંગરોલમાં આવ્યા હતા.* પટેલના વર્તનથી તેમનું મન ખાટું થઇ

---

* બાવા મીયાં સાહેબ પાછળથી આવીને માંગરોલમાં સજનીદા નશીન થયા હતા. તેમને મોટા મીયાં સાહેબ તથા બડા મીયાં સાહેબ એવા બે દીકરા હતા. મોટા મીયાં સાહેબ પાછળથી સજનીદા નશીન થયા હતા.

ગયું હતુ તેથી તેઓ માંગરોલમાં વધારે નહીં રહેવાં આસ પાસ મુરીદોમાં ફર્યા કરતા હતા. જીતાલી તથા કોંઢ ગામોમાં વિશેષ રહેતા હતા.* ગુજર્યા પણ જીતાલીમાંજ હતા. તેઓ ઘણા પરહેજગાર અને જ્ઞાન વાળા હતા સ્ત્રીનું મ્હોડું જોતા નહોતા. હંમેશાં પોતાના મ્હોડા ઉપર નિકાબ (પડદો) રાખતા હતા. કોઈ સ્ત્રી તેમની સામું જોઈ શકતી નહોતી તેમને એક વખત ખોટું બોલી જવાથી તે વખતના પટેલનું ઘર વારાજ થઇ ગયું હતું. પાછળથી પટેલે ઘણી આજીજી કરી પણ પોતે કહ્યું કે હું જોશમાં આવીને બોલી ગયો છું તેથી હવે કાંઈ વળવાનું નથી. પણ જા તું પસ્તાય છે. અને માફી માગે છે તો કહું છું કે તારી ત્રીજી પેઢીએ વેળા વળશે. અને તે પ્રમાણે થયું. વળી તેમની ઓલાદે પીરના કુટુંબની ઘણી સેવા ચાકરી કરી પ્રસન્નતા મેળવી તેથી સુખી થયા.

પીર દાદામીયાં સાહેબ માંગરોલથી સાત ગાઊ જીતાલી ગામમાં આ દુનિયાથી ઉઠયા હતા. ત્યાંથી માંગરોલ લાવીને મોટામીયાં સાહેબની દરગાહ સામે દફનાવ્યા હતા અને મુ-

* જીતાલી તથા કોંઢ ગામ માંગરોલથી સાત ગાઉ ઉપર અંકલેશ્વર ગામની નજીકમાં છે.

રીદાએ પ્રથમ ત્યાં રોજો બંધાવ્યો હતો. [1] હાલ પણ કોઇ સ્ત્રી તેમની દરગાહમાં જઈ શકતી નથી, તેમના લગ્ન તેમનાં સગાંવહાલાંએ, જબરજસ્તીથી કડીમાં કરાવ્યાં હતાં પણ તેમણે પોતાની બીબી સાથે કોઇ દિવસ વાતચીત કરી નથી, કે વહેવાર રાખ્યો નથી. તેમના ચમત્કાર અને પડછા એટલા બધા છે કે જો લખવા બેસીએ તો આવું એક પુસ્તક થાય. [2]

---

૧ એ રોજો પાછળથી જીર્ણ થવાથી મરહુમ પીર બડામીયાં સાહેબે ફરી ત્યાં રોજો બંધાવ્યો હતો. એ રોજામાં પીર દાદામીયાં સાહેબ તથા તેમના ભાઇ પીર બાવામીયાં સાહેબ તથા તેમના માતુશ્રી તથા હાલના પીર મોટામીયાં સાહેબના કાકા પીર બાવામીયાં સાહેબ તથા ફરીદમીયાં સાહેબ વીગેરેની કબરો છે. જીતાલી ગામ અંકલેશ્વર તાલુકાનું છે.

૨ એમનું એક પુસ્તક લખવાનો હમારો ઇરાદો છે. થોડા વરસ ઉપર તેમનો રોજો ચણાતો હતો ત્યારે એક ભીલડી નાપાક હાલતમાં ત્યા મજુરી કરતી હતી તે આંધળી થઇ ગઇ હતી. તે મહા મુસીબતે ચાર મહીના પછી સારી થઇ હતી.

પીર બડામીયાં સાહેબ.

પીર બડામીયાં સાહેબ પીર દાદામીયાં સાહેબના વડીલ ભાઇ પીર બાવામીયાં સાહેબના દીકરા હતા. તેમના મોટા ભાઇ પીર મોટામીયાં સાહેબ બીજા ગુજરવાથી તેઓ ઘણો ખરો વખત માંગરોળમાંજ રહેતા હતા. કારણ કે બીજા મોટામીયાં સાહેબના બે દીકરા કાયમદીન બાવા તથા બાવામીયાં નાની ઊમરના હોવાથી તેમની દેખરેખ બડામીયાં સાહેબને રાખવી પડતી હતી. * જ્યારે બંને ઊમર લાયક થયા ત્યારે તેમનો ભાગ તેમને આપી પોતે અલગ રહેવા લાગ્યા. અને વખત મળવાથી તેઓ બધે ફરી મુરીદોને જ્ઞાન આપવા લાગ્યા. ઉદેપુર જીલ્લો તથા રેવાકાંઠા વિગેરેમાં તેમણે ઘણા મુરીદ કર્યા હતા. પરહેજગારી ઘણીજ રાખતા હોવાથી તેમનું નામ ઘણું પ્રખ્યાત થઇ ગયું હતું. તેઓનો મામલો ફકીરાની હતો. હજારો લોકોને તેમનાથી ફાયદો પહોંચતો હતો. તે પોતાના વજીફા (નિત્યપાઠ) માં એવા તો મજબુત હતા કે સાઠ વરસથી તે કદી ખંડન થયો નથી. હજારો પીરો–મહાત્માઓનાં નામ તેમના મ્હોડે હતાં. અને તે હમે-

---

* આ કાયમદીન બાવા હાલના પીર મોટામીયાં સાહેબના પિતા થતા હતા. અને બાવામીયાં સાહેબ હુસેનમીયાં સાહેબના પિતા થતા હતા.

શાં વજીશા પછી પોતે પઢવા હતા. તેમનો ચહેરો એવો નુરાની હતો અને તેમની વાણી એવી સરસ હતી કે લોકો તેમની પાસેથી ખસતા નહોતા. તેઓ એક ખરા મહાત્મા અને વલી શખ્સ હતા. તેઓ હાલના પીર મોટામીયાં સાહેબના પિતાના કાકા થતા હતા. * મોટામીયાં સાહેબ ઊપર તેમની સારી મહોબત હતી અને તેમને બુઝુર્ગોનાં રસ્તા ઊપર કાયમ જોઇ પોતે ઘણા ખુશી થતા હતા. તેમને ઓલાદ થઇ હતી પણ તે સઘળી તેમની આગળજ ઉઠી ગઇ હતી. તેઓ હમેશાં સવારના પરોઢીએ ઊઠી સ્નાન કરી પઢવા બેસતા હતા. ખાવામાં પણ તેઓ ઘણી પરહેજગારી રાખતા હતા. ઘણો વખત ભાજી અને રોટલો ખાઇને રહેતા. લાલ મરચી તેમણે પંચાવન વરસ સુધી ખાધી નથી. માત્ર જરૂર પડતી તો કાળાં મરીનો ઉપયોગ કરતા. એકે

---

* હાલના મોટામીયાં સાહેબના પિતા પીર કાયમદીનબાવા તથા તેમના કાકા પીર બાવામીયાં સાહેબ એ બંને પીર બડામીયાં સાહેબના પહેલાં ગુજરી ગયા હતા. બાવામીયાં સાહેબ ઇ. સ. ૧૯૦૧ માં અને પીર કાયમદીનબાવા સાહેબ ઈ. સ. ૧૯૦૬ માં ગુજરી ગયા હતા. પીર કાયમદીન બાવાના ગુજરવા પછી હાલના મોટામીયાં સાહેબ સજ્જાદા નસીન થયા હતા.

દહાડો સ્નાન ચુકયા નથી. તેઓ તા. ૨૪–૨–૧૯૧૫ ના રોજ માંગરોળમાં આ દુનિયાંથી ઉઠી ગયા હતા.* તેમને ઓલાદ નહીં હોવાથી તેમની મીલ્કત હાલના પીર મોટામીયાં સાહેબને તેમની જ્યારતના દીવસે બધા લોકોની રૂબરૂ સોંપવામાં આવી હતી. પીર મોટામીયાં સાહેબે મીલ્કતનો હવાલો લઈ બધાને બક્ષીસો આપી તેમનું નામ દીપાવ્યું હતું. જ્યારતના દિવસે લગભગ હજાર રૂપીયા લોકોમાં તેમણે વહેંચ્યા હતા. આગેવાન ગૃહસ્થોને પાઘડીઓ બંધાવી હતી. આ બધી વ્યવસ્થા તેમણે પોતાના ભાઈ પીરજાદા હુસેનમીયાં સાહેબની મારફત કરાવી હતી.

ઉરસનો દિવસ.

માંગરોલમાં પીર મોટામીયાં સાહેબનો ઉરસ તેમની વફાતના દિવસે થાય છે એવું કાંઇ નથી. મુંબાઇમાં માહીમનો ઉરસ જેમ સવડ પ્રમાણે હિંદુ તીથીની ગણતરીએ થાય છે તેમ આ પણ પોસ સુદ બીજને રોજ થાય છે. આમ કરવાનું કારણ ફકત એટલુંજ માલમ પડે છે કે એ વખતમાં ખેડુતા અને બીજા લોકોને ફુરસદ હોય છે. તેથી તેમને તેમાં

---

* હીજરી સન ૧૩૩૩ ના રબીઉલ આખર એટલે અગીયારમીના મહીનાની ૯ તારીખને બુધવારને રોજ સવારના મોટા પરોઢીએ બોલતાં બોલતાં ઉઠી ગયા હતા.

ભાગ લેવાને ઠીક પડે છે. લોકોની સગવડને માટે કદાચ એક દિવસ નક્કી કરવામાં આવે તો લોકો જાણે છે અને સવાબમાં સામીલ થાય છે. હજનો દિવસ, જુમ્માના ખુતબાનો દિવસ ઇદિખુતબાનો દિવસ, રમજાનના રોજા રાખવાનો મહીનો, તથા રજબ, ઝીલહજ, રબીઉલ અવલ, એ પ્રમાણે બાર મહીના તથા અઠવાડીઆના સાત દહાડા, નમાજનો વખત પણ શરીઅત પ્રમાણે નક્કી કરવામાં આવ્યો છે. હજ ઝીલહજ મહીનામાંજ થાય. ફરજ ખુતબો જુમ્માના દિવસેજ પઢાય. ફરજ રોઝા રમઝાન મહીનામાંજ રખાય, કુરબાની બકરી ઇદના મહીનામાં અમુક દિવસેજ અપાય એવા એવા વખત શરીઅત પ્રમાણેજ બંધાએલા છે. અને તે માણસની જાણ માટે તથા પહેલાંથી તૈયાર થઇ રહેવા માટે નકકી કરવામાં આવે છે. વળી અકીકો કરવાનો હોય છે તોપણ દહાડો નક્કી કરવામાં આવે છે. મોટા પાયા ઉપર વાએજ પઢાવવું હોય છે કે મોલુદ શરીફ કરવી હોય છે તો પણ દહાડો નકી કરી લોકોને ખબર આપવામાં આવે છે. નીકાનું પણ તેમજ છે. વળી ફલાણા દહાડે ફલાણા આલીમ કે હાજી ફલાણે ગામથી આવવાનાં છે અગર જવાનાં છે તેમને મલવા જવા નો વખત નક્કી કરવામાં આવે છે. અને લોકો તે પ્રમાણે જાય છે. વાએજ, મોલુદ શરીફ, અને શાદીના તો ઇજન.

પણ દહાડો નક્કી કરી કાગળ લખીને પહેલાંથી મોકલવામાં આવે છે. વળી કોઈ પણ મોલવી હાફેજ કે આલીમ ગુજરી જાય છે. તો તેના જનાજામાં વખત નક્કી કરી તેમાં સામીલ થવા દુરદુરના માણસોને ખબર આપવામાં આવે છે. કે જેથી લોકો દુરદુરથી તેમાં સામીલ થવા આવે છે. લોકોના ઘેર શાદી હોય છે. તો પણ દહાડો નક્કી કરવામાં આવે છે. એટલે દહાડો વખત તો લોકોની સગવડ માટેજ નક્કી કરવામાં આવે છે. ઉરસનો દહાડો પણ એજ હેતુથી નક્કી થાય છે. નહીંતો ફાતેહા ગમે તે દિવસે દેવાઇ શકે છે. અમુક દિવસે એક ઠેકાણે લોકો ભેગા થયાથી શું ફાયદો થાય છે. તે સુધારાના હીમાયતીઓ આપણને વારંવાર બતાવે છે. એટલે વીવેચન કરવાની જરૂર નથી. બધા માણસો સાથે મળીને ફાતેહા પડે અને દોઆ માગે તો કાંઇ પણ ફાયદો થાય એ ઉઘાડું છે. વળી કોન્ફરન્સ અથવા એવી બીજી સમાજોના સંમેલનથી જે ફાયદા થાય છે તે પણ આમાં સમાએલા છે. એ દેખીતું છે.

માંગરોલમાં પીરનો ઓરસ.

તે વખતનો જલસો.

પીર સાહેબનો ઓરસ દરવરસે પોસ સુદ બીજથી ભ-

રાય છે. તે હકીકત મુંબઈના જાણીતા "સાંજ વર્તમાન" પેપરના તા. ૫–૧–૧૪ ના અંકમાં પ્રસીદ્ધ થએલી છે તે ઉપયોગી હોવાથી આ સ્થળે ટાંકી લેવામાં આવે છે.

સુરત અને ભરૂચ વચ્ચે આવેલ કોસંબા–ઝંખવાવ રેલ્વેના માંગરોલ ગામે પીર મોટામીયાં સાહેબનો ઓરસ હાલમાં ભરાયો છે. તેમાં દુરદુરથી સરસામાનની દુકાનો તથા લોકો આવેલ છે. દુકાનો ગયા ડીસેમ્બર મહીનાની ૨૦ મી તારીખથી આવવા લાગી છે. અને માલ આવતો જાય છે. આ ઓરસ લગભગ સવા મહીના સુધી રહે છે. અને લોકો ત્યાં આખા વરસની ખરીદી કરે છે. જેથી દુકાનદારોને ઘણી વકરી થાય છે. આ ઓરસ એકસોને આડ વરસથી દર સાલ થાય છે. જ્યાં પીર સાહેબના હજારો મુરીદો ભેગા થાય છે. પોસ સુદ બીજ એ તારીખ ઓરસ માટે મુકરર કરવામાં આવી છે. એ વખત લોકોને નવરાસનો હોય છે. એટલે તેમને ઓરસમાં આવવા સારી જોગવાઈ મળે છે. જુદા જુદા ગામના લોકો ત્યાં માંડવા નાંખે છે. અને પોતાના મળતીયાઓને બોલાવી તેમની મહેમાનદારી કરે છે. ખાવા પીવાની હોટેલો પણ ઘણી આવે છે. જેથી અજાણ્યા માણસને ત્યાં કાંઈ તકલીફ પડતી નથી. આ ઓરસમાં રપાઇ તથા ધમાલ ખેલવા દુરદુરથી જુદા જુદા વર્ગના ફકીરો

આવે છે. જેમને ગાદીવાળા પીર સાહેબ તરફથી અગીઆર મણ ખીચડી તથા નવ રૂપીઆ ઘીના મળે છે. અને એ લોકો ઉરસની રાતે દરગાહ આગળ રપાઇ ખેલે છે. ગાદીવાળા પીર સાહેબ આ વખત ત્યાં બેસે છે. અને બીજા ખલીફાઓ પણ ત્યાં હાજર રહે છે. રપાઇ રાતના બે ત્રણ કલાક થાય છે.

ઓરસના આગલા દહાડે સંદલ નીકળે છે. સંદલને દીવસે બધા લોકો પીર સાહેબના ઘર આગળ ભેગા થાય છે. અને ત્યાં દરગાહના ગલેફ, સુખડ, મલીદો, બતાસાં. ફુલની ચાદરો લોબાન વીગેરે, તાસકો તથા થાળ શણગારે છે. ઓલપાડ ગામના ઢોલી લોકો જે એકસોને આઠ વરસથી આ સંદલના મેળાવડા વખતે વગાડવા આવે છે તે વાજાં વગાડે છે અને મોટી ધામધુમથી સંદલની સવારી પીર સાહેબના મકાનેથી દરગાહ તરફ જવા રવાના થાય છે. સવારી ઘણી ધામધુમથી નીકળતી હોવાથી ગામના લોકો રસ્તો સાફ રાખે છે તથા પોલીસ સારો બંદોબસ્ત રાખે છે. આ સવારીમાં મોટા મોટા શેઠીઆંઓ પીર સાહેબનું સંદલ ઊપાડીને ચાલે છે. રસ્તામાં કસીદા તથા પીર સાહેબની તારીફ બોલતા તથા મોલુદ પઢતા થોડા લોકો આગળ ચાલે છે. આખે રસ્તે લોબાન બળતું જાય છે. અને ડગલે ડગલે ઢોલીઓ, હજામો, વીગેરે વસવાયા લોકોને પૈસા વહેંચતા જાય છે.

અહીં એવો રીવાજ છે કે પીર સાહેબ સંદલની સવારીમાં નીકળે ત્યારે ઢોલીઓ તેમની આગળ વાજાં વગાડે છે, હજામો પંખા નાખે છે. અને બીજાં વસવાયાઓ પોત પોતાનું કામ કરતા સંદલની આગળ ચાલે છે. બે ડગલાં ચાલીને ઢોલીઓ ઊભા રહે છે અને ઊભા રહ્યા એટલે બધા વસવાયાઓને પૈસા વહેંચવા પડે છે. એટલે પીર સાહેબના ઘર આગળથી દરગાહ સુધી જતાં ગરીબ ગરબાંઓને ઘણા પૈસાની ખેરાત કરવામાં આવે છે. આ રીવાજ પહેલાંથી જારી છે. આવી રીતે ધામધુમથી સંદલ દરગાહમાં આવે છે. અને પછી પીર સાહેબની કબર ઊપર ચઢે છે. સંદલ પછી ભરગચ્છીના કીંમતી ગલેફ ચડે છે અને પછી ફુલની ચાદરો ચઢે છે. પછી સંદલનો કસીદો તથા શીજરો પઢવામાં આવે છે. અને છેલ્લે પીર સાહેબ ફાતેહા પડી દોઆ માગે છે. આ વખતે હજારો માણસો હાથ ઊંચા કરી ફાતેહા પઢે છે. જે દેખાવ ઘણો અસર કરનારો થઈ પડે છે. પહેલાં પીર મોટામીયાં સાહેબ વાળી મોટી દરગાહમાં સંદલ ચડે છે. આ ક્રીયા થઇ રહ્યા પછી પ્રસાદ વહેંચવામાં આવે છે. જે લેવાને માટે ભાવીક લોકો મરી મટે છે. સંદલની સવારી ચાર વાગે સાંજના નીકળે છે. અને સાત વાગે ખલાસ થાય છે. રાતના તે દીવસે બધે રોશની કરવામાં આવે છે. અને રસ્તા

માં ફીટસનની બત્તીઓ લગાડવામાં આવે છે. રાતના ખાણા પછી મોલુદીઆઓ, કસીદા પઢનારા, કવ્વાલો તથા ભજન કલામ કહેનારા ભેગા થાય છે. અને આખી રાત દરગાહમાં તથા પીર સાહેબના ઘર આગળ ખુદાતાલાની તારીફ કરે છે. સંદલના બીજે દીવસે ઓરસ થાય છે. તે દીવસે પીર સાહેબ તરફથી તમામ મુરીદોને તથા ગામમાં આવેલા મેમાનોને એક મોટા પાયા ઊપર ખાણું આપવામાં આવે છે. હીંદુઓને પાકાં સીધાં અપાય છે. મુંબાઈ, સુરત જીલ્લો, ભરૂચ જીલ્લો, ખેડા જીલ્લો, અમદાવાદ જીલ્લો, રેવાકાંઠા, મહીકાંઠા, નવસારી પ્રાંત, વડોદરા પ્રાંત, કડીપ્રાંત, રાજપીપળાના રાજ્યના તાલુકાઓ વીગેરે ઠેકાણેથી એ ગાદીના મુરીદ લોકો આવે છે. અને દર વરસે એ ઓરસમાં ઉલટ ભર્યો ભાગ લે છે. આ પીર સાહેબના મુરીદોમાં ઘણા ઠાકોરો તથા તાલુકદારો પણ છે અને તે પણ પોતાના રસાલા સાથે મોટા ઠાઠથી આવે છે. તમામ મુરીદોની સંખ્યા વીસ હજાર જેટલી ગણાય છે. ગાદીની હાલત આબાદ છે. અને દરગાહની તમામ જાગીર પીર સાહેબના કબજામાં છે. ઓરસના ટાંકણે દરગાહને ઘણી આવક થાય છે, એટલુંજ નહીં, પણ આસપાસના ગામડાઓના લોકો પીર સાહેબ તરફ ઘણી ભેટો મોકલે છે. માંગરોલમાં હાલ ચાર દરગાહો પાકી બાં-

-વેલી છે. તે દમ મના ચારે તરફના દરવાજા જરમન સીલવર ના બનાવેલા છે. અને અંદર બધાને કઠેરા પણ જરમન સીલવરના છે દરગાહનાં કમ્પાઉન્ડમાં જવાનો મોટો દરવાજો પાકો છે અને તેના મોટા મોટા કમાડ પીતળના બનાવેલા છે. હજુ આ દરગાહમાં કામ ચાલે છે. અને થોડા વખત પછી એવી તો જોવા લાયક થશે કે લોકો દુરદુરથી ત્યાં આવશે. આ દરગાહોમાંની ત્રણ તો પીર બડામીયાં સાહેબની બનાવેલી છે. * પીરજાદા મોટામીયાંએ આ વખતે ઓરસ-નો બંદોબસ્ત ઘણો સારો કર્યો હતો. તેમણે બી. એ. સુધી કેળવણી લીધી છે. એટલે હાલના જમાનામાં તેઓ ઘણા પોસાય છે. અને લોકોનો ભાવ તેમના તરફ ઘણો વધ્યો છે. તેમને મુસલમાન ધર્મનું સારૂં જ્ઞાન હોવાથી તેઓને કડીના શહેર કાજી પણ નીમ્યા છે. શ્રીમંત ગાયકવાડ સયાજીરાવ મહારાજ છેલ્લા કડી ગયા ત્યારે તેમને પોતાની મુલાકાતનો લાભ આપ્યો હતો. × અને તેમની વાતચીતથી ઘણો સંતોષ

---

* પીર બડામીયાં સાહેબ તા. ૨૪-૨-૧૯૧૫ ના રોજ આ દુનિયાંથી ઉઠી ગયા છે. અને તેમની જગાએ પીર મોટામીયાં આવ્યા છે.

× વળી મહારાજ કોસંબા ઝખવાવ રેલ્વે જોવા પધાર્યા ત્યારે પણ મુલાકાત લીધી હતી. ઇ. સ. ૧૯૧૪ માં

મેળવ્યો હતો. પીરજાદા મોટામીયાં લાલ પોતાના મુરીદોની કેળવણી માટે ઘણી કોશીશ કરે છે. અને હંમેશાં બોધ કરી તેમને સુધારાના માર્ગ ઉપર લાવે છે. તેમને અરબી, ફારસી, ઉરદુ, હીંદી, અંગ્રેજી, ગુજરાતી વીગેરે ભાષાઓનું જ્ઞાન હોવાથી લોકો ઉપર તેમની સારી છાપ પડે છે. અને લોકો તેમનું કહેલું માને છે. તેમની દેખરેખ અને નજર નીચે માંગરોલના ઓરસ ભરાયો છે. અને હજુ જારી રહી આખા જાનેવારી મહીના સુધી ચાલશે. આટલી લાંબી મુદત સુધી કોઇપણ ઓરસ આખા હિંદુસ્તાનમાં ભરાતો નહિં હશે.૧

માંગરોલ ગામ.

આ માંગરોલ "પીર મોટા મીયાંની માંગરોલ"ના નામથી પ્રખ્યાત છે. એ નવસારી પ્રાંતના વેળાછા તાલુકામાં આવેલું છે. અને કોસંબા ઝંખવાવ રેલવેનું એક સ્ટેશન છે. ત્યાં જવા બી. બી. એન્ડ સી. આઈ મુંબઇવાળી મોટી રેલ્વે લાઇનના ભરૂચ અને સુરત વચ્ચે આવેલા કોસંબા સ્ટેશને ગાડી બદલી નાની રેલ્વેમાં બેસવું પડે છે. કોસંબાથી ત્રીજું સ્ટેશન માંગરોલ છે. મુંબાઇ તથા અમદાવાદથી જે ગાડી રાત્રે દશ વાગે ઉપડે છે, તે કોસંબે સવારે પહોંચે છે. અને

૧ તપાસ કરતાં જણાય છે કે આખી દુનિયામાં આટલી લાંબી મુદત સુધી કોઈ ઓરસ ભરાતો નથી.

માંગરોલની ગાડીને લાગુ પડે છે. હાલ કોસંબેથી માંગરોલ તરફ એકજ ગાડી જાય છે. એટલે ત્યાં જનારને તે ગાડીઓજ અનુકુળ પડે છે. એ ગાડીઓ પાર્સીંજર હોય છે. અને દરેક નાના સ્ટેશને પણ ઉભી રહે છે. અમદાવાદથી થર્ડક્લાસનું ભાડું રૂ ૧—૧૧—૩ વડોદરેથી રૂ ૦—૧૫—૩ કડીથી રૂ ૧—૧૫—૬ વીરમગામથી રૂ ૨—૨—૩ ભરૂચથી રૂ ૦—૭—૦ સુરતથી રૂ ૦—૭—૬ નવસારીથી રૂ ૦—૧૧—૩ અને મુંબઇથી રૂ ૨—૬—૩ થાય છે. માંગરોળની સળંગ ટીકીટ ન મળી શકેતો કોસંબાની ટીકીટ માંગવી. કોસંબેથી માંગરોળના રૂ ૦—૩—૬ થાય છે. માંગરોળ જનારને કોસંબા સ્ટેશને આસરે એક કલાક જેટલો વખત ચા પાણી વીગેરે માટે મળે છે. માંગરોળગામથી સ્ટેશન આસરે એક માઇલ છે. જવા આવવા માટે સડક છે. ત્યાં ભાડાની બળદ ગાડીઓ તથા મજુરો મળી શકે છે. પણ કદાચ ગામના પટેલને લખ્યું હોય તો તે વધારે સુગમ પડે છે. ગામના હાલ પટેલ મી. ગુલામમહુમદ સાલેજી છે. અને કદાચ તેમને ખબર આપીએ તો તેઓ સ્ટેશન ઊપર ભાડેથી ગાડી વીગેરે મોકલી આપે એવા માણસ છે. ગામમાં પીર સાહેબના મુરીદો સારા મોહોબતવાળા છે અને જનાર માટે

થોડા થોડા થઇ જાય છે. ગુલામ મહમદ પટેલ, દાવજી ઓબાત. ઇબ્રાહીમ રાવત, સાલેજી મેમાન, જુસેજી રાવત, વિગેરે લોકોનાં ઘરો મહેમાનદારી માટે ઘણાં આગળ પડતાં છે. ગામના બીજા માણસો પણ ઘણા સારા અને મળતાવડા છે. અને પીરના નામથી જનાર માણસ માટે જીવ કહાડે છે. એકંદરે હાલ તેમની રહેણી કરણી ઘણી સારી છે. અને પીરની દુઆથી તેઓ સુખી છે. તેઓ સારી રીતે સમજે છે કે આપણે પીરની ઝ્યારત કરવા આવનારાઓની ખીજ-મત કરીશું અને પીરની દુઆ લઇશું તો ઘણા સુખી થઇ-શું. તેમનો આ ખ્યાલ બેશક ઉત્તમ છે. આ પીરના ખાન-દાનના પીર જાદાઓ પણ ઘણા પ્રેમાળ અને ધરમીષ્ટ પુરૂ-ષો છે. તેઓ સાદાઇ અને ફકીરી માટે અસલથી પ્રખ્યાત છે, અને હજુ પણ ફકીરી રસ્તા ઉપર કાયમ છે. અસલથી ચાલતી આવેલી સારી બાબતોને તે પસંદ કરે છે. અને તે પ્રમાણે ચાલવામાં તેઓ આનંદ માને છે. તેમના ત્યાં દરેક બાબત એવી ગરીબાઈ અને સાદાઇ વાળી છે કે ત્યાં જનાર માણસના મન ઉપર તેની અસર થાય છે. તેમના લખોપતિ મુરીદો કે જેને ત્યાં સાહેબીનો પાર હોતો નથી તેપણ ત્યાં રંક જેવા બની જાય છે. એમના દરબારમાં બધો ફકીરાની મામલો છે, એ જનાર માણસ સારી રીતે, જાણે છે. પીર

સાહેબ હમેશાં દરગાહ આગળ પોતાનો મુકામ રાખે છે અને ઘણી સાદી સાદડી ઉપર કે વાઘના ચામડા ઉપર બેસે છે. તેમના ઘર આગળ અમીરોના જેવો ઠાઠ માઠ નથી. પણ બધું સાદે સાદુંજ છે. તેઓ પોતાની બેઠક દરગાહના ઓટલા ઉપરજ રાખે છે એટલે ગમે તે વખત ગમે તે માણુસ તેમને મળી શકે છે જાણી જોઇને તેઓ ઘર આગળ સાહેબી વધારતા નથી અને કહે છે કે અમને ખુદાએ ફકીર બનાવ્યા છે તેથી સાદાઇમાં રહેવામાંજ અમને માન છે. કારણ કે પેગમ્બર સલ્અમ પણ સાદાઇમાંજ રહેતા હતા. એમના ઘરનું સાદાપણું જોઈ લોકોને અજાયબી લાગે છે. હાલના પીર મોટામીયાં સાહેબનો પોશાક તથા રીતભાત એવાં સાદાં છે કે તેમણે બી. એ. સુધી અભ્યાસ કર્યો છે એવું કોઈ ભાગ્યેજ ખ્યાલ કરી શકે. તેઓ પોતાના નિત્ય કર્મમાં એવા ચુસ્ત છે કે અગીયાર વરસથી તેમનો વજીફો (નિત્ય કર્મ) ખંડન થએલ નથી. તેમનો યોગાભ્યાસ પણ સારો છે આ માંગરોલની ગાદી ખરી "ફકીરાની ગાદી" છે. *

માંગરોળમાં જગમેળો.

"મુંબાઇ સમાચાર" પોતાના તા. ૬-૪-૧૫ના અંક-

---

* ત્યાં લક્ષાધીપતિ અને ગરીબ મુરીદો બધા માટે સાદો અને ગરીબાની ખોરાક હોય છે.

માં લખે છે કે–ગાયકવાડી વેલાછા તાલુકામાં આવેલા માંગરોળ વાળા હજરત બડામીયાં સાહેબ તા. ૨૪–૨–૧૫ ના રોજ * આ દુનિયામાંથી ઉઠી ગયા તેમની જયારતનો ખરચ તેમના ચાળીસમાંના આજના દિવસે એટલે તા. ૫–૪–૧૫ ના રોજ માંગરોળ ખાતે ભારે ધામધુમથી કરવામાં આવ્યો હતો. આ પ્રસંગ ઊપર માંગરોળ ખાતે તેમાં ભાગ લેવા ને માટે માંગરોળની ગાદીના ઊત્તરથી દક્ષિણમાં એટલે આબુથી મુંબાઇ સુધીના બ્રીટીશ અને ગાયકવાડી તેમજ બીજા રાજ્યોની હદમાં વસતા એ ગાદીને માનનારા આસરે ૫૦ હજાર જેટલી મોટી સંખ્યાના મુરીદોને તે ગાદીના હાલના પીરજાદા મોટામીયાં તરફથી આમંત્રણ કરવામાં આવ્યાં હતાં. એ આમંત્રણને માન આપી સુરત, રાંદેર, મુંબાઇ, કડી, પાલણપુર, ભરૂચ, અંકલેશ્વર, અમદાવાદ, વીરમગામ, વડોદરા, પાટણ, સચીન, વીગેરેના અને માંગરોળની આસપાસ પ્રગણાના દરેક ગામો માંહેલા આસરે દસ હજાર જેટલી સંખ્યા એ ભાગ લીધો હતો. આટલુંજ નહીં પણ માંગરોળ અને તેની આસપાસનાં ગામોમાં વસતા જુદી જુદી જાતના

---

* હી. સ. ૧૩૩૩ ના રબીઉલ આખર એટલે અગીયારમીના મહીનાની તા. ૯ ને બુધવારને રોજ સવારના ચાર વાગે પીર સાહેબ બોલતા બોલતા ઉઠી ગયા હતા.

હીંદુઓને પણ આ પ્રસંગમાં ભાગ લેવા પીરજાદા મોટામીયાં સાહેબ તરફથી ખાસ આમંત્રણ કરી તેઓના ઊતારા તેમજ ખાવા પીવા વીગેરેની ગોઠવણ અલાહેદી બ્રાહ્મણ રસોઇઆ રોકી કીધી હતી.

પરોણાઓનો સ્વાગત અને જમણ.

રેલવે અને ગાડાં મારગે આવેલા આ ગાદીના અસંખ્ય મુરીદોના પીર મોટામીયાં સાહેબ તરફથી ઘટતો સ્વાગત કરવામાં આવતો હતો. અને તેઓને માટે રાખેલી ગોઠવણ મુજબ ગામમાં ઉતારાઓ આપી જમણ લેવા માટે આમંત્રણ થતું હતું. જમણનું કામ સવારથી બપોર, અને બપોરથી સાંજ સુધી ચાલ્યું હતું. બહારથી આવેલા અસંખ્ય મુરીદો પીર સાહેબના રોજામાં આવેલી બડામીઆં સાહેબની દરગાહ (કે જે બડામીયાં સાહેબે પોતાની હયાતીમાં દક્ષિણ પુર્વની બાજુમાં તૈયાર કરાવી હતી અને તે તૈયાર થવા પછી થોડા રોજમાં તેઓ આ ફાની દુનિયા છોડી ગયા છે તેઓ) ને તેમજ તેમની બાજુમાં તેમનાં દીકરી દાદી બીબી સાહેબની અને તેની બાજુમાં આવેલી પીર સાહેબ મોટા મીયાં સાહેબની તથા સામી બાજુએ આવેલી પીર સાહેબ દાદામીયાં સાહેબની દરગાહોમાં અનુક્રમે જઇ નમન કરવાં તેમજ પુષ્પાહાર ચઢાવતા નજરે પડતા હતા. આ સઘળી દરઘાહો

ઉપર જરીન ગીલાફો અને પુષ્પમાળા ચઢાવવામાં આવ્યાં હતાં. તેમજ તે દરેકની અંદર એ ગાદીના મુરીદો તરફથી આરસના પથરો જડાવી દઇ તેની ભવ્યતામાં વધારો કરવામાં આવ્યો છે. રાત્રે હાંડી ઝુમર તેમજ કીટસન લાઇટની રોશની કરવામાં આવી હતી. કબરની આસપાસ ચાંદીથી મઢેલો કઠેરો છે તેમજ તે દરેકના બારણાઓ જરમન સીલવરના મઢેલાં છે. રોઝામાં જવાના કુશાદે દરવાજાનાં મોટાં બારણાં પીતળથી મઢેલાં છે; મરહુમ પીર બડા મીયાં સાહેબે પોતાની ગાદીની કીર્તિ અને માન સ્થાઇ જળવાઇ રહે તે માટે પોતાના ગાદી વારસ પીરજાદા મોટામીયાં સાહેબને ધારમીક જીવનની ઉંચી બાબતો બક્ષીસ કરી સારો લાભ આપ્યો છે.

સજ્જાદાનસીન પીર મોટામીયાં સાહેબ.

માંગરોલની ગાદી ઉપર સ્થાપીત થએલા સજ્જાદાનસીન પીર મોટામીયાં સાહેબ ૩૩ વરસની વયના કેળવાયલા સુજ્ઞાન છે. [૧] તેઓનો જન્મ ગાયકવાડી પ્રાંત કડીમાં સને ૧૮૮૨ માં થયો હતો. તેઓએ બાળપણમાં દીની અને દુનવયી કેળવણીનો સારો અભ્યાસ કર્યો હતો. તેમણે ગુજ-

---

૧ તેઓ પોતાના પિતા પીર કાયમદીન બાવા સાહેબ ગુજરવાથી ઇ. સ. ૧૯૦૬ માં તેમની જગાએ કાયમ થયા હતા.

રાતી ઉપરાંત પ્રાકૃત-સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરવા ઉપરાંત રાજ્યભાષા તરીકે અંગ્રેજીનો પણ ઊંચા વર્ગ સુધી અભ્યાસ કરી બી. એ. સુધી પોતાના અભ્યાસને આગળ વધાર્યો હતો. તેઓએ ગાયકવાડી રાજ્યમાં એક અધિકારી તરીકે આગળ કામ કરી લોકોની સારી પ્રીતિ સંપાદન કરી હતી એ હુંજ નહીં, પણ સુરત એજન્સી તાબેના સચીન સંસ્થાનના હાલના નવાબ ગાદી ઉપર આવ્યા ત્યારથી તેમના પરસનલ એસીસ્ટંટ અને પાછળથી એ રાજ્યના ના૦ દીવાન થયા હતા. પીર સાહેબ મોટામીયાં જે ગાદી ઉપર આવ્યા છે તે ગાદીને કોઇ જાતનું કરજ નથી, પરંતુ તેને વરસ દહાડે ઘણી સારી આવક છે. એમ છતાં પણ એ ગાદી ધરાવનારા પીર સાહેબ વૈભવી જીંદગી નહીં ગાળતાં સાદાઇ ઉપર પોતાનું જીવન ગાળી પોતાના મુરીદોનું શ્રેય થાય તે પાછળ વધારે કાળજી અને ઉલટ ધરાવવામાં પોતાના નાણાનો મોટા ભાગે સદઉપયોગ કરતા રહેલા છે; અને તેના પુરાવા તરીકે એટલુંજ જણાવવું બસ થશે કે મરનાર પીર સાહેબ ની જ્યારતનો આસરે ૨૦ થી ૨૫ હજાર ઉપરનો ખરચ તેઓએ કરી પોતાની મોટી સંખ્યાના મુરીદોને અને બીજાઓને તેમાં ઉલટ ભર્યો ભાગ આપી એ ગાદીની ઉજવળતા

અને કીર્તિને વધારે પ્રકાશીત બનાવી છે.*

સંદલનું સરઘસ.

ગઇ કાલે સાંજે ચાર વાગે પીર સાહેબના મકાનેથી સંદલ (સુખડ) ચઢાવવા માટે સરઘસ કાઢવામાં આવ્યું હતું. પીર મોટામીયાં સાહેબ સરઘસમાં સજ્જાદાનસીનના લિબાસમાં વચ્ચે ચાલતા હતા. સંદલનું આ સરઘસ ગામમાં ફરી દોઢ કલાકે પીર સાહેબના રોજામાં આવ્યું હતું અને સજ્જાદા નસીન પીર સાહેબ તેમના ભાઈ ભાંડુઓ અને મુરીદોએ સંદલ (સુખડ) ચઢાવી હાજર રહેલા મીજલસના લોકોમાં પ્રસાદ વહેંચ્યો હતો.

રાત્રે સુરતથી આવેલા હાજી સાદકમીયાંએ મોલુદ પઢી હતી. આજ સવારે મોટી મીજલસ થઇ હતી જે પ્રસંગે ફાતેહાની ક્રીયા થવા બાદ સજ્જાદાનસીન નવા પીરસાહેબ મોટામીયાં સાહેબને હાજર રહેલા મુરીદો તરફથી સ્યાલ દોસાલાની તેમજ રોકડની ભારે ભેટો થઇ હતી. આ ઉપરાંત સુરતવાળા સરદાર મીર મુજફ્ફર હુસેનખાન સાહેબ અચીનના

---

* પીર મોટામીયાં સાહેબે આ જગમેળા વખતે દરગાહની બહાર પગ મુકયો નહોતો. છતાં આટલી બધી તજવીજ શી રીતે થઇ અને બધાની સવડ શી રીતે સચવાઇ એ વિશે લોકો તાજુબીમાં છે.

દીવાન ખા. બા. યુસફ્અલી ખાનસાહેબ છોટાઉદેપુર સ્ટેટ તરફથી નવસારીના પીરજાદા પ્યારેસાહેબ તરફથી જુદા જુદા પોસાકોની ભેટ પીરસાહેબને થઇ હતી જ્યારે સચીનના નામદાર નવાબ સાહેબ તરફથી ચોથીઆના જ્યારતને દીવસે પોશાક આપવામાં આવ્યો હતો. ગઇ કાલની પેઠે આજે પણ સવારથી મુસલમાનો તેમજ માંગરોળના અને આસપાસના ગામોના હીંદુઓને શીરાનું જમણ આપવામાં આવ્યું હતું જે જમણનું કામ સવારથી રાત સુધી ચાલ્યું હતું. કેટલાક મહેમાનો આજે વીદાય થયા હતા ત્યારે મોટો ભાગ પીર મોટામીયાં સાહેબના આગ્રહથી માંગરોલ ખાતે રહયો હતો.*

પીર મોટામીયાંને પીર બડામીયાં સાહેબે ગુજરવાના બે વરસ અગાઉ ઇલમની કેટલીક ચીજો બક્ષીસ કરી હતી. જે હાલ પણ તેઓ હંમેશાં પઢે છે. વળી પીર બડામીયાં સાહેબ દુનિયાથી ઉઠવાથી તેમની ઇચ્છા પ્રમાણે તેમની ઇલમની

---

* મુંબાઇ સમાચાર તા. ૭મી એપ્રીલ ૧૯૧૫ ના અંકમાં ઉપલી હકીકત તેમના ખાસ ખબર પત્રી તરફથી પ્રકટ થઇ હતી. હજરત બડામીયાં સાહેબ તા. ૨૪-૨-૧૫ પ્રમાણે રબીઉલ આખર એટલે અગીયારમીના મહીનાની ૯ મી તારીખને બુધવારને રોજ આ દુનિયાંથી ઉઠયા હતા.

તમામ કિતાબો, તેમનો પોશાક, મુસલ્લો, તસબી, ખડાયો; તથા બીજી તેમની તમામ બુઝુરગાની ચીજો પીર મોટા મીયાં સાહેબને મળી છે. જેનો તેઓ બુઝુરગોના રિવાજ પ્રમાણે ઉપયોગ કરે છે. આ પીર મોટામીયાં સાહેબ માંગરોલની ગાદી ઉપર ત્રીજા મોટામીયાં છે.§ ગાદીની ન્યામત તેમને મળવાથી તેમનાં આશિર્વાદ તથા તાવીજ લેવા દુર દુરથી લોકો આવે છે.

હાલના પીર મોટામીયાં સાહેબ.

સયાજી વિજય પોતાનું ચાલુ સાલનું ભેટનું પુસ્તક પીર સાહેબને અર્પણ કરતાં તેમાં લખે છે કે "નવસારી પ્રાંતમાં ભરૂચ અને સુરત વચ્ચે આવેલ માંગરોલની પીરની ગાદીવાળા જનાબ પીર મોટામીયાં સાહેબના ઘણા મુરીદો (સેવકો) આ રાજ્યમાં હોઇ તેમનું કુટુંબ લંબા વખતથી આ ઇલાકામાં પ્રખ્યાત છે. તેમની ગાદી હેઠળ લગભગ ૨૫ થી ૩૦ હજાર જેટલા મુરીદો છે. તેઓના વડીલો અસલ અરબસ્તાનના વતની હોઇ લોકોના આગેવાન હોવાથી સારો મરતબો ભોગવતા હતા. તેમના વંશજો હિંદુસ્તાનમાં મુગલ

---

§ પહેલા મોટામીયાં સાહેબ જેમણે માંગરોલમાં ગાદી કાયમ કરીને બીજા મોટામીયાં હાલના મોટામીયાં સાહેબના દાદા અને ત્રીજા મોટામીયાં હાલ ગાદીએ બેઠા છે તે પોતે.

બાદશાહત સ્થપાઇ તે પેહેલાં પંજાબમાં આવી પછી ગુજરાતમાં પાટણ, અમદાવાદ, કડી વગેરે સ્થળે આવ્યા હતા.

પીરજાદા મોટામીયાં સાહેબનો જન્મ આ રાજ્યના કડી કસ્બામાં થયો હતો. તેમના પિતા પીર કાયમદીન બાવા સાહેબે* નાનપણમાંથીજ તેમના વિદ્યાભ્યાસ તરફ લક્ષ આપ્યું હતું. પીર કાયમદીન બાવા સાહેબ ઘણા સાદા અને મળતાવડા સ્વભાવના સખસ હતા. તેઓ પોતાના પીરજાદાને ઉત્તમ અને સંગીન કેળવણીમાં પ્રવિણ થએલા જોવાને ઘણા ઉત્સુક હતા. તેમણે પીરજાદા મોટામીયાં સાહેબને બી. એ. સુધી અભ્યાસ કરાવ્યો હતો. અને વળી ગુજરાતી, ઊર્દુ, ફારસી વગેરેની પણ સારી કેળવણી આપી હતી. કડીના મુસલમાનોએ જનાબ પીરજાદા મોટામીયાં સાહેબને તેમની ઉંચી કેળવણી અને પ્રવિણતાના સબબે કડીના શહેર કાઝી તરીકે ચુંટી કાઢયા હતા હાલ તેઓ કડીના શહેર કાઝીનો હોદ્દો ધરાવે છે.

---

* આ કાયમદીન બાવા સાહેબ બીજા કાયમદીન બાવા છે. પહેલા કાયમદીન બાવા સાહેબ બસો વરસ ઉપર થઇ ગયા છે. તેમણે નુરન્નોશન નામની કિતાબ બનાવી હતી. તેમની દરગાહ વડોદરા પ્રાંતના પાદરા તાલુકાના એકલબારા ગામે છે.

તેમના પિતા તથા દાદાની હયાતીમાં તેઓ આ રાજ્યની નોકરીમાં ઈ. સ. ૧૯૦૭માં જોડાયા હતા. અને તે પછી ટુંક મુદતમાંજ સચીનના ના. નવાબ સાહેબે તેમની પોતાના રાજ્યમાં નાયબ દિવાન તરીકે માગણી કરી હતી. હજુરશ્રીની મંજુરી મળવાથી ઈ. સ. ૧૯૧૦ માં સચીન સ્ટેટમાં નાયબ દિવાન નિમાયા હતા. ના નવાબ સાહેબના સારા વલણથી ઉત્તેજન થઈને તેમણે ત્યાં સારૂં કામ કરી બતાવી કીર્તિ પ્રાપ્ત કરી છે. એમના સારા કામથી ના. નવાબ સાહેબના તેમની ઉપર સારો ભાવ વધ્યો હતો. તેમનો જોખમદારી ભર્યો હોદ્દો અને કામનું ભારણ છતાં પોતાની ફરજ સંપુર્ણ રીતે બજાવવા ઉપરાંત વખત મેળવીને રસુલે અરબી (હઝરત મોહમદ પેગંબર સાહેબના જીવન વૃત્તાંતનું પુસ્તક) સારા પાયા ઉપર બહાર પાડી પીરજાદા તરીકેની પોતાની ખરી ફરજ બજાવી છે. આ પુસ્તક પાછળ જેટલી મેહેનત લેવામાં આવી છે તેટલુંજ તે લોક માન્ય થયું છે. મોટા મોટા વિદ્વાનોએ એકે અવાજે વખાણ્યું છે. તેઓએ બીજાં પુસ્તકો પણ પ્રગટ કર્યાં છે અને હજુ પણ તે પ્રયાસ જારી છે.

તેઓ સાહેબ સુન્ની પંથના અને ચિસ્તીયા સંપ્રદાયના પીરજાદા ગણાય છે. અને અજમેરના ખ્વાજાપીર, દીલ્લીના કુતબુદદીનપીર, પીરાન કલીયરના અલીઅહમદ સાબિરપીર,

દીલ્હીના નિઝામુદ્દીન ઓલીયા વગેરે એવા એવા ચિસ્તીયા સંપ્રદાયના મહાત્માઓને માનનારા લોકો પીરઝાદા મોટામીયાં સાહેબની ગાદીને માને છે. કારણ કે આ રાજ્યમાં ચિસ્તીયા સંપ્રદાયની ગાદી આ એકજ છે

ગયા ફેબ્રુઆરી માસમાં પીર બડામીયાં સાહેબના જન્નતનશીન થવાથી માંગરોલની ગાદીનો વહીવટ જનાબ પીર મોટામીયાં સાહેબે પોતાને હસ્તક લીધો છે. એ વહીવટ હસ્તક લેતી વખતે દબદબાભરી ધાર્મીક ક્રિયા થઈ હતી અને તેઓ સાહેબને એ પવિત્ર ગાદીનો વહીવટ સોંપાયો હતો.

જનાબ પીર મોટામીયાં સાહેબ ગાદીના સજ્જાદાનશીન થતાંજ તેમણે પોતાના તમામ મુરીદો અને એ ગાદીને ભક્તિભાવથી માનનારાઓ તથા લાગતા વળગતાઓને નોતરી ગયા એપ્રીલ મહીનામાં માંગરોલમાં એક જગમેળો કર્યો હતો. જેમાં દસ બાર હજાર માણસો ભેગાં થયાં હતાં. લોકો કહેછે કે માંગરોલમાં આજ સુધી એવો જગમેળો કોઇ વખત થયો નથી, એ જગમેળામાં જનાબ પીર સાહેબે લોકો પ્રત્યે જે પ્રીતિભાવ અને મિલનસારપણું દેખાડયું હતું, તેથી ચોગરદમ તેમની તારીફ થઇ હતી. જનાબ પીર મોટામીયાં સાહેબની ઉમર હાલ ૩૪ વરસની છે. તેમણે આ જીલ્લાનાં લોકોનો ઘણો અનુભવ મેળવ્યો છે. તેમ તેઓ ગુરૂ—પીર

વરીકેનું પોતાનું જોખમ પણ સારી પેઠે સમજે છે.

હિંદુ અને મુસલમાનો હવે એકજ દેશની પ્રજા હોઈ તેઓ વચ્ચે ઐક્ય વધારવાની જરૂર છે. ધર્મગુરૂઓ તે કામ બીજી કોઇ પણ વ્યક્તિઓ કરતાં સારૂં કરી શકે. પણ હાલના ધર્મગુરૂઓનો મોટો ભાગ કે જે ધર્મનાં તત્વોથી તથા જમાનાની જરૂરીયાતથી અજ્ઞાન અને મોજશોખી જીંદગી ગાળનારો છે. તે તેમ કરી શકે તેમ નથી.

જનાબ પીરજાદા એક ધર્મગુરૂ છતાં ધર્મનાં તત્વોથી તેમ આધુનિક અંગ્રેજી કેળવણીથી સંસ્કૃત હોવાથી આપણે તેમનામાં એવી આશા. હિંદુ મુસલમાન વચ્ચેના મતફેર દુર કરી તેમને એક દેશની એક પ્રજા બનાવવાની આશા રાખીએ તો તેમાં કાંઇ ખોટું નથી. વૈષ્ણવ ધર્માચાર્ય સ્વર્ગસ્થ શ્રીમાન દેવકીનંદનજી મહારાજ અને નામ૦ આગાખાનની માફક સ્થળે સ્થળે ફરી તેવાં ભાષણો વગેરે આપી તે હેતુ સિદ્ધિએ પહોંચાડવા માટે જનાબ પીર સાહેબ એક યોગ્ય પુરૂષ હોવાથી સર્વ શક્તિમાન પ્રભુ તેમને બળ અને દીર્ઘાયુ બક્ષે. એવી અમારી અંતઃકરણ પૂર્વક

પ્રાર્થના છે. * "

હુસેનમીયા સાહેબ.

હાલના પીર મોટામીયાં સાહેબના કાકા બાવામીયાં સાહેબના દિકરા પીરજાદા હુસેનમીયાં સાહેબ માંગરોલમાં રહે છે. તેમની ઊમર હાલ જવાન છે. પણ સમજ શકિત ઘણી સારી છે. જે મુરીદો ત્યાં જાય છે. તેમની ઘણી સારી દેખરેખ રાખે છે. અને સગાંવહાલાંઓની પણ બરોબર બરદાસ રાખે છે. પીર મોટામીયાં સાહેબની તેમની ઉપર ઘણી પ્રીતિ છે. તેઓ તેમને દરેક વાતે રાજી રાખે છે. હુસેનમીયાં સાહેબ § હાલ બુજુર્ગોના ચલણ ઉપર હોવાથી લોકોની પ્રીતિ

---

* આ પીર મોટામીયાં સાહેબના દાદાનું નામ પણ મોટા મીયાં સાહેબ હતું. તેમનાં લગ્ન વીરમગામવાળા લાલપીર સાહેબની બહેન સાથે થયાં હતાં. હાલના પીર મોટામીયાં સાહેબના લગ્ન પણ લાલપીરની દીકરીની દીકરી સાથે થયાં હતાં. હાલના પીર મોટામીયાં સાહેબના પિતાનું નામ કાયમુદ્દીન ઉર્ફે (કાયમદ્દીન બાવા) હતું. તેઓ નવ વરસથી દુનિયાંથી ઉઠી ગયા છે. તેમના કાકા બાવામીયાં સાહેબ પણ તેર ચૌદ વરસથી ગુજરી ગયા છે.

§ હુસેનમીયાં સાહેબનું લગ્ન પ્રથમ વીરમગામના લાલપીર સાહેબના ભત્રીજા હજરત દાદામીયાં સાહેબની દીકરી જોડે થયું હતું; જે બાઈ ગુજરી ગયાં છે.

તેમની તરફ પણ સારી છે. તેમનો સ્વભાવ ઘણો સાદો અને મિલનસાર છે.

વધુ સત્ર.

માંગરોળની ગાદીવાળા પીરજાદા સાહેબો મુરીદોની કાળજી રાખવામાં કાંઇ પણ ખામી રાખતા નથી. હાલ દરગાહના કંપાઉન્ડની મસજીદ દુરસ્ત કરવાનું તથા તેની સાથે વાએજ તથા મોલુદ શરીફ પઢવા માટે એક મહેફીલખાનું બનાવવા પીર સાહેબ ખાએશ રાખે છે. અને આશા છે કે તે થોડી મુદતમાં તૈયાર થઇ જશે. આ ચીજોની ગાદીના મુરીદોને ઘણી જરૂર છે. માટે તે તૈયાર કર્યા વિના છુટકો નથી. વળી દરવરસ ઘણા મુરીદો ઉરસમાં આવતા હોવાથી ગામના મકાનો પુરાં પડતાં નથી. તેથી દરગાહના કંપાઉંડમાં એક મોટી ચાલી બાંધવાની પણ પીર સાહેબને કાળજી છે. જે ખુદાતાલા બર લાવશે. ઓલપાડના મુરીદોને આવા મકાનની ખાસ જરૂર છે. કારણ કે તેઓ અસલથી ડોલી વીગેરે બીજા માણસોને લઇને મોટા ખટલા સાથે ઉરસમાં આવે છે. મુંબાઇના મુરીદોને પણ આવા એક અલગ મકાનની જરૂર છે. માટે તેમણે દરખાસ્ત કરવી જોઇએ. જુદા જુદા જગ્યાના મુરીદોએ જુદા જુદા ખંડ માટે પીર સાહેબને અરજ કરવી જોઇએ. હવે રેલ્વે થવાથી ઘણાં મુરીદો દુરદુરથી

મોટી સંખ્યામાં આવવા લાગ્યા છે. એટલે હમણાંથી એવી તજવીત થાય તો ઠીક. નહીંતો આગળ ઉપર જગાની ટાંચ પડશે. ગામના પટેલ તથા આગેવાનોએ આ કામમાં પુરી મદદ કરવી જોઇએ. કારણ કે જો પીર ન હોય તો તેમના ગામને કોઇ પુછત નહિં. અને ત્યાં કદી કોઇ આવત પણ નહિં. પણ પીર ત્યાં લેટેલા છે એટલે દુરદુરથી લોકો ત્યાં આવે છે. પીરની જગા કાયમ છે તેને વધારવાની કોશીશ કરવી જોઇએ. પીરનોજ પ્રતાપ છે કે માંગરોલના લોકોના નામ આ કિતાબમાં પ્રસિદ્ધ થયાં છે. નહીંતો પીરના બીજા મુરીદો એટલા બધા અને એવી સારી હાલતનાં છે કે માંગરોલવાલા તેમની સામે કાંઇ નથી. પણ પીરની ખાનકાહને લીધેજ તેમનું માન છે. પીરની જગા તેમના ગામમાં જુના વખતથી છે તેથી ત્યાં હજારો લોકો આવે છે. માટે આગેવાનોએ આ જગા ઉપર બીજી ચીજ કરતાં વધારે ધ્યાન આપવું જોઇએ, પીરની દુઆથી તેઓ આબાદ થએલા છે. એ તેમણે ખાસ સમજવું જોઇએ. પીર ખુદાતાલાનો રસ્તો દેખાડનારા છે. એટલે તેમનો દરજ્જો બીજા કરતાં મોટો છે. ખુદાતાલાએ આપેલી આવી મોટી ચીજ માટે તેનો આભાર માનવો જોઇએ.

હાલમાં માંગરોલમાં તથા એકલબારામાં પીર મોટામીયાં સાહેબનો જે જે બાંધકામો કરવાનો ઇરાદો છે તેથી લોકો

અજાણ્યા નથી. તેમણે ગઇ સાલ એકલબારામાં એક મોટો પાકો કુવો તૈયાર કરવ્યો છે જેથી ત્યાં પાણીની જે ભારે મુશ્કેલી હતી તે દુર થઇ છે. * વળી બંને ઠેકાણે હજુ પણ ઘણાં બાંધકામો કરવાની તેમની કોશીશ જારી છે.

ઓલીયાઓની જયારત.

વલી લોકો ખુદાના આશક અને તેના ખાસ બંદા છે. તેમના ઉપર ખુદાની હમેશાં મહેરબાની અને મીઠી નજર હોય છે તેઓ હમેશાં તેની છાયા નીચેજ રહે છે. જ્યારે તેઓ દુનીયામાંથી પડદે થાય છે. ત્યારે તેમની રૂહ (આત્મા) તેમના શરીરથી જુદી થઇ તેની નેકીના સબબથી એક સારી જગાએ જઇ શાંતિ અખત્યાર કરે છે. અને શરીર જમીનમાં દફન થાય છે. અને નેક રૂહ ઘણી મુદ્દત સુધી આ શરીરમાં રહીને શરીર પાસે સારાં કામ કરાવે છે. જેથી ખુદાવાલાની પસંદગી મેળવી વધારે નેકી ધારણ કરે છે. અને શરીરને પણ નેકીનાં કામ કરવામાં સામીલ કરે છે. તેના નેક સંબંધના લીધે શરીર નેક કામો કરનારૂં ખુદાવાલાની નજરમાં સાબીત થાય છે. તેથી તેના ઉપર રૂહના જેવી

---

* આ કુવાના કામમાં સુરતની એક સખી વજુદ બાઇ સોનબાઇએ ઘણી મદદ કરી છે જેનો બદલો ખુદાવાલા તેમને આપશે.

ખુદાતાલાની રહેમ નજર અને કૃપા થાય છે. આવું નેક કામ કરનારૂં શરીર કે જેણે પોતાના સાંધા ખુદાતાલાનો હુકમ ઉઠાવવામાંજ વાપર્યા હોય, તે જ્યાં દફન થાય છે ત્યાં તેની ઉપર ખુદાતાલાની મહેરબાનીની છાયા અને ફરિસ્તાઓની નીગેહબાની રહે છે. નેક રૂહ ઉપર જેવી ખુદાતાલાની રહેમ નજર હોય છે, તેવીજ તેના સંબંધ વાળા નેક શરીર ઉપર હોય છે. તેથી એવું નેક શરીર જ્યાં દફન કરેલું હોય છે, ત્યાં જવાથી ખુદાતાલાની રહેમ નજરનો હિસ્સો ન મલે એમ કહેવાય નહિ. ત્યાં જઇને ખુદાતાલાની તોહીદ કરે અને દરૂદ પડે તો તેને બહેકાવનારી વૃત્તીઓ દુર થઈ તેનું મન ચોખું થઇ જાય. ત્યા તે જઈ ચોકખી નઇયતથી એ જે કાંઇ ખ્યાલ કરે અને ખુદાતાલાની બંદગી કરે તેથી તેને ફાયદો થયા વિના રહે નહિ.

ઓલીયા મરતા નથી.

ઓલીઆઓની નેક રૂહ તેમના નેક શરીરથી અલગ થઈ નેક જગાએ જઇ શાંતિ સાથે વાસ કરે છે. આવી નેક રૂહ હંમેશાં ખુદાતાલાની રહેમ નજર અને શાંતિને લીધે કાંઈ ચીજમાં લપટાએલી કે ગુંથાએલી હોતી નથી. એટલે તે સ્વતંત્ર હોઇ તેને બીજા જીવતાં માણુસોની હાલત જાણ-વાનો તથા તે ઉપર નજર કરવાનો વખત મલે છે. પણ જે

લોકો હંમેશાં કાળાં ધોળાં કરી લોકોના ગળાં કાપી મરી ગયેલા હોય છે તેમની રૂહ તથા શરીર બનેએ કાંઈ પણ નેકી કરેલી હોતી નથી. એટલે તેમના શરીરને પણ પીડામાં પડવું પડે છે. અને રૂહને પણ પાપના કુંડમાં પડવું પડે છે.

તેમની રૂહ આપતમાં સપડાએલ હોવાથી તેને કોઇપણ ઠેકાણે જવાનો કે કાંઇપણ જોવાનો વખત મળતો નથી. અને બદીને લીધે તેને એજ હાલતમાં રહેવું પડે છે. એટલે તે મુરદા સમાનજ છે. પણ ઓલીયાઓની રૂહ નચીંત સ્વતંત્ર અને છુટી હોવાથી શકિત ધરાવે છે અને તેથીજ તેમના ગુજરવા પછી પણ તેમનાથી લોકોને ફાયદો પહોંચે છે.

આપણે જોઇએ છીએ કે જે સખસને હાકેમ ચાહે છે તેની સાથે ઓળખાણ કરવાને અને તેની મહોબત મેળવવાને બધા લોકો કોશીશ કરે છે. ત્યારે પછી ખુદા જેને ચાહે તેની મહોબત કરવા લોકો દોડે એ દેખીતું છે. હાકેમની ઓળખાણ વાળો માણસ કોઇની સીફારસ હાકેમને કરે છે તો તેને માનવી પડે છે. ત્યારે આતો ખુદાના ખાસ લાલ છે. માટે તેમની દુઆ કબુલ થાય એમાં નવાઇ જેવું કાંઇ નથી. જાદુગરના જાદુને લોકો કબુલ કરે છે તો પીરની કરામત કબુલ કરવામાં શું વાંધો છે. ?

"મલફુઝાતે ખ્વાજગાને ચિસ્ત"

નામની કિતાબના દીબાચામાં લખ્યું છે કે એક પ્રસંગે મોલવી ગુલામમોહમ્મદ ખાનસાહેબે કહ્યું હતું કે મહાત્મા-પીર મોલાના ફખરૂદ્દીન સાહેબ ચિસ્તી જ્યારે ગુજરવા લાગ્યા ત્યારે કેટલાક લાગતા વળગતા લોકોએ તેમને પૂછ્યું કે આપના સતસંગથી હમણાં સુધી અમને જે લાભ મળતો હતો તે આપના ઉઠી જવાથી અમને મળવો કઠણ છે. માટે આપ અમને કોઈ એવા બુઝુર્ગ-પીર-મહાત્મા બતાવો કે અમે તેમની સેવામાં હાજર થઇ ફાયદો મેળવી શકીએ. ત્યારે તેમણે ફરમાવ્યું કે ઓલીયા પીર મરતા નથી. પણ એક ઠેકાણેથી બીજે ઠેકાણે માત્ર જગા ફેરબદલ કરે છે. તેમનાથી લોકોને જેવો તેમની જીંદગીમાં ફાયદો પહોંચે છે, તેવોજ ગુજરવા પછી પણ પહોંચે છે. એટલુંજ નહિં પણ આ સ્થુલ શરીર સાથેનો સંબંધ છુટી જવાથી તેમની આત્મિક-રૂહાની શકિત ઘણે દરજ્જે વધી જાય છે. તેથી તમારે માટે પીર-ઓલીયાઓની દરગાહો અને તેમની શુભ વાણીઓ બસ છે. જો એ તરફ લક્ષ લગાડશો તો માગશો તેટલો લાભ મળશે.

પીર—વલી લોકોની કરામત ગુજર્યા પછી પણ કાયમ રહી શકે છે.

ઉપલા વિષય વિશે અખબારે ઇસલામના અધિપતિ

સાહેબ પોતાના તા. ૨૩ જાનેવારી ૧૯૧૫ના અંકમાં લખે છે કે હાલના જમાનામાં કેટલાક લોકો એવું માનતા થઈ ગયા છે કે પીર–વલી પોતાની કરામતથી જીવતાં તો દુનિયાદાર લોકોને ફાયદો પહોંચાડી શકે છે. પણ આ દુનિયાથી ઉઠયા પછી તેમની કરામત કાયમ રહી શકતી નથી. આવા ખ્યાલ કરનારા લોકો માટે હાલમાં વીલાયતમાં એક મહાન સાયન્ટીસ્ટસર ઓલીવર લૉજ નામના પ્રખ્યાત યુરોપીઅન વીદવાને એક જાહેર ભાષણ આપ્યું છે જે સાંજ વર્ત્તમાન પત્રના તા. ૨૧ જાનેવારી ૧૯૧૫ ના અંકમાં ૧૬ મા પાને અંગ્રેજીમાં પ્રસીદ્ધ થયું છે. એ વીદ્વાન આ બાબતમાં સાયન્સના આધારે એવી તો ઉમદા દલીલો રજુ કરે છે કે તે આપણે માનવીજ પડે હાલના કેળવાએલા સુધરેલા અને સાયન્સમાં આગળ વધેલા લોકો પીર લોકો મુવા પછી કરામત ચલાવી શકે છે એવું બાપોકાર જાહેર કરે છે ત્યારે આપણામાંનાં કેટલાક પોતાના અસલ શિક્ષણથી વેગળા જઈ તેથી ઉલટી રીતે માનવાનો નવો પ્રયત્ન કરવા લાગ્યા છે પણ તેમણે સમજવું જોઇએ કે સાયન્સની શોધખોળ કરનારા વીદવાનો એવા એવા નવા વીચારો દાખલા દલીલો સાથે દુનિયા આગળ રજુ કરશે કે જે લોકો પોતાના શાસ્ત્રના અસલ શીક્ષણને વળગી રહેશે તો ફાવી શકશે નહીં તો તેમને ટકી રહેવું મુસ્કેલ થઈ પડશે.

ઓલીયાઓનો મરતબો.

" મજમુએ તસવ્વુફ " નામની કિતાબના આહ્નાઝુલ ફો-ફોરા નામના ભાગમાં લખ્યું છે કે " હજરત અબદુલ્લા બિન માલીક રદી. થી નકલ છે કે મને મહુંમદ બિન અહ-મદ આબિદે કહ્યું કે હું જુમા (શુક્રવાર) ના દિવસે અ-સરની નમાઝ પછી બેતુલ મુકદ્દસમાં સુલેમાની દરવાજા આગળ બેઠો હતો. તેવામાં અચાનક બે સખસ ત્યાં આવ્યા અને થોડે થોડે છેટે બેઠા મેં ડરતાં ડરતાં તેમને પૂછ્યું કે તમે કોણ છો. અને ક્યાંથી આવો છો. ત્યારે જે તદન નજદીક હતો. તેણે જવાબ આપ્યો કે હું ખીદર પેગમ્બર છું, અને આ છે તે ઇલિયાસ પેગમ્બર છે તમે બીતાના. હું તમને એક દોઆ બતાવું છું. તે તમે જુમાના રોજ કીબલા તરફ મોંઢુ રાખી અસરની નમાઝ પછી પડવી શરૂ કરજો. આથી તમારા મનની મુરાદ પુરી થશે તે ઉપરથી હું ઘણો ખુશી થયો. અને બીક મટી ગઈ. પછી મેં અરજ કરી કે " આપને વલી લોકોની હકીકતો સારી રીતે રોશન હશે " ત્યારે તેમણે કહ્યું કે " હા સાંભળો જ્યારે મહાન હઝરત મોહમદ પેગમ્બર સલ્લામ રૂપી સૂર્ય આ દુનીઆમાંથી અસ્ત થયો, ત્યારે બધે અંધકાર થવા જેવું લાગ્યું. આથી પૃથ્વી—જમીને દીલગીર થઇ ખુદા આગળ અરજ કરી કે હે

પાક પરવર દીગાર તેં તારા હબીબ–પેગંબરને ઉઠાવી લીધા. એટલે મારૂં તો સર્વે ચાલ્યુ ગયું. મને શોકના દરીયામાં નાંખી દીધી. અને નકામી જેવી કરી નાંખી. હવે કયામત સુધી મારો ટેકો તો તેં કોઇ રાખ્યો નથી. ત્યારે ખુદાનો હુકમ થયો કે હે જમીન તુ ગભરાતીના તારે ખેદ કરવાની જરૂર નથી. હું તારા ઊપર એવા વલી લોકો પેદા કરીશ કે જેના નુરથી તને સૂર્યની માફક ચમકાવીશ–રોશન કરીશ. અને તને આસમાનથી વધારે શોભાયમાન કરીશ. તારૂં બધું કારખાનું તેમની મારફતથી હંમેશ મુજબ જારી રહેશે અને ખુદાએ કર્યું પણ તેમજ હર જમાનામાં વલી લોકો પેદા કર્યા અને તેમનાથી દુનીયાનું કારખાનું ચલાવ્યું. સફીનતુલ અઓલીયા નામની કિતાબમાં લખ્યું છે કે "પેગંબર પછી મહાન દરજાવાળા અને કરામતવાળા વલી લોકો છે. તેમની મહોબત અને તાજીમ કરવી, તેમની સાથે મળવું, તેમના ઊપર આકીન રાખવું, તેમની સાચા દીલથી ખીદમત–ચાકરી કરવી, તેમની પાસે જવું, તેમની જરૂરીઆતો તરફ જોવું, એ વિગેરે સેવાઓની ખુદા આગળ ગણુતરી થાય છે. કેમકે તેઓ શુરા પુરૂષો છે. જેણે તેમને રાજી રાખ્યા. તેણે ખુદાને રાજી રાખ્યો, તેઓ જ્ઞાની, નમ્ર, ઉદાર, નેક, સાચા અને શરીયત, તરીકત અને હકીકતના

પાબંદ હોય છે. તેમને સતાવવું એ ખુદાનો ગજબ અને કે'ર વ્હોરી લેવા જેવું છે. તેમને દુઃખ દેવાથી ખેદાન મેદાન થઈ જાય છે. અને સતીયાનાશ વળી જાય છે. અને તેમના દીદાર કરવાથી ગુન્હા દુર થઈ જાય છે. એટલુંજ નહિં પણ બંને લોકમાં કલ્યાણ થાય છે. તેમની સહોબતમાં રહેવાથી અને તેમની રહેણી અને સુકન પ્રમાણે વર્તવાથી ભારે દરજ્જો મળે છે. અને તેમની કબરોની જ્યારત કરવાથી મોટું ફળ મળે છે. "અબુલઆસ" કહે છે કે ખુદાના દોસ્તોનો હાથ પકડ કે તેઓ તારી શફાઅત કરે. જે કોઇ અલ્લાહના દોસ્તોની દોસ્તીથી મહોડું ફેરવે છે તે તેની સજાને પહોંચે છે. અને ખુદા તેને પોતાનો દોસ્ત ગણતો નથી. નેક માણસોની સોબત નેકી કરતાં વધારે અસર પેદા કરી શકે છે. ઓલીઆ અલ્લાહ સલામતીના સબબ હોય છે. તેમના પરતાપથી વરસાદ વરસે છે. અને એમના કદમની બરકતથી આબાદી થાય છે. જે કોઇ તેમની ખીદમત ખરા દીલથી સાત દહાડા કરે છે. તેમને સાતસો વરસની બંદગીનું ફળ મળે છે. અને જે પોતાના પીરની ખીદમત કરે છે તેને હજાર સાલનું પુન્ય મળે છે. તેમના હાથ ચુમવાથી હજારો ગુન્હા માફ થઇ જાય છે. અને દીન દુનીઆમાં તેનું દળદર દુર થઇ જાય છે. તેમની જ્યારત માટે જેટલાં ડગલાં ચાલીએ

તેટલોજ સવાબ મળે છે. એમનો હાથ પકડવો એ પેગમ્બર સલ્અમનો હાથ પકડવા સમાન. એવીજ રીતે એમની સાથે મહોબત કરવી એ ખુદાની સાથે મહોબત કરવા સમાન છે. કારણ કે તે તેનાં દોસ્ત છે. જો તે ન હોત તો દરરોજ હજાર બલાયો અને આફતો આવત. હજરત પીરાનપીર ફરમાવે છે કે ઓલીયા અલ્લાહ દુનીયાં અને આખરતના બાદશાહ ગણાય છે. અને જે વલી જે ઠેકાણે મુકરર થાય છે તે તે ઠેકાણાનાં હાકેમ ગણાય છે. હજરત અબદુલ્લા મગઝલી કહે છે કે મહાત્માઓના પગની બરકતથી દુનીઆની આફતો દુર થાય છે.

વલી લોકોની મહોબત.

"ઇસરારૂલ ઓલીયા" નામની કિતાબમાં મૌલાના પીર બદરૂદીન ઇસ્હાક સાહેબ લખે છે કે કયામતના દિવસે એક સખસને લાવવામાં આવશે. અને તેને તેણે કરેલી બંદગી (નમાજ, રોજા, હજ વગેરે) વિષે પુછવામાં આવશે. જ્યારે બંદગી વિષેનો સવાલ પુરો થઇ રહેશે ત્યારે હુકમ થશે કે એને દોઝખ–નર્કમાં લઇ જાઓ. પેલો સખસ અરજ કરશે કે મેં તો દુનિઆમાં ઘણાં નેક કામો કર્યા છે. મને જહાં-નમમાં શું કરવા લઈ જાવ છો. ત્યારે હુકમ થશે કે તું દુનીઆમાં મહાત્મા–પીર–વલી–દુરવેશ લોકોથી મોઢું ફેરવતો

હતો. તેથી અમે પણ આજે તારાથી મ્હોડું ફેરવીએ છીએ અને તારી ઇબાદત–ઉપાસનાને તારા મ્હોંડા ઉપર મારીએ છીએ. વળી એક બીજા સખસને ત્યાં લાવવામાં આવશે. તે ઘણી ભયભીત હાલતમાં હશે. તેને માટે હુકમ થશે કે તેને જન્નત–સ્વર્ગમાં લઈ જાઓ. એ સખસ હેરાન થશે કે મારી નેકી એટલી બધી નથી. તોપણ મને આવો હુકમ કેવી રીતે આપવામાં આવ્યો. ત્યારે હુકમ થશે કે હે સખસ તું દુનીઆમાં નેકી વધારે કરતો ન હતો. પણ તને જે કાંઈ મળતું તેનું દુરવેશોની સેવામાં હાજર કરી તેમની મહોબત માં ખરચતો હતો. તેથી દુરવેશ લોકોની દુઆને લીધે તું જન્નતમાં જાય છે. દુરવેશ લોકોની મીઠી નજર એ એક ઘણી ઉમદા ચીજ છે.

મલફુઝાતે ખ્વાજગાને ચિસ્ત નામની કિતાબમાં લખ્યું છે કે "પેગંબર સલ્અમ ફરમાવે છે કે 'જે શખસ જે લોકો સાથે મહોબત રાખે છે તે શખસ તેમનામાં ગણાય છે, વળી એક હદીસે કુદસીમાં ફરમાવ્યું છે કે 'અલ્લાહના દોસ્તોની વાતો કર્યા કરો, કે કયામતના દિવસે તેમની સાથે ઊઠવાનું બને.' મૌલાના અબદુલ્લ રહેમાન જામી સાહેબ પોતાની **નફહાતુલ ઇન્સ** નામની કિતાબમાં લખે છે કે એક દિવસે કેટલાક અસહાબોએ ભેગા થઈને હજરત પેગમ્બર સલ્અમને

પુછ્યું કે 'હે દીન દુનિયાના સરદાર, એક માણુસ એવો છે જે એક નેક કોમ સાથે મહોબત રાખે છે. પણુ તેનાં જેવાં નેક કામ કરી શકતો નથી તો 'તે કયા ટોળામાં (કયામતના દહાડે) હશે?' પોતે ફરમાવ્યું કે 'એ માણુસ જેની સાથે પોતે મહોબત રાખે છે તેની તેની સાથે હશે.'

વળી હજરત પેગમ્બર સલ્અમ ફરમાવે છે કે 'જે શખશ જેની સાથે મહોબત રાખે છે તે ઘણે ભાગે તેની વાતો કર્યા કરે છે.' ટુંકામાં વલી–મહાત્માઓનું વર્ણન કરવાથી બે શુમાર લાભ થાય છે. કારણુ કે તેમનું વર્ણન કરવું એ પણુ એક પ્રકારની બંદગી છે."

મલ્ફુઝાતે ખ્વાજગાને ચિસ્ત નામની કિતાબમાં લખ્યું છે કે "એક હદીસ (પેગમ્બરની વાણી) એવી છે કે કયામતના દિવસે એક શખશ એવો હશે કે જેનાં ખરાબ કામ સારાં કામ કરતાં વધારે હશે. તે બિચારો તે વખતે ઘણી નાઉમેદીમાં પડેલો હશે. તેવામાં ખુદાવાલા ફરમાવશે કે 'હે મારા બંદા, ફલાણા મહોલ્લાના ફલાણા બુઝુર્ગ–મહાત્માને પણુ તું ઓળખતો હતો?" તે શખશ અરજ કરશે કે હે પાક પરવર દિગાર, હું તેને ઓળખતો હતો અને તેના દીદાર–દર્શનનો પણુ મેં લાભ લીધો હતો, તે ઉપરથી ખુદા ફરમાવશે કે 'જા તેં એના દર્શનનો લાભ લીધો તેથી હું

તને માફ કરૂં છું.' વળી લખ્યું છે કે ખ્વાજા હાજી શરીફ ઝિન્દની જે ચિસ્તી સંપ્રદાયના એક મહાત્મા હતા તેમના જમાનામાં એક શખશ હતો. જે હંમેશાં ખોટાં કામ કર્યા કરતો હતો. આ શખશ ભોગજોગે ઉપલા મહાત્માની સેવામાં જઈ ચડ્યો અને તેમના દર્શનથી ભાગ્યશાળી થયો જ્યારે તે ગુજરી ગયો ત્યારે લોકોએ તેને સ્વપ્નામાં એક સારી જગાએ જોયો. તેમણે તેને પૂછ્યું કે ભાઈ તને આવો દરજ્જો ક્યાંથી મળ્યો. ત્યારે તેણે કહ્યું કે 'હું એક વખત પીર ખ્વાજાહાજીશરીફ ઝિન્દનીની સેવામાં હાજર થયો હતો અને તેમના દર્શનથી ભાગ્યશાળી થયો હતો એટલા માટે ખુદા તાલાએ મને આ મરતબો આપેલો છે. જ્યારે લોકો મને કબરમાં દફન કરીને ગયા ત્યારે ફરિસ્તા મને આવીને કનડવા લાગ્યા એટલામાં એક શખશ નુરાની ચહેરાવાળો આવ્યો અને પેલા ફરિસ્તાઓને કહેવા લાગ્યો કે એને સતાવશો નહીં. એ ખ્વાજા હાજીશરીફ ઝિન્દનીની સેવામાં એક દિવસ હાજર થયો હતો તેથી તેના સઘળા ગુન્હા માફ થઈ ગયાં છે.' "

સતસંગ.

વલી લોકો દુનીયાનાં ચિરાગ (દીવા) છે એમનો દુશ્મન દોજખી છે. અને એમનો દોસ્ત ખરો જન્નતી છે.

એમની વાત જ્યાં નીકળે છે. ત્યાં ખુદાની રહેમત થાય છે. કેમકે તેમનો દરજ્જો સૌથી ચઢતો છે. જ્યારે તેઓ દુનીયાંથી ઉઠે છે ત્યારે આસમાન અને જમીન રડે છે. ઇમાનવાળા-ઓને તેથી ઘણી દીલગીરી થાય છે. જે લોકો વલી લોકોને સતાવે છે અને તેમનું ભૂંડુ બોલે છે. તેમને વહેલી મોડી જરૂર સજા થાય છે. કારણ કે વલી લોકોના મહોંડામાંથી જે જે સુકન નીકળે છે તે કદી પાછો પડતો નથી. ખુદાતાલા તે કબુલ કરે છે* કુરાન શરીફમાં ફરમાવ્યું છે કે "ખરે-ખર અલ્લાહના વલી લોકોને કાંઈ પણ બીક નથી. અને તે-મને કોઇ દહાડો દીલગીર થવાનો વખત આવતો નથી §" કુરાને શરીફમાં સુરએ–કહફવાળા ભાગમાં ખુદાઓના પ્યારા-ઓની સહોબતમાં રહેનાર એક નેક કુતરા વીશેની એક બીના વર્ણવેલી છે. કહફ એ એફસુસ નામના શહેર પાસે એક પર્વતમાં (જીરમ નામની) ગુફા હતી. તે વખતે રાજા દકીયાનુસનો અમલ હતો. અને તે હકીમ રાજધાનીમાં રહેતો હતો. કહે છે કે આ દકીયાનુસે પોતાના રાજ્યમાં બધાને

---

* જુઓ મજમુએ તસવ્વુફ નામની કીતાબનું પાનું. ૨૧–૨૨–૨૩.

§ અલા ઇન્ના ઐાલીઆ અલ્લાહે લાખઐાફુન અલયહીમ વલાહુમ યહઝનુન

મૂર્તીપૂજા કરવાનો સખત હુકમ આપ્યો હતો. અને તેણે તે માટે એક મ્હોટું દહેરૂં બંધાવ્યું હતું. ૭ જણાઓ કે ખાસ ખુદાના પ્યારા હતા. તેમણે તેનું કહેવું માન્યું નહિં. તે ઉપરથી દકીયાનુસે તેમની ચીજભાવ લઇ લીધી અને કહ્યું કે હું તમને વખત આપુંછું. માટે વિચાર કરો. જો મારૂં કહેવું નહિ માનો તો હું તમને મારી નાંખીશ આ ઉપરથી પેલા છએ સખસો એ તકનો લાભ લઈ પોતાનું થોડું ઘણું લઇ બહાર નીકળી ગયા. રસ્તામાં તેમને એક ભરવાડ કેજે ખુદા નો દોસ્ત હતો તે મલ્યો. અને તેમની સાથે થયો તેનો એક કુતરો પણ તેની પાછળ પાછળ જવા લાગ્યો. આ જોઇ પેલા સખ્સોએ તેને હાંકી કાઢવા માડયો. તેથી ખુદાએ તે કુતરાને જીભ આપી, અને તે બોલ્યો, કે જેઓ ખુદાના પ્યારા છે તેમના ઉપર હું પ્યાર રાખુંછું. તમે ગુફામાં સુવા જાવ. અને હું તમારી ચોકી કરીશ. આથી તેમણે તેને સાથે લીધો. ભરવાડની સુચનાથી તેઓ એક ગુફામાં દાખલ થયા. અને ત્યાં આસરે ત્રણસેં વરસ સુધી રહ્યા. તફસીરવાળા લખેછે, કે આ કુતરો તેની નેક સોબતને લીધે જન્નતમાં જશે. હવે અહીં જોવાનું એછે કે જ્યારે કુતરા જેવું એક હલકું પ્રાણી ખુદાના પ્યારાઓની મ્હોબત અને સહોબતના લીધે જન્નતમાં જશે તો માણસ જાય એમાં શી નવાઇ!

પીરના દિદાર.

" **દલીલુલ આરેફીન** " નામની કિતાબમાં ખ્વાજા કુતુબદ્દીન સાહેબ લખે છે કે અજમેરવાળા હજરત ખ્વાજા મુઇનુદ્દીન સાહેબ ચિસ્તીએ એક દિવસ ફરમાવતા હતા કે આપણા **પીરનાં દિદાર**–દર્શન કરવા અને તેમની સેવા કરવી એ પણ એક પ્રકારની બંદગીછે. વળી આગળ ચાલતાં પોતે ફરમાવ્યું કે પહેલાં એક સખસ થઇ ગયોછે જે ઘણોજ પવીત્ર અને ધર્મિષ્ટ હતો. તે ખુદાની એટલી બધી બંદગી કરતો હતો કે એક પળ પણ ખાલી જતી નહી. જયારે તે ગુજરી ગયો ત્યારે લોકોએ તેને ખ્વાબમાં જોયો અને પુછયું કે ખુદાતાલાએ તમારો હીસાબ કેવી રીતે લીધો. ત્યારે તે કહેવા લાગ્યો કે તેણે મને થાર કરી બક્ષી દીધો. લોકોએ પુછયું કે તમારૂં કયું કામ તેણે પસંદ કર્યું ! ત્યારે તેણે કહયુ કે મને હુકમ થયો કે તું પીરની સેવા કરવામાં જરા પણ પાછો પડયો નથી તેથી તને માફ કરવામાં આવેછે. વળી ખ્વાજા સાહેબે ફરમાવતા હતા કે કયામતના દિવસે નબીયો તથા ઓલીયા લોકો કબરમાંથી ઉઠશે ત્યારે તેમના ખભા ઉપર એક કામળ હશે આ કામળ એક લાખ આણા તથા એક બાણાની હશે. તેના તાર મુરીદ લોકો પકડશે. અને પુલ સિરાતનો ત્રીસ હજાર વરસનો ઘાંટીવાળો રસ્તો પેલી કામળીની બરકતથી એક પળવારમાં પાર કરશે. અને જન્નતમાં દાખલ થશે.

પીર ઉપર આકિન.

હજરત બાવા ફરીદ સાહેબ શંકરગંજ ચિસ્તી પોતાની "**ફવાએ દુસ સાલેકીન**" નામની કિતાબમાં લખેછે કે એક દિવસ મારા પીર ખ્વાજા કુતબુદ્દીન આગળ **મુરીદના આકીન** વિષે વાતચીત થઇ રહી હતી. તે વખતે ખ્વાજા કુતબુદ્દીન સાહેબે ફરમાવ્યું કે બગદાદમાં એક દુરવેશ–ફકીરને પકડીને કાજીની પાસે લઇ આવ્યા. કાજીએ ચોકસી કરીને તેને કતલ કરવાનો હુકમ આપ્યો. કતલ કરનાર માણસ ફકીરને મુકરર કરેલી જગાએ મારવા લઇ ગયો. અને તેને કીબલા (મકકા) તરફ મોં કરીને ઉભો રાખ્યો. અને કતલ કરવાની તૈયારી કરતો હતો. એટલામાં પેલા ફકીરે કિબલા તરફથી મ્હોં ફેરવીને પોતાના પીરના મઝાર (કબર) તરફ કરી લીધું. કતલ કરનાર માણસે કહ્યુ કે મોત વેળાએ મ્હોંડું કિબલા તરફ કરવું જોઇએ. પેલા ફકીરે કહ્યું કે તું તારે તારૂં કામ કર. મારૂં મ્હોં તો મારા કિબલા તરફ જછે. પેલા બંને જણ વચ્ચે આમ રકઝક ચાલતી હતી એવામાં એક માણસ બાદશાહ તરફથી હુકમ લઇને આવ્યો કે એ ફકીરનો ગુન્હો બાદશાહે માફ કર્યોછે. માટે તેને છોડી મુકો. તે પછી ખ્વાજા કુતબુદ્દીન સાહેબે ફરમાવ્યું કે જુઓ એ ફકીરે પોતાનું આકિન પોતાના પીર ઉપર દ્રઢ રાખ્યું તો આફત

પણ તેને કાંઇ કરી શકી નહીં. વળી બાવા સાહેબે આગળ ચાલતાં ફરમાવ્યું છેકે મુરીદે જેવી રીતે પીરની અદબ પોતે તેમની હાજરીમાં કરેછે તેવીજ પીર યાદ આવતાં તેમની ગેર હાજરીમાં પણ કરવી જોઇએ. અને જ્યારે તેઓ દુનિયાથી ઉઠી જાય ત્યારેતો તેમની અદબ તેથી પણ વધારે કરવી જોઇએ

પીરની અદબ.

મુરીદોએ પીરની સેવામાં હંમેશાં અદબથી હાજર રહેવું જોઇએ. સુલુકની કીતાબોમાં લખ્યું છે કે જે મુરીદ પીરની આગળ અદબથી રહે છે, તેના ઉપર પીરની મહોબત થાય છે. અને અલ્લાહતાલાની તેના ઉપર રહેમત થાય છે. તેમજ તે કોઇ ચીજનો મહોતાજ રહેતો નથી. મુરીદે કેવી રીતે ચાલવું જોઇએ તેનું બિયાન (વર્ણન) સુલુકની કીતાબોમાં નીચે પ્રમાણે આપ્યું છે.

૧. પીર ઉપર પાકું આકીન રાખવું જોઇએ. અને જે જે સારી સારી વાતો પીર કહે તે ઉપર ખરા દીલથી ધ્યાન આપવું જોઇએ. જે કોઇ આથી ઉલટો ચાલે છે તેને પીરના હાલ તથા ભેદની ખબર પડતી નથી. મુરીદે પીરની ખીજમત અને સેવા ચાકરી પોતાની નજાત (મુક્તિ)નું એક કારણ સમજવું જોઇએ. " જેનો પીર નહીં તેનો પીર

શેતાન છે. " એ ઇસ્લામના મહાન બુઝુર્ગોનું કહેવું ધ્યાનમાં રાખવું જોઇએ.

૨. પીરની સેવા કરવામાં પોતાના જીવની પણ દરકાર ન કરવી જોઇએ. જો મુરીદ આ પ્રમાણે કરે તો તે પોતાની ઉમેદને પહોંચે એમાં શક નથી. ઘણી વખત તેની પરીક્ષા પણ થાય છે. માટે તેણે નહિં ગભરાતાં પોતાના આકીનમાં કાયમ રહી પીરની અદબ કરવામાં કાંઇ પણ ખતરો (શક) લાવવો ન જોઇએ.

૩. પીરના હુકમની કદી ના ફરમાની ન કરવી જોઇએ. તેમના હુકમ ઉપર રાજી રહેવું જોઇએ. કારણ કે તેમ કર્યા વગર આગલો રસ્તો સુઝતો નથી.

૪. પીરની તરફ કોઈ વાતે અણગમો ન બતાવવો જોઇએ. કારણકે તેઓ પીર હોવાથી ખુદાતાલાના હુકમ પ્રમાણે ચાલે છે. ખોટી રીતે ચાલે તો પીર કહેવાય નહિં.

૫. દીનનું કે દુનીયાનું કોઇપણ કામ પીરના હુકમ સિવાય થોડું કે બધું કદી કરવાનું માથે લેવું ન જોઇએ.

૬. પીરની રીતભાત, નરમાશ અને તેમની મહેમાનદારીને હલકી ગણવી ન જોઇએ. અને જે વાત પીરને પસંદ ન હોય તે તરફ મુરીદે વલણ કરવું ન જોઇએ.

૭. જે કાંઈ ભેદની વાત મુરીદે જાગતાં કે સ્વપ્નામાં જોઈ હોય તેનો ખુલાસો પીરના જ્ઞાનથી મેળવવો જોઇએ.

૮. હંમેશાં પીરના વચનના આતુર રહેવું જોઇએ. અને જોવું જોઇએ કે પીર શું ફરમાવે છે. કારણ કે તેમની જીભ ખુદા તાલાના કમાલ સાંભળવાનું એક સાધન છે. જે કોઈ આકીનથી આવું કરે છે. તે કદી પીરના કમાલની બરકતથી બેનશાબ રહેતો નથી.

૯. પીરની આગળ કોઈ દહાડે મોટેથી બોલવું ન જોઇએ. કારણ કે એમ કરવું એ બહુ મોટી બેઅદબી છે.

૧૦. પીરની આગળ હસ્યા મસ્કરી કરવી ન જોઇએ એમ કરવાથી પીરની બેઅદબી થાય છે. કારણ કે હસ્યા મસ્કરી કરવાનો ખુદાનો હુકમ નથી.

૧૧. પીરની આગળ નકામું બોલ બોલ ન કરવું જોઇએ કારણ કે તેમ કરવાથી તેમની યાદમાં ખલલ પડેછે, અને મુરીદની બેઅદબી ગણાયછે.

૧૨. પીરનો મરતબો સૌથી મોટો સમજવો જોઇએ. જે વાત પીરને કહેવા જેવી ન હોય તે કહેવી ન જોઇએ. અને બેફાયદા (નકામી) પૂછપૂછ કરવી ન જોઇએ.

૧૩. પીરનો ભેદ કોઇને કહેવો ન જોઇએ. મુરીદને ગેબ થી ખબર પડે તો પણ તેણે ખોલવો ન જોઇએ. કારણ કે એવું કરવાથી દુનીયા તેમને ચેન દેતી નથી.

૧૪. પોતાની હકીકત પીરને જાહેર કરવી જોઇએ જે ભેદ તેના જોવામાં આવે તે પીરને કહેવા જોઇએ કે કદાચ તેમાં કાંઇ સુધારો કરવા જેવું હોય તો પીર કહે.

૧૫. પીર આગળ પગ લાંબા કરીને બેસવું અગર ત્યાં સુઇ રહેવું કે થુંકવું કે હુકો બીડી પીવી કે ત્યાં કોઇ સાથે કુજીઓ કરવો એ બહુ બેઅદબી ભરેલું છે માટે તેમ કરવું ન જોઇએ.

૧૬. પીરને દીનની (જ્ઞાનની) વાતો પૂછવી પણ નિરર્થક દુનીયાની વાતો પૂછી તેમને કંટાળો આપવો ન જોઇએ.

૧૭. પીર કરે તે ન કરવું. પણ કહે તે કરવું જોઇએ

૧૮. પીર કરતાં હું પોતે હુશીયાર છું કે વધારે ઇલમ વાળો છું એમ ગણવું ન જોઇએ. કારણકે તેમનો મરતબો ખુદાએ મોટો બનાવ્યોછે.

૧૯. પોતાના માલ કે દોલતની મોટીમોટી વાતો પીર આગળ કરવી ન જોઇએ. કારણકે તેઓ જાણેછે કે તમે પૈસાની મહોબત ઘણી રાખોછો.

૨૦ પીર અમારા વગર બેસી રહેશે અને તેમને અમારા વગર ચાલવાનું નથી એવો વિચાર કરવો એ મોટામાં મોટી બે અદબી છે તેઓ ખુદા સિવાય કોઇની દરકાર રાખતા નથી

૨૧ પીરને ઝુકીને અદબથી સલામ કરવી જોઇએ અને તેમની દસ્ત બોશી કરવી જોઇએ.

પીરના ઉંચે અગર તો તેમની બરાબર કદી પણ બેસવુ ન જોઇએ કારણકે તેમ કરવાથી ઘણી બેઅદબી થાય છે અને મુરીદ જાહેલ ગણાયછે. પીર પણ ખરા પીર જોઇએ. તેમનો નફ્સ (જીવ) મરેલો જોઇએ. તેમનામાં જરાપણ અભિમાન ન જોઇએ. જેને આપણે જાણીએ છીએ, અને જેમના ખાનદાન, ઇલમ, રીતભાત, રહેણી કરણી વીગેરેથી વાકેફ છીએ, તેવા ખુદાના રસ્તાવાળા પીર સાથે સંબંધ જોડીએ તો કાંઇ ફાયદોએ થાય. કાંઇ રસ્તે જનારને પીર બનાવી બેસાડવાથી કાંઇ વળતું નથી. તે તો ખાઇ જાય છે અને લઇ જાયછે. એવા ઘણા દાખલા આપણે સાંભળ્યા છે અને વળી જોયા પણછે.

માંગરોળવાળા મહાન પીર મોટામીયાં સાહેબના પડછા.

એ વિષે અખબારે ઇસ્લામના અધીપતિ સાહેબ પોતાના તા. ૧૨–૫–૧૪ના અંકમાં લખે છે કે એ નામની કીતાબ તેના પ્રસીધ્ધ કરતા માસ્તર કાસમભાઈ સુલેમાનભાઇ તરફથી અભિપ્રાય અરથે મળી છે. પીર મોટા મીઆં સાહેબ હાલના જાણીતા પીરજાદા મોટામીઆં સાહેબ (સચીન સ્ટેટના નાયબ દીવાન અને કડી તરફના શહેર કાઝી) ના વડીલ થાય છે.

કીતાબ ઉપરથી જણાય છે કે પીર સાહેબના ચમતકારો ખાસ મનન કરવા જોગ છે. પાણી ઉપરથી ચાલી જવું, સાપ કરડેલાનું હોંસમાં આવવું, સચ્ચી પેશીન ગોઇ, મસ્ત સાંઢનું નરમ થઇ જવું, એ વીગેરે અનેક ચમત્કારો વાંચવા જેવા છે. પોતાના પીરની શકતી કેવી હતી તેનું અજવાળું આ કીતાબ મુરીદોની અંધારામાં રહેલી સંખ્યા ઉપર સારી રીતે પાડી શકશે. મુરીદોએ ખસુસ કરીને આ કીતાબ પોતાની પાસે સંગ્રહી રાખવી જોઇએ. કીતાબના પાછલા ભાગમાં ઓલીઆની જ્યારત, મસ્તઓ, અને પીરની અદબ એ હકીકત દાખલ કરવામાં આવી છે તે ઘણું સારૂ કીધું છે. હાલના વખતમાં એ દાખલ કરવાની જરૂર હતી. કીતાબ ગુજરાતી ભાષા અને ગુજરાતી હરફોમાં છે. તેનાં ૬૮ પૃષ્ટ છે. તેના પ્રસીધ કરતા માસ્તર કાસમભાઈ સુલેમાનભાઈ ઠે. સદર બજાર મુ. કડી. અમારા અખબારે ઇસ્લામમાં આ ચમત્કારો અગાઉ પ્રગટ થએલા છે જેથી અમારા વાંચનારા અજાણ નહીં હશે.*

માંગલોરવાળા મહાન પીર મોટામીયાં સાહેબના પડછા:— એ વિશે વડોદરાના સયાજી વિજય પત્ર પોતાના તા. ૨૩ જુલાઇ ૧૯૧૪ના અંકમાં લખેછે કે.

---

* અખબારે ઇસલામ—મુંબાઇ તા. ૧૨ માહે મે સન ૧૯૧૪ માં ઉપલી હકીકત છપાઇ છે.

એ નામનું નાનું પુસ્તક જુદા જુદા પત્રો ઉપરથી સંગ્રહ કરી કડી વાળા માસ્તર કાસમભાઇ સુલેમાનભાઇએ પ્રસીધ કર્યુંછે જેમાં પીર સાહેબે શાંતિ અને દયા ભાવ વગેરે સદ ગુણોથી મુરીદોને બતાવેલા પરચાઓનું રસીક વર્ણન કરેલુંછે જે વાંચતાં એ મહાન પીર સાહેબ તરફ સર્વે કોઇને માનની લાગણી થયા વિના રહેતી નથી એ મહાન પીર સાહેબ કડી ના કાજી અને સચીનના નાયબ દીવાન મે. મોટામીયાં પીર જાદા સાહેબના પુર્વજ હોઇ આ દેશમાં શુ વિખ્યાત છે.

આ દેશના મુસલમાનભાઇઓ ગુજરાતી ભાષા બોલતા હોવા છતાં તેમના ધર્મને લગતુ કે પીરો અને ઓલીઆ વાગેરે મહાત્માઓનાં જીવન ચરિત્રો વગેરેનું સાહિત્ય ગુજરા તી ભાષામાં ઘણુંજ થોડું હોઇ આવાં પુસ્તકો વધારે પ્રમાણ માં બહાર પડવાની જરૂરછે.

ભરૂચના હાફેજી હુસેનભાઇ જેઓ કઠોરમાં રહેતા હતા તેમણે આ નીચેના કસીદા બનાવ્યા છે જે મુરીદોની જાણ માટે અહીં આપવામાં આવ્યાછે.

કસીદા.

કરિશ્મે હેં બહોત જાહિર, તુમ્હારે પીર મંગરોલી;
મ્સી બાઇસ તુમ્હે કહેતેહેં, સારે પીર મંગરોલી.
૧. ન કુચ્છ દુનિયાકી દેહશત હે, ન મેં ઉકબાસે ખાયફહું.

૨. બહોત હેં મુઝકો યે તેરેં, સહારેં પીર મંગરોલી.
૩. અજબ ક્યા યેં મેરી સોતી હુઇ, તકદીર જાગ ઉઠે.
કભીહો ખ્વાબમેં તેરે, નજારે પીર મંગરોલી.
૪. કોઈ પુછે હમે તો પાંચ ક્યા, લાખું મેં યે કેહદેં.
હમારે હેં હમારે હેં, હમારે પીર મંગરોલી.
૫. તરીકતકા હરેક રસ્તા, હરેક મંઝિલ નકયુંતએ હો.
તુમ્હારે જબ મિલેં હમકો, સહારે પીર મંગરોલી.
૬. બરાએ હજરતે ખાજા મુઇનુદ્દીન અજમેરી.
પએ તસ્કીને દિલ હો અબ, ઇશારે પીર મંગરોલી.
૭. ન કયું અરમાને દિલ નિકલે, હુસેને ખસ્તા ખાતિરકે.
ખુદા ઓર મુસ્તુફાકે તુમ હો, પ્યારે પીર મંગરોલી.

કસીદા.

ઉર્સે મોટામીયાં મેં આને હેં, દિલકા મકસદ વોહ જલ્દ પાતેહેં.
૧. હો નિગાહે કરમકે હમ ક્યા ક્યા, દર્દે દુરકતમેં તલમલાતેહેં.
૨. નામ ઇન્કા જહાંમેં હે રોશન, આશિકે પીર જો કહાતેહેં.
૩. હે નવાજિશકેમેં યેહ સુનતાહું મુઝકો મંગરોલમેં બુલાતેહેં.
૪. બે તલબ પાતેહે હરેક મકસદ, ઉર્સને પીર જો બડાતેહેં.
૫. જોકે સજ્જાદેહેં વહાં હઝરત, વોહ મેરે માહેરબાં કહાતેહેં.
૬. ઇસ્કે મુર્શદ હે જીસ્કે દિલમેં હુસેન, ખુદ બખુદ વજદ મેં
વો આતે હેં.

કસીદા.

ઉર્સકે દિન ઇધર આએ, ઇધર આયા મંદલ.

એક ખુશીસે ખુશી મંગરોલમે લાયા સંદલ.

૧. મોતકિદ ઓર મુરીદ દસ્તરેહ કહેતેહેં સભી
હમને મોટામીયાં મુર્શદકાકે પાયા સંદલ.

૨. કયા બયાં મુઝસે હો ઇસ મર્કદે અકદસકા વિકાર
બા અદબ સબને વુજુ કરકે ચળાયા સંદલ.

૩. કયા અજબ ઉસ્કો શિકાયત ન કીસી દર્દકી હો
ખુશ અકીદતસે અગર જીસ્નેંકે ખાયા સંદલ.

૪. દેખનાયે હે કે કિસ નાજસે કિસ ઉલ્ફતસે,
આપકે મર્કદે અન્વર પે લગાયા સંદલ.

૫. રેહમને હક લગી ઉસ વકતપે નાઝિલ હોને
ખ્વાજમંદુંને જબ સરપે ઉઠાયા સંદલ.

૬. યે ભી મોટામીયાં સાહબકા હે અલ્તાફ હુસેન
મુઝકો સુરતસે હે મંગરોલમેં લાયા સંદલ.

હાલના પીર મોટામીયાં સાહેબની શાનમાં સુરતના કારીહાજી સાદકમીયાંએ કહેલો કસીદો તેમનું તખલ્લુસ "આસી" છે.

દર વાલા શાન સાહબ મુન્કબત જનાબ પીરજાદા મોટા મીયાં સાહબ સજ્જાદા નશીનદર કસબએ માંગરોલ.

૧. બજાહિર તુમ સરે મંગરોલકે મસ્નદ નશીં તુમ હો
મગર મોટામીયાં યા પીર દસ્તે આખરી તુમકો.

૨. ફુગ્નુ ત્રહ્મેમેં ઓજે આસમાંસેભી કહીં તુમ હો.
કે જીસ્મે દફ્ને ગંજે મારફત હે વો જમીં તુમ હો.
૩. તુમ્હારે સામને હર એહલે—રફઅત પસ્ત હોતા હે,
નહીં હાજત હે જીસ્કો સીમો જરકી વો અમીં તુમ હો.
૪. હજારૂં મન્જીલુંકા ફાસ્લાહે યુંતો જાહિરમેં
વસઝિબ્વરમે મગર આકા જહાં ચાહું વહીં તુમ હો.
૫. શરફ હાંસિલહે પીરાને તરીકત કૅશકો તુમસે
મુકરર ખાતિમે દસ્તે હકીકત કે નગીં તુમ હો.
૬. મિલા ઇસ્કે રસુલિલ્લાહમેં દરજા ખિલાફતકા
હબીબે દો જહાં મકબૂલે રબ્બુલ આલમીં તુમ હો.
૭. તુમ્હારે દમસે હરદમ ગુલ્શને મંગરોલ તાજા હે,
બજાહે ગર કહું આકા બહારે બાગે દીં તુમ હો.
૮. ગુમાં હોતાહે જબ ખલ્કે ખુદાઝુકતીહે આ આ કર
જીસે સબ ગૅાસ કહેતેહે કહીં તો વો નહીં તુમ હો.
૯. હે અહલુલ્લાહ મેં રૂત્બા ફનાફિલ્લાહકા તુમકો.
મુકરેબ બારગાહે એઝદીસે બિલ્યકીં તુમ હો.
૧૦ ઉસે મેહશરકા ખટકા ઓર ન ગમ આસેબે આલમકા.
કે હામી જીસ વતનકે અએ શહે દુનિયાં ઓદીં તુમહો.
૧૧ શફા પાતેહેં બીમારે અલમ દીદારે અકદસ સે,
મેરે આકા મદાવાએ દિલે અંદોહગીં તુમ હો.
૧૨ સીખીહે મુન્કેઅત ભી એક નએ અંદાજ સે આસી.
ગજબકી તએ હે એ મિસ્લ મજનું આખરીં તુમ હો.

૭૮૬

વડોદરાવાળા ભગત અચ્ચુમીંયાં જમાદારે તૈયાર કરેલાં

ભજન ૧ લું.

તમેતો છો નિરાકારી, રે ઓ બડામીઆં તમેતો છો નિ. ટેક
અલખ નિરંજન નામ તમારૂ, નિશ્ચે છો બ્રહ્મ અવતારી.
વેદ કિતાબ ગુણ ગાય તમારા. શેષનાગ રટીરટી હારી—૧
દુનિયાંને કાજે અવતાર લીધોછે પાપ થાયછે ઘણા ભારી
જે કોઈ આવે ચરણે તમારા, જમડા તેનાથી જાય હારી—૨
શરઇ, સુફી, સાલિક, આરિફ યાદ કરેછે તમારી;
દસે અવતારમાં અંશ તમારૂં વાહલા; દેખાવછો મહંમદ અવતારી૩
કાજી પંડિત ભણી ભણી ભુલ્યા; રસ્તો રહ્યોછે ન્યારી
અલ્પ બુદ્ધિનો દાસ બચ્ચુઆ; ચર્ણ પર જાયે વારીવારી—૪

ભજન. ૨ જું.

(રાગ કાફી.)

માંગલોરમાં દેખાયારે; સંત એક ખરા ખરી;
અદ્વૈત ઓળખાયારે અવિનાશિ આપ હરીરે જી.—
સકળ શાસ્ત્ર નિપુણછે; વેદનો જાણે ભેદ
ભેદ જાણીને અભેદ રહ્યાછે, નથી કાંઇ ભેદાભેદ
વાત સાચી કહુંછું રે એમાં નથી ખોટી જરી.
ખટવિકાર ઉર્મિ રહિત, વિચરે છે દિનરાત.
અચલવૃત્તિ ન્યાય દૃષ્ટિ અને વળીછે શાન્ત

દર્શન સૌ કરજોરે, પાપ તમારા જાશે પરી.
બાવામીયાંના દીકરા, બડામીયાં છે નાન
ચિસ્તીયા, સાબીરીયા, વળી ફરીદીનું આછે ઠામ
ફિબ્રામ ફિમર પોતેરે, દાશ થઇ ગુણ ગાયા હરી.
સંવત ૧૯૬૯ના પોસ માસ કહેવાય
નવમી ને ગુરૂવાર છે, અગીઆર વાગ્યાની માંય
બચ્ચુને દર્શન થયાંરે. લાગી એમના પ્રેમની છરી.

સાખીઓ.

બડામોટા એક હે, ભિન્નભાવ મત જાણુ
કાયાનાં નામ જુદાં જુદાં; ચેતન એક પ્રમાણ—૧
પીર પરમેશ્વર એકછે, ભિન્નભાવ મતપેખ,
આપકુ ફના કરકે, મુરશીદ બકા દેખ.—૨
નામ રૂપનો નાશ થયો, ગુણનો નાશ નાંહિં
સત્વગુણનો પ્રત્યક્ષ, દેખાયછે દુનિયાં માંહી—૩
સત્વગુણ એજ સતછે, સ્વરૂપી દેખાય
તત્વે તત્વ મલી જવાથી, ચેતન અરૂપી થાય—૪
અરૂપી એજ પરમાત્મા, જીવતા સ્વરૂપ જણાય
સ્વરૂપ અરૂપના ભેદને, સમજે મહાસુખ થાય—૫
મહાસુખ એજ પ્રેમછે, અચલ પદ અવિનાશ
જન્મે મરેજે નહીં, તે સાચો કહીએ દાશ—૬
દાસ બચ્ચુની વિનંતી, સાંભળો ગરીબ નવાજ
ચર્ણ કમલમાં રાખજે, સુધારજે મારા કાજ—૭

સોમવારે આવીશું, દર્શન દિદાર કરવા
આવીને તો પુંછીશું. દેવ ગણપતિ ગરવા

શાખી.

રાજ ગુરૂની પોળમાં, ઘંટીઆડાની પાસ
જમાદાર બચ્ચુમીયાં નામછે વડોદરામાં વાસ

સમાપ્ત.

" પીર મોટામીઆં સાહેબના પડછા "

અગાઉ થએલા ગ્રાહકોના મુબારક નામ

૧૫ કાસમભાઇ ઇસબભાઇ મોહન — મુ
૨૫ રસુલભાઇ જીવાભાઇ ખાવડીઆ
૧૦ સુલેમાનભાઈ મુસભાઈ — ,,
૧૦ ઇસબભાઇ અલીભાઈ મોઠા — ,,
૧૦ મહમદ સુલેમાન બશર — ,,
૧૦ દરવેશ નુરભાઈ પટેલ — ,,
૫ રસુલ ઇબિરાહીમ ગંટાર માસ્તર — ,,
૫ દાઉદ સુલેમાન પટેલ — ,,
૧૦ ઉમરભાઈ કરીમ અછવા — ,,
૫ દરવેસ દાઉદ જમાલ — ,,
૧૦ અભરામભાઈ કરીમ માળવી — ,,
૫ કાશમભાઇ ઇસબભાઇ — ,,
૫ આકુબ અમદ બસર — ,,
૫ મી. ગુલામમહોમદ હાસમ મેહતર. — રાંદેર.